ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૫ અંક : ૪ એપ્રિલ ૨૦૧૩ સળંગ અંક : ૪૯૮

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

**CHARUTAR VIDYAMANDAL**

**VALLABH VIDYANAGAR**




વલ્લભ વિદ્યાનગરના ૬૮મા સ્થાપના દિન નિમિત્તે ગત ૩ માર્ચના રોજ ચારુતર વિદ્યામંડળે(સીવીએમ)યોજેલા ઓચ્છવને સંબોધી રહેલા સીવીએમના પ્રમુખ તથા સમારંભના મુખ્ય અતિથિ ઉદ્યોગપતિ શ્રી પ્રયાસ્વિનભાઈ બી.પટેલ. સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા સમારંભમાં મંચસ્થ મહાનુભાવોમાં ડૉ.પટેલ ઉપરાંત સીવીએમના ટ્રસ્ટી શ્રી હેમંતભાઈ પટેલ, માનદ મંત્રી પ્રિ.આર.પી.પટેલ અને માનદ કાર્યકારી મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ, પાલિકા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ(બાબાભાઈ) પટેલ તેમજ ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના મંત્રી શ્રી જિજ્ઞેશ પટેલ હતા.



સીવીએમસંચાલિત સેમકોમના વાર્ષિકોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે પધારેલા આઈએએસ અધિકારી અને કવિ શ્રી ભાગ્યેશ જહાને સ્મૃતિચિહ્ન અર્પણ કરતા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ. તેમની સાથે સીવીએમના માનદ કાર્યકારી મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ તથા કોલેજના નિયામક ડૉ.નિખિલ ઝવેરી  દશ્યમાન છે.

# વિ – વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

એપ્રિલ ૨૦૧૩
વર્ષ : ૧૫ અંક : ૪
(સળંગ અંક ૪૯૮)

**ચારુતર વિદ્યામંડળ**
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**
૧૯૪૫

कर्मण्येवाऽधिकारस्ते





**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

**સંપાદન**

ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

**સંપાદન-સહાય**

શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી

**પ્રકાશક**

પ્રિ. આર.પી.પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી

**અધ્યક્ષ**
ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**
પ્રિ. આર.પી.પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**
પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ સહમંત્રીઓ**
શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ
ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ • ડૉ. જે.ડી. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો,કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચારકણિકા**

**કોઈનો સ્નેહ ક્યારેય ઓછો નથી હોતો;**
**આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.**

● હરીન્દ્ર દવે

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

એપ્રિલ ૨૦૧૩
વર્ષ : ૧૫ અંક : ૪
(સળંગ અંક ૪૯૮)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**यद् यद् आचरति श्रेष्ठः**
**तद् तद् एव इतरो जनः ।**
**स यत् प्रमाणं कुरुते**
**लोकः तदनुवर्तते ॥**

**શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે તેનું અનુસરણ સામાન્ય જનો કરે છે અને પોતાના આચરણથી તે (શ્રેષ્ઠ પુરુષ) જે કાંઈ ધોરણ સ્થાપે છે તેને લોકો પણ અનુસરે છે.**

શ્રીમદ્ ભગવદ્ગીતા : ૩-૨૧

॥ અધ્યક્ષસ્થાનેથી ॥ શિક્ષણ : રાજ્ય સરકારનો હસ્તક્ષેપ ★ ડૉ.સી.એલ.પટેલ
॥ પ્રાથમ્ય ॥ પૂર્વ રાજવી પરિવારના મિયાં અજાતશત્રુનું કાશ્મીરી ઉંબાડિયું ★ હરિ દેસાઈ / 1
॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥ ★ કવિ દુલા ભાયા કાગ / 3
॥ ગદ્ય વિભાગ ॥ મર્યાદાપુરુષોત્તમ શ્રી રામચંદ્ર ★ ક.મા. મનુશી / 4
॥ નવાં કાવ્યો ॥ ★ પરાજિત ડાભી, ગુણવંત ઉપાધ્યાય, કિશોર મોદી, સાહિલ / 6
॥ લઘુનવલ ॥ ફૂલ વિનાની વેલ ★ કિરીટ ગોસ્વામી / 7
॥ સંશોધન ॥ આદિવાસીઓના 'સરદાર' ★ અરુણ વાઘેલા / 9
॥ દીક્ષાંત વ્યાખ્યાન ॥ કૃષિ ઉત્પાદકતા જાળવીએ ★ એપીજે અબ્દુલ કલામ / 15
॥ દીક્ષાંત વ્યાખ્યાન ॥ આંબલીથી લીમડા સુધીઃ આપણી વિદ્યા-યાત્રા ★ સિતાંશુ યશશ્ચંદ્ર મહેતા / 21
॥ વ્યાખ્યાન ॥ ઈસરો સરકારી સંસ્થા હોવા છતાં આટલી સફળ કેમ? ★ રાજેન્દ્રપ્રસાદ દુબે / 24
॥ Convocation Address ॥ Towards a World Class University ★ R. A. Mashelkar / 27
॥ Analysis ॥ A prudent budget in times of Global Economic Slowdown ★ Sunny Thomas, Waheeda Thomas / 30
॥ તાલીમ ॥ ॥ જેલ સુધારણા અભિયાન★ કે. એમ. મકવાણા / 32
॥ આસ્વાદ ॥ અહીંથી અલવિદા... ★ રાજેન્દ્ર ઉપાધ્યાય / 34
॥ નવપ્રકાશન ॥ મારો ઊભરાતો આત્મવિશ્વાસ ★ જુવાનસિંહ જાડેજા / 36
॥ રમન્તે તત્ર દેવતા ॥ બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ ગ્રંથોઃ ★ પારુલટીના દોશી / 38
॥ વિદ્યાવૃત્ત ॥ / 40

# શિક્ષણ : રાજ્ય સરકારનો હસ્તક્ષેપ

શિક્ષણ એ કોઈપણ પ્રજાના વિકાસ અને સમૃદ્ધિ માટે અગત્યની ભૂમિકા ભજવે છે. છેક બાળપણથી યુવાન વય સુધી એક પછી એક તબક્કા ઓળંગવા માટે જુદા જુદા સ્તરે શિક્ષણનું કાળજીભર્યું આયોજન જરૂરી છે. પ્રાથમિક શિક્ષણ એ સરકારની જવાબદારી બને છે ત્યારે પ્રાથમિક શિક્ષણ દરેક બાળક પ્રાપ્ત કરે તે જોવાની જવાબદારી રાજ્ય સરકારની છે. દરેક બાળક શિક્ષણમાં ક્ષમતા પ્રાપ્ત કરે તે માટે પ્રત્યેક બાળકની તંદુરસ્તી જળવાય અને તેને પોષણક્ષમ આહાર પ્રાપ્ત થાય એ જવાબદારી પણ રાજ્ય સરકારની છે. પ્રાથમિક સ્તરે જ દરેક બાળકની તંદુરસ્તી જળવાય તે માટેનું વ્યવસ્થિત આયોજન સરકારશ્રીએ કરવું રહે, જેથી ભાવિ પેઢી બાળપણથી જ સક્ષમ અને તંદુરસ્ત બને. હાલ આ બાબત સરકારની મધ્યાહ્ન ભોજન યોજનાને વધુ સુદૃઢ બનાવાય અને રજાના દિવસોમાં પણ અમુક વિસ્તારોમાં આ યોજનાનો લાભ બાળકો સુધી પહોંચે તે જરૂરી છે. આપણા રાજ્યમાં પણ ઘણા અંતરિયાળ વિસ્તારોમાં બાળકોની તંદુરસ્તી ખૂબ ચિંતા ઉપજાવે તેવી હોય છે એટલે રાજ્ય સરકાર ત્વરિત આયોજન કરીને નિર્ણય લે તે જરૂરી છે.

ગુજરાત જેવા રાજ્યમાં જ્યારે સરકાર વિકાસની વાત કરતી હોય ત્યારે તેની જવાબદારી બને છે કે ભાવિ પેઢી તંદુરસ્ત, સક્ષમ અને કેળવણી પામેલી હોય. પ્રાથમિક સ્તરે શિક્ષણ એ સરકારની જવાબદારી બને છે ત્યારે વધુ સારા શિક્ષકો જરૂરી તાલીમ મેળવ્યા બાદ નિયુક્ત કરીને સમયાંતરે તેમની કામગીરી તપાસાય. તેમના તરફથી યોગ્ય યોગદાન બાળકોના ઘડતર માટે થાય તેની ચકાસણી થવી ઘટે. ગ્રામ પંચાયત અને નગરપાલિકાઓએ તેમની શિક્ષણ સમિતિ મારફત તેમના વિસ્તારનાં બાળકોના સારા ઘડતર માટે શાળાઓમાં યોગ્ય પ્રબંધ થાય તે માટે જાગૃતિ કેળવવી ઘટે. જેઓને આપણે બંધારણની જોગવાઈ મુજબ અગ્રિમતા આપવાની હોય તેવી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં બાળકો માટે યોગ્ય લક્ષ્ય શરૂઆતથી અપાય તે માટે જરૂરી પ્રબંધ અને જાગૃતિ શિક્ષકોમાં લાવીને બાળકોનું યોગ્ય ઘડતર કરવાની કાળજી લેવાય તે જરૂરી છે. દેશના ભાવિ નાગરિકો તૈયાર કરવા માટે બાળપણમાં યોગ્ય ઘડતર કરી શકાય તે માટે શિક્ષકોને પણ પોષણક્ષમ પગારો આપવા ઘટે. આ દેશના ભાવિ અને શિક્ષિત નાગરિકો તૈયાર કરવાની જવાબદારી જેમના શિરે છે તેવા શિક્ષકોને યોગ્ય મહેનતાણું મળે તે જોવાની જવાબદારી રાજ્ય સરકારની છે, છતાં પણ આ બાબતમાં ઉદાસીનતા સેવીને સરકાર ખૂબ ઓછું મહેનતાણું આપીને તેમની પાસેથી સેવાની અપેક્ષા રાખે તે કેટલે અંશે ફળીભૂત થાય ? હવે તો વિદ્યાસહાયક અને અધ્યાપક સહાયકનું રૂડું નામ આપીને પ્રાથમિકથી કોલેજ સુધીના શિક્ષણને પાંગળું બનાવવાના પ્રયાસ સરકારશ્રી તરફથી થતા હોય તેવું અનુભવાય છે. સરકારની જવાબદારી છે તેવા પ્રાથમિક શિક્ષણનું સ્તર હાલ ખૂબ કથળતું જાય છે. આમાં સરકારની ઉદાસીનતા દેખાઈ આવે છે. આ બધી જ બાબત સરકારશ્રીએ નિયુક્ત કરેલી અધિકારીઓની સમિતિએ પણ સરકારશ્રીને ધ્યાને મૂકી છે,

પરંતુ આ બધું જ કાગળ પર ફાઈલોમાં સચવાયેલું રહેશે તો પછી વિકાસ માટે સરકારશ્રી કઈ રીતે કામ કરશે ?

હમણાં હમણાં રાજ્ય સરકારને એક બાબતની ભૂખ ઊઠી હોય તેવું લાગે છે. એટલા જ માટે દરેક નિમણૂકનું સરકારીકરણ કરવા માટેના પ્રયાસ થઈ રહ્યા છે. છેક પ્રાથમિક શિક્ષણથી માંડીને માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક તથા કોલેજોમાં શિક્ષકો-અધ્યાપકોની પસંદગી પણ સરકારી રીતરસમ મુજબ થવા માંડી છે. છેલ્લાં પાંચ વર્ષથી ખાલી જગ્યાઓ ભરવામાં જે કાળજી લેવાની હોય તે નહીં ભરાતાં સરકારની ઉદાસીનતા ધ્યાને આવે છે. શાળા અને કોલેજસ્તરે આવી હજારો જગ્યાઓ નહીં ભરાતાં અનુદાન પ્રાપ્ત કરતી શાળા-કોલેજોમાં શિક્ષણ કથળ્યું છે. સરકારી કોલેજોમાં પસંદગી બાબતમાં સરકારે ધોરણો હળવાં નહીં કરવાને કારણે ઘણી બધી સંસ્થાઓમાં ખાલી જગ્યાઓને લઈને વિદ્યાર્થીઓના ઘડતરને ધ્યાનમાં લેતાં ખૂબ કાળજી લેવી ઘટે. રાજ્યની મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથીની અનુદાન પ્રાપ્ત કરતી કોલેજોમાં અધ્યાપકો અને અન્ય કર્મચારીઓની જરૂરી નિમણૂકો નહીં થતાં કેન્દ્રની કાઉન્સિલ તેમની માન્યતા રદ કરે તેવા સંજોગો સર્જાય છે. ગુજરાતમાં ખાસ કરીને આયુર્વેદ યુનિવર્સિટી હોવા ઉપરાંત સંલગ્ન આયુર્વેદ કોલેજોમાં મંજૂર ૪૩૫ બેઠકો હોવા છતાં સરકારની ઉદાસીનતાને કારણે કાઉન્સિલની માન્યતાના અભાવે રાજ્યની બેઠકો ઘટે છે અને યુવાનોને આવા અભ્યાસથી વંચિત રખાય છે. આયુર્વેદ યુનિવર્સિટી હોવા છતાં ગુજરાતમાં આયુર્વેદનો પ્રસાર-પ્રચાર ઓછો થતો જાય છે એટલે આ સંદર્ભમાં સરકારશ્રીએ આયુર્વેદને પ્રોત્સાહક ત્વરિત પગલાં લેવાની જરૂર છે.

કોલેજ સ્તરે સારું શિક્ષણ અપાય અને કોલેજનું યોગ્ય સંચાલન થાય, તેમાં જરૂરી માળખાકીય સુવિધાઓ, કાયમી લાયકાત ધરાવતો સ્ટાફ; એ બધું જોવા અને તેની કાળજી રાખવા યુનિવર્સિટી સાથે જોડાણ હોય તથા આ બધી જવાબદારી સંભાળી શકે તેવા કુલપતિની નિમણૂક થાય. છેલ્લાં ૧૫ વર્ષના અનુભવને અંતે એમ કહી શકાય કે સમગ્રલક્ષી વહીવટ સંભાળી શકે તેવા સક્ષમ કુલપતિની નિમણૂક કરવાને બદલે અમુક વર્ગને સંતોષવા માટે બિનસક્ષમ કુલપતિની નિમણૂક થવાથી કોલેજસ્તરનું શિક્ષણ પણ કથળતું રહ્યું છે. જે દેશની ૪૦% વસ્તી યુવાનોની હોય તેઓના ઘડતર માટે છેક બાળપણથી સમયબદ્ધ આયોજન થવું ઘટે, જેથી આ દેશને સક્ષમ નાગરિકો પ્રાપ્ત થાય. શિક્ષણ પામેલો પ્રત્યેક નાગરિક પોતાની આજીવિકા રળી શકે તેવું સમયબદ્ધ આયોજન રાજ્યની અને દેશની સરકારોએ કરવું ઘટે, જેથી દેશનું યુવાધન રચનાત્મક અભિગમ અપનાવે. આ સંદર્ભે જરૂરી જવાબદારી રાજ્યની સરકાર સમયબદ્ધ રીતે આયોજન કરીને નિભાવે તે આજની માંગ છે.

(૧૮ ફેબ્રુઆરી ૨૦૧૩)

સી. એલ. પટેલ

## પૂર્વ રાજવી પરિવારના મિયાં અજાતશત્રુનું કાશ્મીરી ઉંબાડિયું

‘વર્તમાન શાસકો રાજ્યનો વહીવટ બરાબર ચલાવી ના શકતા હોય તો મૂળ રાજવીને પરત કરો.’ જમ્મૂ-કાશ્મીરના ઉકળતા ચરુમાં ફરી એકવાર મહારાજા હરિસિંહના પૌત્ર ‘મિયાં’ અજાતશત્રુસિંહે ૬ માર્ચ ૨૦૧૩ના રોજ વિધાન પરિષદમાં કરેલા આ ઉંબાડિયાએ નવો ભડકો કર્યો છે. અજાતશત્રુ માટે ‘મિયાં’ એટલે કે ‘નેતા’નું વિશેષણ એમના પિતા અને જમ્મૂ-કાશ્મીરના સદર-એ-રિયાસત રહેલા ડૉ. કર્ણસિંહ વાપરતા રહ્યા છે. કર્ણસિંહ કોંગ્રેસના સાંસદ છે અને મિયાં અજાતશત્રુ અત્યારે જમ્મૂ-કાશ્મીરની સત્તારૂઢ પાર્ટી નેશનલ કૉન્ફરન્સના વિધાન પરિષદના સભ્ય છે. અગાઉ નેશનલ કૉન્ફરન્સની રાજ્ય સરકારમાં પ્રધાન રહેલા અજાતશત્રુ અને એમના પિતા રાજકીય દૃષ્ટિએ અલગ અલગ માર્ગે ચાલતા રહ્યા છે, જોકે પક્ષો બદલવા અને વિવાદો સર્જવામાં પિતા-પુત્ર કદાચ દાદા હરિસિંહ કનેથી પ્રેરણા લેતા રહ્યા છે.

જમ્મૂ-કાશ્મીર આજકાલ ઉકળતો ચરુ છે. ભારતીય સંસદ પરના ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના હુમલાના અપરાધી અફઝલ ગુરુને તાજેતરમાં જ ફાંસી અપાતાં તેના ઉગ્ર પ્રત્યાઘાતો પડ્યા છે. ફરી એકવાર આતંકી જૂથો અને ભાગલાવાદી સંગઠનોના નેતા ખુલ્લેઆમ જમ્મૂ-કાશ્મીરની સેરીઓમાં આંદોલન લઈ જવા આતુર છે. કરફ્યુગ્રસ્ત કાશ્મીરમાં અજંપાભરી સ્થિતિ છે. ગિલાણી અને બીજા ભાગલાવાદી નેતા યાસીન મલિક પ્રગટપણે ભારતદ્રોહી ટિપ્પણો કરતાં દિલ્હીને અફઝલ ગુરુના હત્યારા તરીકે નવાજે છે.

આવા સંજોગોમાં સત્તારૂઢ પક્ષના વરિષ્ઠ ધારાસભ્ય અને પૂર્વ રાજવી પરિવારના જેષ્ઠ પુત્ર એવા અજાતશત્રુએ ‘જન્મૂ-કાશ્મીરના ભારત સાથેના વિલય’ને પડકારવાનું દુષ્કૃત્ય કર્યું છે એટલું જ નહીં, ૬ માર્ચના રોજ વિધાન પરિષદમાં કહેલી વાતને ૯ માર્ચે ઈન્ડિયન એક્સપ્રેસ દૈનિકના સંવાદદાતા મનીષ છિબ્બર સાથેની વાતચીતમાં દોહરાવી છે. અત્યાર લગી ભાગલાવાદી કે પાકિસ્તાનતરફી ગણાતા પરિબળો જ જમ્મૂ-કાશ્મીરના ભારત સાથેના વિલયને પડકારતાં હતાં. ક્યારેક શેખ અબ્દુલ્લા પરિવારના ડૉ. ફારુક અબ્દુલ્લા (હાલમાં કેન્દ્રીય પ્રધાન) કે ઉમર અબ્દુલ્લા (વર્તમાન મુખ્યમંત્રી) વિવાદસર્જક નિવેદન કરતા હતા. જોકે પૂર્વ રાજવી પરિવાર થકી ભારત સાથેના જમ્મૂ-કાશ્મીરના વિલયને પડકારતાં ‘યોગ્ય શાસન ના કરી શકતા હો તો મૂળ રાજવી પરિવારને એ પરત કરો’ એવું નિવદેન થતાં સત્તારૂઢ નેશનલ કૉન્ફરન્સમાં પણ સૌ નેતા સ્તબ્ધ થયા હતા.

જમ્મૂ-કાશ્મીરના રાજવી પરિવારે ભારત સાથેના પોતાના રજવાડાના વિલયમાં કરેલા વિલંબને કારણે જ આજલગી કાશ્મીર સળગતું રહ્યું છે. અડધોઅડધ જમ્મૂ-કાશ્મીર ભારત પાસે નથી. એનો વિશાળ પ્રદેશ પાકિસ્તાને ગપચાવ્યો છે, બાકીનો ઘણો પ્રદેશ ચીને ગપચાવ્યો છે અથવા પાકિસ્તાન પાસેથી વેચાતો લીધો છે. જમ્મૂ-કાશ્મીરના ખીણપ્રદેશમાં ‘આઝાદી’ માટેની લડત સતત ચાલતી રહી છે. પાકિસ્તાને ગપચાવેલા કાશ્મીરમાંથી અહીં આતંકવાદની નિકાસ થતી રહે છે.

દિલ્હીમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (એનડીએ)ની અટલ બિહાર વાજપેયીની સરકાર હતી ત્યારે ‘શેર હમારા મારા હૈ, શેખ અબ્દુલ્લાને મારા હૈ’ના નારા લગાવનાર ભાજપની નેતાગીરીને શ્યામાપ્રસાદ મુખરજીના હત્યારા લેખાતા શેખ અબ્દુલ્લાના પૌત્ર ઓમર અબ્દુલ્લાને વિદેશ રાજ્ય મંત્રી બનાવવામાં જરાય છોછ નહોતો. એ જ રીતે મહારાજા હરિસિંહની પજવણી કરતા રહેલા શેખ અબ્દુલ્લાના પુત્ર ડૉ. ફારુક અબ્દુલ્લાની રાજ્ય સરકારમાં મહારાજાના પૌત્ર મિયાં અજાતશત્રુ પ્રધાનપદું ભોગવતા હતા અને દિલ્હીની અટલ બિહારી વાજપેયી સરકારની અબ્દુલ્લા સરકાર પર કૃપાદૃષ્ટિ હતી. જમ્મૂ-કાશ્મીરને સ્વાયત્તતા (ઑટોનોમી) બક્ષવાના મુદ્દો ડૉ.

ફારુક અબદુલ્લા અને પૂર્વ રાજવી પરિવાર એક હતું. ડૉ. કર્ણસિંહ તો ડૉ. અબદુલ્લા સરકાર દ્વારા નિયુક્ત ઑટોનોમી કમિશનના અધ્યક્ષ હતા. પણ એ મુદ્દે વાજપેયી સરકાર સાથેના સંબંધો વણસતાં નેશનલ કૉન્ફરન્સ એનડીએમાંથી ફરી કોંગ્રેસપ્રેરિત યુપીએમાં જોડાઈ હતી. જમ્મૂ-કાશ્મીરના ભાજપી ધારાસભ્યોને પણ પક્ષની રાષ્ટ્રીય નીતિઓ અને ભૂમિકાને બદલે પ્રદેશનું રાજકારણ અને અબદુલ્લા પરિવાર કે મુફ્તી પરિવાર સાથે સારું ગોઠે છે. ૨૦૧૧માં ડૉ. ફારુકને રાજ્યસભામાં મોકલવામાં સમર્થન આપનારા ભાજપના ૭ ધારાસભ્યોને પક્ષમાંથી નિલંબિત કરાયા હતા. તાજેતરમાં યોજાયેલી વિધાન પરિષદની ચૂંટણીમાં ભાજપના આ નિલંબિત ૭ ધારાસભ્યોએ ભાગ ના લીધો, પરંતુ બાકીના ૪ સત્તાવાર ભાજપી ધારાસભ્યોએ ભાગલાવાદી સમર્થક અપક્ષ ઉમેદવાર શુભાન કિશન દૂધાને માટે મતદાન કર્યું. સદ્નસીબે દૂધા હારી ગયા પણ ભાજપનાં બેવડાં ધોરણ ખુલ્લાં જરૂર પડ્યાં. ઈન્દિરા ગાંધીની સરકારમાં આરોગ્ય પ્રધાનના હોદ્દે રહ્યા પછી વર્ષ ૧૯૮૦ના ગાળામાં પૂર્વ રાજવી પરિવારના ડૉ. કર્ણસિંહ કોંગ્રેસ છોડીને કોંગ્રેસ (અર્સ)માં જોડાયા હતા. એ પછી કોંગ્રેસમાં પાછા ફર્યા હતા. પછી તો કોંગ્રેસ સાથેનું અને ખાસ કરીને સોનિયા ગાંધી સાથેનું જોડાણ એમણે જાળવ્યું છે. એના પ્રતાપે સાંસદ રહેવા ઉપરાંત એવા વિવિધ હોદ્દે તેઓ રહ્યા છે, જ્યાં તેમને કેબિનેટ પ્રધાનનો દરજ્જો મળતો રહ્યો છે. એમના પાટવી કુંવર અજાતશત્રુ ૧૯૯૬માં નેશનલ કૉન્ફરન્સની ટિકિટ પર ચૂંટણી લડ્યા અને ઑક્ટોબર ૧૯૯૬થી ડૉ. અબદુલ્લાના વડપણવાળી સરકારમાં પ્રધાન પણ રહ્યા. જોકે એ પછી ૨૦૦૨ની વિધાનસભા ચૂંટણી (જમ્મૂ-કાશ્મીરમાં વિધાનસભાની મુદત પાંચ વર્ષને બદલે છ વર્ષની હોય છે) લડ્યા, હાર્યા અને કોંગ્રેસમાં જોડાયા. એ પછી એમનો કોંગ્રેસથી પણ મોહભંગ થયો અને નેશનલ કૉન્ફરન્સની ટિકિટ પર એ વિધાન પરિષદમાં આવ્યા, પણ પ્રધાનપદથી દૂર રખાયા છે.

અજાતશત્રુના દાદા મહારાજા હરિસિંહ જમ્મૂ-કાશ્મીરને અલગ દેશ તરીકે સ્વિટ્ઝર્લેન્ડની જેમ જોવા આતુર હતા એટલે પંડિત નેહરુ અને સરદાર પટેલે ભારત સંઘ સાથે એના જોડાણનો નિર્ણય કરવા આગ્રહ કર્યો છતાં હરિસિંહ સંમત થયા નહોતા. છેવટે પાકિસ્તાન તરફથી કબાઈલીઓએ આક્રમણ કર્યું ત્યારે ભીંસમાં આવેલા મહારાજાએ ભારત સાથે જોડાણ કરવા તૈયારી દાખવી અને વિલયપત્ર પર હસ્તાક્ષર કરવાનું પસંદ કર્યું હતું. ૨૬ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ ગવર્નર જનરલ માઉન્ટબેટનને પત્ર લખીને ભારતની મદદ માંગનાર મહારાજા હરિસિંહે ૩૧ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ સરદાર પટેલને પત્ર લખીને બારત સાથેના વિલયને ફોક કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. સદ્નસીબે એમની વાતને દિલ્હીએ સ્વીકારી નહીં, પણ હવે એમના વંશજો થકી ઉંબાડિયાં ચાલુ છે.

(૧૧ માર્ચ ૨૦૧૩) • હરિ દેસાઈ

## સરદાર વાણી

લડાઈ જેવા ઉત્તેજનાના વખતમાં ઘણા સિપાઈઓ મળે. ચોમાસામાં સંખ્યાબંધ અળશિયાં નીકળે, કાતરા પડે, તેમ લડાઈ વખતે બધા ખેંચાઈ આવે છે. એ મહાસાગરના મંથનમાં સારા ને ખોટા બધા હોય. ઊભરો ઠરતા બીજાઓ શોધ્યા જડતા નથી પણ સાચો ગ્રામસેવક મૂંગું કામ કરતો જ રહે છે. લડાઈ અનિવાર્ય થાય ત્યારે તેનો બોજો તે ઉપાડી લે છે. ત્યાં સુધી શ્રદ્ધાપૂર્વક મૂંગી સેવા કરતો રહે છે. એને ગ્રામસેવાના બદલાવા કોઈ હાર પહેરાવનાર એનું સરઘસ કાઢનારા, તાળી પાડનાર કે માંચડે બેસાડનાર નહીં મળે. ઊલટું એને તો રોટલા કાઢવા પણ મુશ્કેલ પડે અને હરિજન સેવા કરે તો વળી પાણીનાયે વખા પડે. આવી બધી પ્રતિકૂળતાઓમાં જે માણસ અડગ રહે તે જ ગ્રામસેવક બની શકે છે એ જ સાચો સિપાઈ છે.

(સરદાર પટેલઃ એક સિંહપુરુષ)

## ॥ આપણો વારસો અને વૈભવ ॥
(પદ્ય વિભાગ)

(વિનોબા ભાવેએ આંધ્રપ્રદેશના પોચમપલ્લીમાં ૧૮ એપ્રિલ ૧૯૫૧ના દિવસે ભૂદાનયાત્રાનો આરંભ કર્યો હતો. એ ઘટનાને ૬૨ વર્ષ ૧૮ એપ્રિલ ૨૦૧૩ના દિવસે પૂરાં થાય છે. એ નિમિત્તે કવિ દુલા ભાયા કાગની ભૂદાન અંગેની કાગવાણી પ્રસ્તુત છે.)

(૧)

(નંદરાણી! તારાં આંગણાં – એ રાગ)

તેં જનોઈ બાળીને રાખ ચોળી રે...
ગાંધી ગુજરાતના! રે... જી
તારે હૈડે ગરીબો કેરી હોળી રે... ગાંધી
તેં તો વાળી રે વામન કેરી ઝોળી રે... ગાંધી – ટેક

અકલ મૂંઝાણી ને.. લક્ષ્મી લપાણી... (૨)
તારા આતમને ઊઘડી છે વિમળ વાણી રે... ગાંધી...૧

અંગ તારાં ખોખડધજ... પગડે ઘણેરી રજ... (૨)
તારી આંખડીએ કામણ કેરા દીવા રે... ગાંધી... ૨

નમું આંખ મીંચી... કળિના દધીચિ... રે... (૨)
હાડકાં હોમ્યાં છે ગરીબોને કાજે રે... ગાંધી...૩

ધખતે ઉનાળે 'કાગ' કેરે માળે... રે... (૨)
તું તો પ્રેમેથી પધાર્યો છો પગપાળે રે... ગાંધી... ૪

(૨)

(રામનું રૂપ ધરું ત્યાં મને... એવા સંકલ્પ આવે – એ રાગ)

અલેકીઓ માગવા આવ્યો રે... દેશ દખણનો બાવો...
દેશ દખણનો બાવો રે... કોઈ આગળ ના થયો આવો –
અલેકીઓ– ટેક

તોપુંને આંગણે ટહેલ નાખી કે... 'કાયા તમારી ગળાવો'... (૨);
'ગોળાકેરા કણ બનાવી... (૨) વાવણીએ વવરાવો–'
અલેકીઓ ૧

'થંભી જાજો, હો તરવારીઆ! કાં તરવારો સજાવો? (૨);
તેગ તોપને ખાંડો ખાંડણીએ... (૨) દાતરડાં નિપજાવો –'
અલેકીઓ ૨

'તિજોરીનાં તળિયાં સળગતિ... એનાં દ્વાર ઉઘડાવો... (૨);
બળતા કાગળ બારણે કાઢો... (૨), ખોરડાં કાં સળગાવો?'
અલેકીઓ. ૩

'ધરણીકેરો રામ ધણી, એને... માતા કહીને મનાવો... (૨);
જનેતાકેરાં હેરણાં હેર્યાં... (૨), એનું પ્રાયશ્ચિત્ત કરવા આવો–'
અલેકીઓ. ૪

'ભૂમિ, અગ્નિ, પવન, પાણી... એનો કરોમા (કોઈ) દાવો... (૨);
લક્ષ્મી માતા, ધરણી માતા... (૨) એના ધણી નવ થાઓ –'
અલેકીઓ. ૫

'સીતા રામને પાછી સોંપો... લંકા ગઢ ન લૂંટાવો... (૨);
'કાગ' મંદોદરી સાથ સુખે રહો...' (૨) અંગદ કહેવા આવ્યો
અલેકીઓ. ૬

(૩)

(રાગ હીંચનો)

જોગીડો... ભોમકા માગતો આવે...
ભોમકા માગતો આવે... જોગીડો... જમીન માગતો આવે...
રુદિયે સૂતા રામને રિઝાવે... સૂનાં ખોરડાં વસાવે–
જોગીડો – ટેક

કાયદામાં એણે દીઠો નહિ ફાયદો... બીજા મારગડો બનાવે... (૨);
ડુંગરા ખોદે બાવો દરિયા બાંધે... (૨), હેતનાં ગાડાં હલાવે –
જોગીડો – ૧

કામણગારું એનું ડમરુ વાગે... મધુરી મોરલી બજાવે... (૨);
છીપરાં માથે બાવો... દાણા છાંટે... (૨), પાષાણને પિગળાવે –
જોગીડો – ૨

રણભૂમિને બાવો ખેડવા માંડ્યો... વાવણી ટાણાં આવે... (૨);
તોપ-તરવારુંનાં... ખોળિયાં બદલ્યાં... (૨), બંબગોળાને બિવરાવે –
જોગીડો – ૩

દાનનાં દૂધડાં, હૈયાનું બોઘરું... ચૂલે ચડાવી સળગાવે... (૨);
માનવતાનાં એ ઓરે ઈંધણાં... (૨), ઉરનાં દૂધ ઊભરાવે –
જોગીડો – ૪

નવો આ કોયડો જોવાને દુનિયા... વિમાને બેસીને આવે... (૨);
'કાગ' કૂવામાં બાવો ફેંકે શારડી... (૨), પાણી પાતાળથી લાવે.
જોગીડો – ૫

(૪)

(મહેલોના મહેલથી, વાલી અમને અમારી ઝૂંપડી – એ ઢાળ)

સતજુગનો સાધુ... કાયા પલટે છે ભારતભોમની...
ખોળિયા જૂનામાં નવલા પૂરે પ્રાણ રે... સતજુગનો... ટેક

એ... કળિયુગ હાંકે ને નવયુગ નોતરે... (૨),
માનવી માથે માનવીનાં નો'ય રાજ રે... સતજુગનો – ૧

એનું હૈડું... ભાથો ને મોઢું કામઠું... (૨),
છૂટવા લાગ્યાં... શબ્દો કેરાં બાણ રે... સતજુગનો – ૨

એ... ઊભો મેરુના માથા ઉપરે... (૨)
જોઈ લીધાં એણે લોહી રંગાણાં રાજ રે... સતજુગનો – ૩

એ... ઘરઘર દીઠી મનોમન ઘૂમતી... (૨),
બૉમ્બની માતાના દિલમાં બેઠી બીક રે... સતજુગનો – ૪

એ... શોષણશાસનનાં તોડે માળખાં... (૨)
તોડી નાખ્યા એણે મનના ભૂંડા, ભેદ રે... સતજુગનો – ૫

એણે... માનવહૈયાંનો મેરામણ મથ્યો...
અમૃત મેલ્યાં ભારતના મુખમાંય રે... સતજુગનો – ૬

એ... બાળી મમતા, પ્રજાની વાસના... (૨),
રાખી દીધા એણે 'મેદની' કેરા મોહ રે... સતજુગનો – ૭

'કાગ' વાવડાને વાણી એ આપતો... (૨),.
વાવડે પોગાડી દેશ-વિદેશે વાત રે... સતજુગનો – ૮

(કાગવાણી-૬, ભૂદાનમાળા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, સપ્ટેમ્બર ૨૦૦૮)

# મર્યાદાપુરુષોત્તમ શ્રી રામચંદ્ર

અનેક સદીઓથી ભારતીય લોકોના આચારવિચારના ઘડતરમાં રામાયણ તથા મહાભારતની ઊંડી અસર રહી છે. આ મહાકાવ્યોનાં નાયકનાયિકાઓ દૈવી છે. અનેક પેઢીઓથી આ પાત્રો તેમજ પુરાણોનાં પ્રમુખ પાત્રો આપણને ઉચ્ચ આદર્શમય જીવન જીવવાની પ્રેરણા આપી રહ્યાં છે. તેથી આ દેશમાં સર્વત્ર શાશ્વત કાળથી જ રામનવમી અને ગોકુલાષ્ટમી ઊજવાતી હોય તેમાં શું આશ્ચર્ય!

કૃષ્ણનો જન્મ જે માસમાં થયો હતો તેની અષ્ટમીએ ગોકુલાષ્ટમી ઊજવવામાં આવે છે, જ્યારે રામનવમીનો ઉત્સવ ભિન્નભિન્ન પ્રદેશોમાં ભિન્નભિન્ન રીતે ઊજવાય છે. આ સમારંભ કેટલા દિવસ ઊજવવો તે વિશે પણ જુદી જુદી માન્યતાઓ પ્રવર્તે છે. ઘણા રામનવીના દિવસે જ આ ઉત્સવ ઊજવવાનો પ્રારંભ કરે છે, જ્યારે ઘણા લોકો એવી રીતે આ ઉત્સવની યોજના કરે છે કે એનો અંતિમ દિવસ રામનવીનો હોય. આ ઉત્સવ કઈ રીતે ઊજવાય છે તે કરતાં એની સાર્વત્રિકતા તથા એ ઊજવવામાં વ્યક્ત થતી ભારતના લોકોની દૃઢ નિષ્ઠાનું મહત્ત્વ ઘણું છે.

મર્યાદાપુરુષોત્તમ શ્રી રામચંદ્ર વિષ્ણુના મુખ્ય અવતારોમાંના એક છે. ભજનો, પારાયણો, પ્રવચનો અને સમૂહપૂજા એમ જુદી જુદી રીતે આ પર્વની ઊજવણી કરવામાં આવે છે. રામનામજપના ભૌતિક તેમજ આધ્યાત્મિક લાભનાં ગાન સેંકડો વિદ્વાનોએ ગાયાં છે. ગાંધીજીને મન રામનામનું સ્મરણ અને સંકીર્તન પરમાત્માને ભજવાનાં જ મૂળભૂત સાધનો હતાં. રામધૂન તેમની પ્રાર્થનાનું મુખ્ય અંગ હતું. તેઓ કહેતા કે રામનામ મારા જીવનને ટકાવી રાખતો ખોરાક છે.

તો રામનામજપનું રહસ્ય શું? પતંજલિ કહે છેઃ तज्जपस्तदर्थमावनम् – હૃદયના ઊંડાણમાંથી રામનામનો ઉચ્ચાર કરવાથી માનવીનો અહમ્ દૂર થાય છે, તે પ્રભુકૃપાને યોગ્ય બને છે, અને સર્વસમર્પણ દ્વારા એ પરમાત્મામાં આત્મવિલોપન કરવા પોતાની જાતને સજ્જ કરે છે.

શ્રી રામચંદ્રની પૂજાનો ધાર્મિક મહિમા ઘણો મોટો છે. ભારતમાં શ્રીરામના દિવ્ય જીવનથી સૌ કોઈ પરિચિત છે. રામભક્તિ આપણને ગળથૂથીમાંથી મળે છે. શિશુવયમાં શ્રીરામની કથાઓથી આપણો ઉછેર થાય છે. આમ શ્રી રામનાં પરાક્રમો આપણા જીવન સાથે વણાઈ ગયેલાં છે.

અને છતાં રામાયણની ધાર્મિકતાથી આગળ વધી કોણ એને પામવાનો પ્રયત્ન કરે છે?રામનામથી આ જીવનજંજાળમાંથી મુક્તિ મળે છે એ સાચું, પરંતુ રામાયણનો સાહિત્યિક અને તાર્કિક અભ્યાસ પણ આપણા આત્માને ઉદાત્ત બનાવે છે. રામાયણ આદર્શ જીવનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

સનાતન ધર્મે નિર્દેશેલા બધા જ મૂળભૂત ગુણો શ્રી રામમાં છે. સત્યની ટેક, આચાર, વિચાર અને વાણીની એકવાક્યતા, સાહસિકતા અને પરદુઃખભંજકતા, ન્યાય અને કરુણા, શરણે આવેલાને ક્ષમા આપવાની વૃત્તિ, દુર્જેય આકર્ષણો અને વિકટ સંજોગોની વચમાં પણ કર્તવ્યને વળગી રહેવાની અડગતા, પરિણામોની ચિંતા કર્યા વિના ધર્મનું ચુસ્ત પાલન, દુષ્ટનિગ્રહ અને શિષ્ટપરિપાલન ઈત્યાદિ સર્વે ગુણો તેમનામાં છે.

એક વાર એક સાધુએ પોતાના શિષ્યને કહ્યું હતુંઃ ‘શ્રીકૃષ્ણે પ્રબોધેલા અને શ્રીરામે આચરેલા માર્ગે જા.’

શ્રીરામ ધાર્મિક માર્ગે કર્તવ્યપરાયણ જીવન જીવી ગયા. જન્મથી તે અવતારકાર્યની પૂર્ણાહુતિ સુધી તેમનું જીવન પ્રત્યેક દેશકાળના મનુષ્ય માટે આદર્શરૂપ હતું. તેમનું પ્રત્યેક કાર્ય શુદ્ધ અને ઉદાત્ત જીવનના નમૂનારૂપ હતું. વાલિવધ, દેવી અગ્નિપરીક્ષા અને સીતા-ત્યાગ જેવા છૂટાછવાયા ચર્ચાસ્પદ પ્રસંગો પણ ઔચિત્યસભર છે. તે એમની સત્યમય જિંદગીની તર્કબદ્ધ પરિણતિ સમા છે. સત્યની કસોટી ઘણી કપરી હોય છે. એ તો ખાંડાની ધારે ચાલવાનો માર્ગ છે. અનેક પ્રસંગોએ માર્ગે ચાલતાં શ્રીરામે ઘણા ભોગ આપ્યા છે. આમ રામાવતાર મહાવિષ્ણુનો આદર્શ મનુષ્ય તરીકેનો આવિષ્કાર છે. ‘નરોત્તમ’ કહી શ્રીમદ્ વાલ્મીકિ રામાયણે શ્રીરામને બિરદાવ્યા છે.

શ્રીરામનું પ્રારંભનું જીવન સંઘર્ષો અને સમર્પણની કથા છે, તો તેમનું ઉત્તર જીવન આદર્શ રાજાએ સ્થાપેલા રામરાજ્યની કથા છે. સર્વે સમાન છે અને પ્રત્યેક વ્યક્તિને એકસરખો જ ન્યાય મળવો જોઈએ એ એમના રાજ્યના મૂળ સિદ્ધાંત હતા. આમ તેમણે રાજ્યધર્મની સ્થાપના કરી હતી.

આત્માને ઉદાત્ત બનાવવામાં રામનામનો મહિમા કેટલો છે એ મહાત્મા ગાંધીએ સમજાવ્યું છે. રામરાજ્યનાં પણ એમણે અત્યંત ગુણગાન ગાયાં છે. રામરાજ્યમાં વ્યક્તિને અનેકગણી સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે, હક અને ફરજ વચ્ચેની સમતુલા જળવાય છે. ભાગ્યશાળી વ્યક્તિઓ પોતાની સંપત્તિના ટ્રસ્ટી બની ઓછી ભાગ્યશાળી વ્યક્તિના લાભાર્થે એનો ઉપયોગ કરે છે, રાજ્યકર્તા પ્રજાની પ્રત્યેક વ્યક્તિને એકસરખો ન્યાય મળે તે જુએ છે.

હું ઈચ્છું છું કે વર્તમાન રાજ્યકર્તાઓ પણ રામરાજ્યના આદર્શને આચરણમાં મૂકવાની ગાંધીજીએ કહેલી વાતને યાદ કરશે. ગાંધીજીના મત અનુસાર રામરાજ્યમાં જીવનનું સાચું મૂલ્યાંકન ચારિત્ર્યની ગુણવત્તા ઉપરથી કરવામાં આવે છે. સંપત્તિ કરતાં ગુણને વધુ મહત્ત્વ આપવામાં આવે છે અને પવિત્રતાની પ્રશંસા અને સ્વાર્થ પ્રત્યે ધૃણા દર્શાવવામાં આવે છે. રામરાજ્યમાં ઉચ્ચ અને નીચને એકસરખા ગણવામાં આવે છે.

આમ શ્રીરામ આદર્શ મનુષ્ય અને આદર્શ રાજ્યકર્તા, કર્તવ્યપરાયણ પુત્ર, નિષ્ઠાવાન પતિ અને પ્રેમાળ ભાઈ હતા. જીવનના વિવિધ સંબંધોમાં તેમણે શાશ્વત સત્યોને ચરિતાર્થ કર્યાં હતાં. શ્રીરામનું આ જ અવતારકાર્ય હતું. પ્રભુ આપણી પાસે આદર્શ મનુષ્ય તરીકે સત્યનો જય અને પાપનો ક્ષય કરવા તેમજ પતિતને પાવન કરવા પધાર્યા હતા.

શ્રીરામચંદ્ર આપણને આશીર્વાદ આપો અને સત્યને વળગી રહેવા તથા અસદ્ તત્ત્વોનો ત્યાગ કરવા દોરવણી આપો. આપણે સૌ એ આદર્શ મનુષ્યને અનુસરીએ!

(એપ્રિલ ૧૨, ૧૯૭૦) **ક.મા. મુનશી**

(કુલપતિના પત્રો, ભારતીય વિદ્યાભવનવતી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

(ગીત)

## દરિયો બોલાવે

**પરાજિત ડાભી**

દરિયો બોલાવે આપણને, માલમ ચાલો ખેડી લઈએ,
મોજાં ભૂલકાં થઈને દોડે, ચૂમી લઈએ, તેડી લઈએ.

ઝળહળતા આ જળની ઉપર તેજ પથારી જોયા જેવી,
રાતે હરદમ નીકળે છે એ રૂપ સવારી જોયા જેવી,
ઝીણા ઝગમગ ચાંદરણાઓ ડોકા કાઢીને ડોકાતા,
ખળખળ થાતા પાણી અંદર ગુપ્ત અટારી જોયા જેવી.

અનરાધાર આ વહેતા જળને બાથ ભરી ઝંઝેડી લઈએ,
દરિયો બોલાવે આપણને, માલમ ચાલો ખેડી લઈએ.

કાંઠે કાંઠે જળનાં થાપા, જળની કૈક ધજાઓ ફરકે,
છાતી ઉપર તરણાં પેઠે ડુંગર જેવી નૌકા સરકે,
મનગમતી પગલીઓ પાડી રેતીનાં ઢલાઓ વચ્ચે,
આડા અવળા ખાડા ખડિયા ભૂંસી નાખે એક લસરકે.

અલ્લાબેલી સાદ પડ્યો છે જોખમને છંછેડી લઈએ,
દરિયો બાલાવે આપણને, માલમ ચાલો ખેડી લઈએ.

(ઓમ નમઃ શિવાય સોસાયટી, પ્લોટ નં. ૩૪/એ,
ગુરુકુળ વિદ્યાલય પાસે, લસર, ભાવનગર – ૩૬૪ ૦૦૪.
મો.: ૯૮૨૪૯૦૩૯૦૩)

•

**ગુણવંત ઉપાધ્યાય**

સરળ છે શબ્દ પણ ઊંડે જરા ડૂબકી લગાવી જો,
પછી તારાથી કઈ રીતે તરાશે એ તો ધારી જો.

તને ઊંચાઈ ને ઊંડાઈનો પરિચય કરાવી દે,
પ્રથમ તું જાત છોડી, મન-વચનનો મર્મ પામી જો.

અહં સાંપ્રત સમયનું પળવિપળમાં ઓગળી જાશે,
પુરાતન પત્રની એકાદ પણ લીટીને વાંચી જો.

તને જો આંસુના અક્ષર વતી વાછટ ફળી છે તો –
વરસતાં વાદળોમાં એક બસ છીંટું તો પાડી જો.

સ્મરણને દૈત્ય નામે ઓળખું ને દેવ નામે પણ
પરિણામે પરિણમતી ગઝલની ચીખ ચાખી જો.

(B-5/6-7, Rishabh Apt., New Air Road, Munidairy,
Bhavnagar – 384 001)

## મળવું છે

(ઉપજાતિ ગઝલ)

**કિશોર મોદી**

સાંજના કિરણને મળવું છે,
બાગમાં કખગને મળવું છે.

સૂર્ય જેમ હું ય એકલો નથી,
રોજના જગતને મળવું છે.

પોતીકી તરસતી ક્ષણો વિશે,
શાશ્વતી સમયને મળવું છે.

એક ચિત્તથી ઊભા પ્હાલ શા
ધ્યાનથી અકળને મળવું છે.

રાતના પવનની પખાજ લૈ,
સ્વપ્નમાં સ્વયમને મળવું છે.

(1407, New York Ave Glen Allen VA 23060)

•

## ગઝલ

**સાહિલ**

શિર ઉપર જ્યાં માનો પાલવ ફરફર્યો
ઈશ્વરે ચીલો તરત ત્યાં ચાતર્યો.

સાવ ખુલ્લા ઘર મહીં પુરાઈને
મેં મને આખો જનમ શોધ્યા કર્યો.

ના રુંવાડું એનું ફરક્યું એક પણ,
જિન્દગી આખી ખુદાને કરગર્યો.

જિન્દગી છે માત્ર પળભરની કથા
તોય શું મસમોટો તાશીરો કર્યો.

સેંકડો સૂરજને આંજ્યાં આંખમાં
ક્યાં છતાં આંખોથી અંધાપો સર્યો.

તાકે છે જળ-દેવતા પણ દંગ થઈ,
એક પળમાં કેટલાં સાગર તર્યો.

ને તરત 'સાહિલ' રમત પૂરી થઈ,
દાવ લેવા જ્યારે પણ હું ઉતર્યો.

('NISA' 3/15-Dayanand Nagar, Rajkot – 360 002.
M.: 9428790069)

*// લઘુનવલ //*

# ફૂલ વિનાની વેલ

**કિરીટ ગોસ્વામી**

**(આપણા યુવાન, સંવેદનશીલ સર્જક અને શિક્ષક શ્રી કિરીટ ગોસ્વામીની આ લુઘનવલ શિક્ષણના પરિવેશમાંથી પાત્રો લઈને માનવહૃદયના વિવિધ ભાવોનું નિરૂપણ કરે છે. 'વિ'માં તેનાં પ્રકરણો ક્રમશઃ પ્રગટ થતાં રહેશે. સુજ્ઞ વાચકોનો પ્રતિભાવ અપેક્ષિત છે.)**

**(ગતાંકથી ચાલુ)**

(૯)

એક વર્ષ વીતી ગયું છતાં, માલતીની તબિયતમાં કશોય સુધીરો જણાતો નહોતો. દિવસે ને દિવસે, તેનું પાગલપન વધતું જતું હતું. એનાથી બકુલ હવે સાવ ભાંગી પડ્યો હતો.

એક તરફ, દીપુ સાથેના તમામ સંપર્કો તૂટી ચૂક્યા હતા; તો બીજી તરફ, માલતી, દીપુ માટે જ સતત તરફડી રહી હતી! બકુલે, સુધીરભાઈ અને ભાભીને અનેકવાર વાત અને વિનંતીઓ કરી હતી પણ ભાભી, પોતાની જિદ્દ પર મક્કમ રહ્યાં હતાં! દીપુ વિશેની કોઈ જ માહિતી તેમણે બકુલને આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો! બકુલે અન્ય પ્રયાસરૂપે દીપુના કેટલાક મિત્રોને પૂછપરછ કરી હતી પણ એમાંથીયે કોઈને દીપુ વિશે કંઈ જ ખબર નહોતી!

બકુલ હતાશ થવા લાગ્યો હતો. માલતીની દીપુ માટેની ઝંખના, હવે રઢ બની ચૂકી હતી. પોતાના શાનભાન ભૂલીને, તે બસ, દિવસરાત એક જ વાત કર્યા કરતી હતી – 'મારો દીપુ ક્યાં? જલદીથી દીપુને કોઈ લઈ આવો! મને દીપુ પાસે લઈ જાવ...'

માલતીની આ દશા, બકુલથી જોવાતી નહોતી. આ કઠિન સંજોગો અને પરિસ્થિતિથી તે સાવ હારી ગયો હતો. એવામાં, એક સાંજે, તેના રસિકમામા, માલતીની ખબર કાઢવા, તેને ઘરે આવ્યા.

માલતીની સ્થિતિ જોયા પછી, મામા, બકુલની સાથે વાત કરવા, રાત્રે અગાશીમાં બેઠા.

'બેટા બકુલ! આ તારી માલતી તો હવે સાવ પાગલ થઈ ગઈ લાગે છે!' મામાએ એક ઊંડો નિઃશ્વાસ નાખતા કહ્યું.

બકુલ, તૂટતા અવાજે બોલ્યો – 'હા, મામા, એ તો હું પણ જોઈ રહ્યો છું...'

મામા કશુંય બોલ્યા વિના જ, બકુલના ચહેરા પરની વેદનાને, પળવાર, વાંચવા લાગ્યા. બકુલ રડવાની અણી પર જ હતો પણ રડી શકતો નહોતો. મામાએ થોડીવાર રહીને, તેને કહ્યું – 'બકુલ! આ બધી પરિસ્થિતિ જોઈને તને નથી લાગતું કે, તારે હવે આગળ વિચારવું જોઈએ કંઈક...'

'આગળ?! આગળ શું વિચારું, મામા?! મારી તો જિંદગી જ જાણે એક વળાંક પર આવીને અટકી ગઈ છે!' બકુલ ગળગળો થતાં બોલ્યો.

'તું, તારા વિશે વિચાર, બકુલ! જિંદગી એમ કોઈ એક વ્યક્તિના કારણે અટકી પડતી નથી...' મામાએ કહ્યું.

'મારા વિશે હું શું વિચારું?! મારાં સુખ-દુઃખ તો માલતીની સાથે જ જોડાયેલાં છે, મામા!' બકુલ બોલ્યો.

'એ વાત ખરી છે પણ માલતી હવે પાગલ થઈ ગઈ છે, બેટા! ને તે સાજી થાય એવા અણસાર સુદ્ધાં દેખાતા નથી! તો પછી તું –' મામા એટલું બોલ્યા ત્યાં, એમને અટકાવતાં બકુલે કહ્યું – 'એવું અશુભ તો ન બોલો, મામા! મારી માલતી, ક્યારેક તો પાછી સાજી થઈ જ જશે!'

'તું પણ પાગલ થઈ ગયો છે કે શું?! તને ડૉક્ટરે સાફ કહી દીધું છે પછી આવી કોરી આશા શા માટે રાખે છે તું?! અરે, હું તો કહું છું કે, માલતીને હૉસ્પિટલમાં મોકલી દે! ત્યાં તેની ટ્રીટમેન્ટ સારી રીતે થશે! તું રહ્યો મર્દની જાત! મર્દ ઊઠીને બૈરાંની સેવા કરી-કરીને કેટલીક કરી શકે?! ને આ તો પાગલ છે સાવ! આમને આમ, એની સાથે રહીશ તો તુંય, એક દિવસ પાગલ થઈ જઈશ!' મામાએ મોટા સાદે કહ્યું.

બકુલ, મામાની આ વાત સાંભળીને થંભી ગયો. સગાં-વહાલાં, કુટુંબીજનો, મિત્રો... બધાં, તેને આ વાત કહેતાં હતાં! આ વાત, તે અનેક વખત સાંભળી ચૂક્યો હતો પરંતુ, તેનું મન, માલતીને હૉસ્પિટલમાં મૂકવા તૈયાર જ થતું નહોતું!

બે-ચાર વખત, તે ગાંડાની હૉસ્પિટલે જઈ, બધી તપાસ પણ કરી આવ્યો હતો પરંતુ, માલતીને ત્યાં મૂકવાનો અંતિમ નિર્ણય, તે કરી શકતો નહોતો!

તેના આ વલણને કારણે, ઘણીય વાર તેને, 'મૂર્ખ' કે 'વેવલા'નું બિરૂદ પણ મળી ચૂક્યું હતું! પણ એ બધુંય સહન કરીને પણ તે, પોતાની પ્રિય પત્ની, માલતીને હૉસ્પિટલમાં મૂકવા રાજી થતો નહોતો!

'શું વિચારે છે, બકુલ?!' મામાએ તેને ચૂપ જોતાં પૂછ્યું.

'કંઈ નહીં, બસ, એમ જ...' બકુલે ટૂંકમાં જ જવાબ આપ્યો.

'તું આમ, ચૂપ અને ઉદાસ જ બેસી રહીશ તો તારું દુઃખ, બેવડાતું જશે, બેટા!' મામાએ કહ્યું.

'દુઃખની તો વાત જ ન પૂછો, મામા! મારા ને માલતીનાં ભાગ્યમાં પહેલેથી જ ક્યાં ઓછાં દુઃખ હતાં?! ભગવાને બધું જ આપ્યું પણ જેનાથી સંસારનો બાગ મહેકી ઉઠે એવું એક ફૂલ અમને ના આપ્યું! ને એટલે બધું જ હોવા છતાં, કશુંય ન હોવા બરાબર જ છે! ને એ જ, દુઃખનો સિલસિલો છેક અહીં સુધી લંબાઈ ગયો...' બકુલે પોતાની વ્યથા વ્યક્ત કરતાં કહ્યું.

મામા, તેના ખભે હાથ મૂકતાં બોલ્યો – 'તારું દુઃખ, હું સમજું છું, બેટા! પણ આમ, દુઃખમાં ને દુઃખમાં બેસી રહીએ તો સુખ ક્યાંથી મળે?! માણસે પોતાની જિંદગીમાં સુખ, પોતાની જાતે શોધવાના હોય છે, બકુલ! આમ, પરિસ્થિતિઓથી હારીને બેસી રહીશ તો-તો કોઈ દિવસ, સુખ તારી પાસે નહીં આવે!'

'તો હું શું કરું? મામા, હું શું કરું? મને તો કોઈ જ રસ્તો સૂઝતો નથી, આ દુઃખમાંથી બહાર નીકળવાનો! મને તો જિંદગી, સાપસીડીની રમત જેવી લાગે છે! એમાં, સુખની સીડીઓ ઓછી છે ને સંકટોનાં સાપ, દરેક વળાંકે મોં ફાડીને ઊભા જ છે...' બકુલે હતાશ થઈને કહ્યું.

તેને આશ્વાસન આપતાં, મામા બોલ્યા – 'તારી જિંદગીને આગળ વધારવાની સીડી બતાવવા જ, ખાસ, હું તારી પાસે આવ્યો છું, બેટા!'

'કઈ સીડીની વાત કહો છો તમે?' બકુલે તરત પૂછ્યું.

મામાએ જવાબમાં કહ્યું – 'તારો અને માલતીનો પ્રેમ હું સમજું છું, બેટા! પણ વાસ્તવિકતા હવે બદલાઈ ચૂકી છે! તારી માલતી હવે દીપુ સિવાય, કોઈની નથી રહી એટલે –'

'એટલે શું? મામા, એટલે શું? કહોને!' બકુલની વિહ્વળતા વધી ગઈ. તેને કોઈ જવાબ આપવાને બદલે મામાએ, તેને સામો સવાલ કર્યો – 'બેટા બકુલ! તને, મારી દીકરી ગમે છે?'

'તમારી દીકરી એટલે?!' બકુલ, આ સવાલ સાંભળતાં જ મૂંઝવણમાં પડી ગયો.

મામા બોલ્યા – 'મારી દીકરી અંબાની વાત કરું છું...'

'હંઅ... પણ શા માટે?!' બકુલે પૂછ્યું.

'તારો સંબંધ, મારી દીકરી અંબાની સાથે કરવા હું તૈયાર છું! ખરું કહું તો હું આજે, તારી પાસે એટલા માટે જ આવ્યો છું...' મામાએ ચોખવટ કરતાં કહ્યું.

બકુલ, આ વાત સાંભળીને, આંખો ફાડીને મામાની સામે જોતો જ રહી ગયો! તેના મનમાં, કોઈ વિચાર ન જન્મ્યો! હોઠ પર કોઈ શબ્દ ન ફરક્યો! બધું જાણે પળવારમાં શૂન્યવત્ થઈ ગયું!

મામા, તેની સામે તાકતા રહ્યા. તેઓ બકુલના જવાબની રાહ જોઈ રહ્યા હતા પણ બકુલ તો કેટલીયે વાર સુધી મૌન જ રહ્યો...

મામાના ગયા પછી પણ બકુલ, મોડી રાત સુધી જાગતો બેઠો હતો. મામાએ કહેલ વાત, હજીય તેના મનમાં પડઘાતી હતી... 'હવે તું, તારી પોતાની જિંદગી વિશે વિચાર, બકુલ! આમ, એક પાગલની પાછળ, તું તારી જિંદગી બરબાદ ન કર! માલતીને હૉસ્પિટલમાં મૂકી દે! ને તું બીજું લગ્ન કરી લે, બકુલ! હા, બેટા! તું ફરીથી એક નવી જિંદગી શરૂ કર...'


મામાએ આજે, તેને ઘણુંય કહ્યું હતું – 'બકુલ! આમ, લાગણીના પ્રવાહમાં વહી જઈને તું, તારી જાતની સાથે અન્યાય ના કર! આમ પણ, માલતી તો કદી માતા બની જ શકવાની નથી! વળી, તેની ઇચ્છા પણ એવી હતી જ ને કે, તું બીજું લગ્ન કરી લે! તો પછી શું વાંધો છે તને?! અરે, તારે કોઈ વારસદાર તો જોઈશે ને?! તારો વંશ તો આગળ ચલાવવો જોશે ને! આમ, વાંઝિયાની જિંદગી તે કાંઈ જિંદગી કહેવાય?! એનાં કરતાં તો –'

બસ, આ છેલ્લું વાક્ય! આ છેલ્લા વાક્યનો શબ્દેશબ્દ બકુલનાં દિલમાં ડંખીલા બાણની જેમ ખૂંપીને વેદના જન્માવતો હતો!

ઘડીભર માટે તે બધું જ ભૂલી ગયો! પછી માલતીની જગ્યાએ અંબાનો વિચાર કરવા લાગ્યો...

(ક્રમશઃ)

(એફ-૨૦/૬૬૬, પ્રથમ માળ, રણજિતનગર,
જામનગર – ૩૬૧ ૦૦૫. મો.: ૯૮૭૯૪૦૧૮૫૨)



# આદિવાસીઓના 'સરદાર'

અરુણ વાઘેલા

પ્રસ્તાવનાઃ સરદાર વલ્લભભાઈ પટેલ ભારતીય સ્વતંત્રતા આંદોલન કે આધુનિક ભારતીય ઇતિહાસનું જ નહીં સમગ્રતયા ભારતીય ઇતિહાસનું એક વિરાટ વ્યક્તિત્વ છે. સંશોધકો તેમના જીવન અને કાર્યને વિવિધ દૃષ્ટિકોણથી તપાસી સરદારના યોગદાનને ઉજાગર કરી રહ્યા છે. તેમાં સંશોધકોનો ઝોક મુખ્યત્વે સ્વતંત્રતા આંદોલનમાં તેમની ભૂમિકા, દેશી રાજ્યોનાં એકીકરણમાં તેમનું યોગદાન પર રહ્યો છે. જાણે કે સરદારના જીવન અને કાર્યને લગતા વધુ ક્ષેત્રો સ્થગિત થઈ ગયા ન હોય? કે સરકારે પાબંધી ફરમાવી ન હોય? બીજી તરફ એક વર્ગ નેહરુ-સરદાર વિવાદને સતત ચગતો રાખી રહ્યો છે. એક સંશોધક તરીકે આનાથી મને એવું લાગી રહ્યું છે કે આપણે સરદારના ઐતિહાસિક મહાત્મ્યને સીમિત કરી રહ્યા છીએ. બીજી તરફ સરદારના વ્યક્તિત્વ અને કર્તૃત્વને તેના પૂરા રૂપમાં પ્રગટાવવા માટે ઘણા મુદ્દાઓ સંશોધકોની રાહ જોઈ રહ્યા છે. ઉદા. તરીકે સરદાર પટેલની નેતૃત્વ ઉદ્ભવ વિકાસપ્રક્રિયા, દલિતો-આદિવાસીઓના ઉત્થાનમાં સરદારનું યોગદાન, સ્વરાજ્યયુગમાં વેઠપ્રથા, કુદરતી આફતો અને ચેપી રોગો, રેલસંકટ વખતે તેમની ભૂમિકા, જ્ઞાતિમંડળોના નવીનીકરણમાં સરદારનું પ્રદાન, તેમના સ્ત્રી ઉત્કર્ષના વિચારો, કોંગ્રેસના વ્યવસ્થાતંત્રના વિકાસમાં તેમનું યોગદાન, ગાંધીવાદી સંસ્થાઓમાં માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં તેમનો ફાળો વગેરે. અત્રે માત્ર ચિંતા, સલાહસૂચનો કરવાનો જ ઉપક્રમ નથી, પણ સરદારના જીવન અને કાર્યના આદિવાસી પાસાંને સંશોધનાત્મક દૃષ્ટિકોણથી જોવાનો નક્કર પ્રયાસ છે. અને આદિવાસીઓમાં રાષ્ટ્રીય અસ્મિતા અને ગાંધીવાદી વિચારસરણી પ્રસરાવવામાં તેમનું પ્રદાન, આદિવાસી મતલબના ગાંધીવાદી રચનાત્મક કાર્યો, આદિવાસી નેતૃત્વ ઉપસાવવામાં સરદારનું યોગદાન, સ્વતંત્રતા આંદોલનમાં સરદારના માધ્યમથી આદિવાસીઓની સહભાગીદારીતા વગેરે મુદ્દાઓને 'આદિવાસીઓના સરદાર' શીર્ષક તળે સમાવવામાં આવ્યા છે. આ વિષય કોઈ ખંતીલા વિદ્યાર્થી માટે લઘુશોધ નિબંધ અને સરદારના આરૂઢ અભ્યાસી માટે લઘુગ્રંથ સર્જવાની શક્યતાસભર છે. લેખના શીર્ષકમાં 'સરદાર' શબ્દ વલ્લભભાઈ પટેલના ઉપનામનું સૂચન તો કરે જ છે સાથે આદિવાસીઓમાં 'સરદાર' (નેતા)ના પદની અહમિયત તરફ પણ દિશાસૂચન કરે છે. શોધપત્રને નક્કર બનાવવા માટે તત્કાલીન સમાચારપત્રો, સામયિકો, સરદારના પ્રકાશિત ભાષણો વગેરે સંદર્ભ સાહિત્યનો આધાર લેવામાં આવ્યો છે. આદિવાસી પ્રવૃત્તિઓના કેન્દ્રો તરીકે પંચમહાલ અને દક્ષિણ ગુજરાતની પ્રવૃત્તિઓ કે જ્યાંના આદિવાસીઓમાં ગાંધીવાદી પ્રવૃત્તિઓનો પ્રભાવ વિશેષ હતો તેને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. હવે મુખ્ય મુદ્દા પર આવીએ.

### ગુજરાતના આદિવાસીઓ સાથે સરદારનો સંપર્કઃ

વલ્લભભાઈ પટેલના જીવનવિકાસને તપાસતાં તેમની પ્રગતિનો ગ્રાફ ૧૯૧૭થી ચડતો જણાય છે. એ પહેલાં ઈ.સ. ૧૯૦૦ના વર્ષે તેઓએ ગુરુબંધુ

વિઠ્ઠલભાઈના પગલે ગોધરાથી તેમની ડિસ્ટ્રિક્ટ પ્લીડર તરીકેની કારકિર્દી આરંભી હતી.[૧] પંચમહાલનું પાટનગર ગોધરાની આજુબાજુ આદિવાસી વસતિ હોવા છતાં આ ગાળામાં ૨૫ વર્ષના યુવાન સરદારને આદિવાસી સમાજજીવનનો પરિચય થયો ન હતો. ૧૯૦૧થી ૧૯૧૭ દરમિયાન, બોરસદ, ઈંગ્લેન્ડ અને અમદાવાદમાં વ્યવસાયી કારકિર્દી અર્થે તેઓ વ્યસ્ત રહે છે. તેમના નેતૃત્વનો મહત્ત્વપૂર્ણ મુકામ ૧૯૧૭ની ગોધરાની પહેલી રાજકીય પરિષદ બને છે. (૩,૪,૫ નવેમ્બર) પરિષદના અંતે રચાયેલા કાર્યવાહક મંડળના તેઓ મહત્ત્વના સભ્ય હતા. પરિષદના પ્રમુખ મહાત્મા ગાંધીએ એ જમાનાના ભયંકર દૂષણ સમાન વેઠપ્રથાના મુદ્દે પરિષદમાં ઠરાવ કરી તેના નિવારણની જવાબદારી પરિષદના કાર્યવાહક મંડળને સોંપી હતી. ગાંધીજીએ કાર્યવાહક મંડળને સ્પષ્ટ કહ્યું હતું કે "આવતી પરિષદ સુધી તમે વેઠપ્રથા દૂર ન કરાવી શકો તો ઘરે બેસી જવું પડશે, ચૂડીઓ પહેરવી પડશે."[૨] ૪૨ વર્ષના વલ્લભભાઈ પટેલે ગાંધીજીની આ ચીમકીને પડકાર ગણી, ખાસ કરીને પંચમહાલ જિલ્લામાં કે જ્યાં વેઠપ્રથાની તીવ્રતા વધુ હતી ત્યાં મોટું આંદોલન ચલાવ્યું હતું. કલેક્ટર અને લાગતાવળગતાઓ સાથે પત્રવ્યવહાર કરી વેઠપ્રથા ગેરકાયદેસર હોવાની પત્રિકાઓ વહેંચી હતી. પરિણામે સ્થાનિક આદિવાસીઓમાં વેઠપ્રથાના વિરોધમાં જાગૃતિ આવી હતી.[૩] ગુજરાતના આદિવાસી સમાજજીવનને નજીકથી જાણવાનો અને તેમના માટે કામ કરવાનો સરદાર માટે આ પ્રથમ પ્રસંગ હતો. પછી તો રાષ્ટરીય આંદોલન અને તેને આનુસંગિક પ્રવૃત્તિઓ સડસડાટ ચાલે છે, જેમાં સરદાર પણ તેમની જાતને પરોવી દે છે. તે પછી તો ૧૯૨૧-૨૨માં બારડોલીમાં ના-કર આંદોલન, અને જિલ્લા તથા તાલુકા કક્ષાએ યોજાતી પરિષદો, સંમેલનોમાં વલ્લભભાઈ છાંયો બની રહ્યા. દેશના છેવાડાના લોકોને સ્વરાજ્ય યજ્ઞમાં સહભાગી બનાવવાના વિચારો અને પ્રયત્નો નક્કર દિશામાં આગળ વધવા લાગ્યા. ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહની સફળતા પછી તેઓ રાષ્ટ્રીય નેતા બન્યા. આ જ ગાળામાં વેડછીનો સ્વરાજ આશ્રમ અને દાહોદનું ભીલ સેવા મંડળ તથા તેના આશ્રમો પ્રગતિ કરી રહ્યા હતા તેમાં સરદારના પુરુષાર્થની વાત આગળ ઉપર જોઈશું પણ તેમની દિલ્હી કે મધ્યભારતની મુલાકાત પછી વચ્ચે આવતા દાહોદની મુલાકાત લેવાનો અને મુંબઈ અને બીજે જતાં વડેછીની મુલાકાતનો શિરસ્તો ભાગ્યે જ તોડ્યો હતો.

૧૯૨૮નો બારડોલી સત્યાગ્રહ વ્યક્તિગત રીતે વલ્લભભાઈ પટેલના વ્યક્તિગત જીવનની આદિવાસીઓ માટે પણ બહુ મોટો ઐતિહાસિક પ્રસંગ હતો. આ સત્યાગ્રહ સાથે મોટા પ્રમાણમાં આદિવાસીઓ મુખ્યધારાના રાષ્ટ્રીય આંદોલનમાં સંકળાયા હતા. આ માટેનું નિમિત્ત ગાંધીજીએ ઊભું કર્યું તો નક્કર કાર્યયોજનાનો શ્રેય સરદારને શિરે જાય છે. બારડોલી તાલુકાના કુલ ૮૭,૦૦૦ની વસતિમાં આદિવાસી વસતિ ૪૯,૦૦૦ (૩૮૦૦૦ દુબળા, ૧૧,૦૦૦ ચોધરા, ગામીત) હતી.[૪] જેઓ નિરક્ષર, પછાત, મુખ્યધારાથી કપાયેલા હતા. એ રીતે સત્યાગ્રહ જેવી ગંભીર પ્રવૃત્તિઓ સાથે આવા સમુદાયોને જોડવા એ ઘણું અઘરું કામ હતું. બંને પાસાંઓને મદ્દેનજર રાખી સરદાર બારડોલી સત્યાગ્રહમાં કાળજીપૂર્વક આગળ વધ્યા હતા. આ માટે પ્રાથમિક કાર્ય આદિવાસીઓને જાગૃત કરી સત્યાગ્રહ અને ના-કર આંદોલનના હેતુઓ સમજાવવાનું કર્યું. તેમણે બારડોલી તાલુકામાં અનેકની સંખ્યામાં સભાઓ યોજી પ્રસ્તુત મુદ્દાઓ આદિવાસીઓ સુધી પહોંચાડ્યા હતા. ઉદા. તરીકે ૨૫ ફેબ્રુ. ૧૯૨૮ના રોજ ૧૫૦ રાનીપરજોની હાજરીમાં તેમણે કહ્યું કે "સરકારે આપણી વિઘોટી વધારી છે તેથી આપણે એની સાથે ઝઘડો પડ્યો છે. આપણી સ્થિતિ સુધરી નથી. છતાં સરકાર આવો વધારો કરે તે વાજબી નથી..., તેમાં તમે પણ આવી જાઓ... આપણે ડરીને પાઈ પણ ભરવી નહીં, તમે ડરો છો એમ સરકાર જાણે છે ત્યાં સુધી ડરાવશે. તમારા જ એક ભાઈને તલાટીએ માર્યો એટલે ડરીને એણે પૈસા ભરી દીધા. આવા નમાલા થાવ એ કેમ ચાલે?..., આખા પ્રાંતમાં તમે દુઃખીમાં દુઃખી છો, જેને પૂરતું ખાવા મળતું નથી, પૂરાં કપડાં મળતાં નથી તેમની પાસેય સરકાર આવો જુલમી કર લેવા નીકળે ત્યારે જ મારા જેવાને સરકાર સામે લડવા નીકળવું પડે છે."[૫] સરદાર પટેલની આવી સભાઓ ૨૫ ફેબ્રુ. ૧૯૨૮, ૧૮, ૩૧ માર્ચ ૧૯૨૮, ૭ એપ્રિલ ૧૯૨૮, ૫ મે ૧૯૨૮ના દિવસોમાં બારડોલી તાલુકાના વિવિધ ગામડાંઓમાં યોજાઈ હતી. તેમના ભાષણોમાં આદિવાસીઓની નિર્ધન અને પછાત

સ્થિતિ તો વ્યક્ત થતી જ સાથે તેઓની જન્મજાત બહાદુરી, આદિવાસીઓના વ્યક્તિગત અભિમાન પણ ઉજાગર કરતા હતા. તેમણે 'અઢારેય વર્ણ એક થાઓ તો આપણે બતાવી શકીએ કે સ્વરાજ લેવું એ તો સહેલું છે'નો સંદેશ આપ્યો હતો.[૬] સરદારની આવી સમસંવેદન, જોશીલી વાણીએ ભયભીત, સદીઓના બાપડા-રાંક રહેલાં આદિવાસીઓમાં સત્યાગ્રહ, ના-કર આંદોલનમાં લડવા માટેની ઊર્જા ઉત્પન્ન કરી હતી. તેમની ગુલામીની વ્યાખ્યા અને સ્વરાજનું ચિંતન પણ ગાંધીને માર્ગે ચાલે છે. આ સંદર્ભમાં ૨૧ એપ્રિલ ૧૯૩૮ના રોજ બારડોલીની હળપતિ પરિષદનું તેમનું ભાષણ ઘણું મહત્ત્વનું છે. તેમણે કહ્યું કે "આ દેશમાં પાંત્રીસ કરોડની પ્રજા છે, પણ તેના માલિક બે લાખ પરદેશીઓ છે જે હજારો માઇલ દૂરથી અહીં આવ્યા છે..., પણ આ મુલકમાં તો આપણા લોકો પોતાના જ ભાઈઓને ગુલામ રાખે છે. આ સુરત જિલ્લાના ખેડૂતો પોતે ગુલામ હોવા છતાં તમને ગુલામ રાખે છે. એ મોટું આશ્ચર્ય છે. આમ તમે તો ગુલામના પણ ગુલામ છો."[૭] આ વેદના તેઓ સદીઓથી પારસી, અનાવિલ અને પાટીદારોના હાળી બની ગુલામ અવસ્થામાં સબડતા દુબળા-આદિવાસીઓના વકીલ બનીને કરી રહ્યા હતા. પરિણામે 'ગુલામોના ગુલામને ગુલામીમાંથી પ્રથમ મુક્ત કરો'ની વાત તેમણે સમયે સમયે દોહરાવી હતી. પરિણામે સ્થાનિક કક્ષાએ રાષ્ટ્રવાદીઓ અને આદિવાસીઓ વચ્ચે ભાવાત્મક અનુબંધ રચાયો હતો.

ગાંધીપ્રેરિત ભારતીય રાષ્ટ્રીય આંદોલન સ્વરાજ્યની સાથે સુરાજ્યના સોણલાં જોતું હતું. ગાંધીએ દક્ષિણ આફ્રિકાના જમાનાથી સુરાજ્યની સ્થાપનાસર રચનાત્મક કાર્યોની અહમિયત દર્શાવી હતી. જેમાં દબાયેલા, કચડાયેલા સમુદાયોના ઉત્કર્ષ અને સ્વરાજ્ય યજ્ઞમાં તેમની ભાગીદારીનો સંદર્ભ હતો. પરિણામે ગાંધીપ્રેરિત રચનાત્મક પ્રવૃત્તિઓમાં આદિવાસી કલ્યાણ પ્રવૃત્તિઓ તેના ૧૪મા અંગ તરીકે સ્થાન પામી હતી. રાષ્ટ્રીય લડતો અને રચનાત્મક પ્રવૃત્તિઓનું કાર્યક્ષેત્ર એકંદર જુદું હોવા છતાં બંનેની સમાંતરતાને લઈ બંને પ્રવૃત્તિઓને નોખી પાડવી મુશ્કેલ છે. રચનાત્મક કામોમાં દારૂબંધી, સ્વચ્છતા, ખાદી, રાષ્ટ્રીય શિક્ષણ, સામાજિક કુરિવાજોની નાબૂદી વગેરેની એ સમયના આદિવાસી સમાજજીવનમાં વિશેષ પ્રાસંગિકતા હતી. આદિવાસી વિસ્તારોમાં આ ભગીરથ કાર્યનું બીડું સરદારે ઊપાડ્યું હતું. તેમણે આદિવાસીઓ દ્વારા જ સ્થપાયેલી રાનીપરજ પરિષદો (૧૯૨૩-૪૧)ના માધ્યમથી ઉપરોક્ત રચનાત્કમ કાર્યો માટે જમીન તૈયાર કરી હતી.[૮] ઉદા. તરીકે ૨૯ એપ્રિલ ૧૯૨૮ના રોજ (પૂના, મહુવા)માં પાંચ હજાર રાનીપરજોને દારૂ, તાડી, માંસાહાર અને ભારે ઘરેણા ત્યાગવા માટે બોધ કર્યો હતો.[૯] તેઓ આદિવાસીઓને દારૂ-તાડી છોડવા ફાયદાઓ પણ પ્રત્યક્ષ કરી આપતા હતા. આ મુદ્દે તેમણે પરદેશી બ્રિટિશ શાસનની સાથે દેશી રજવાડાઓને પણ બક્ષ્યા ન હતા. ઉદા. દાખલ આઠમી રાનીપરજ પરિષદ (ઊનાઈ)માં તેમણે દેશી રજવાડા સામે પુણ્યપ્રકોપ ઠાલવતાં કહ્યું કે 'ઊનાઈના મેળામાં પવિત્ર કુંડોમાં નાહીને પવિત્ર થવાને બદલે ચાર ચાર દારૂના પીઠાં ગોઠવવા એ હિંદુ રાજાને શોભે ખરું? ખેડૂતો કાંતીને પૈસા પેદા કરે તેમાંથી રાજાને પૈસા મળશે. દારૂ કરતાં બીજે રસ્તે પૈસા કમાવવાનું બની શકે એમ છે.'[૧૦] સરદારે પ્રસ્તુત મુદ્દો રજવાડાઓની ધીકતી દારૂની કમાણીના સંદર્ભમાં રજૂ કર્યો હતો. માત્ર નાના રજવાડાઓ જ નહીં વડોદરા જેવાં પ્રથમ કક્ષાના રાજ્ય સામે પણ આ મુદ્દે તેમનો અભિગમ આક્રમક રહ્યો હતો. વડોદરાનરેશની મદ્યપાન નિષેધ માટે સરદારે કરેલી અપીલ જોઈએ: "જે પ્રજા અજ્ઞાન ને રાંક છે, જે ગરીબડી પ્રજા રાજ્યના આશ્રય ઉપર અને ઉજળિયાત પ્રજાની દયા ઉપર જ નભી રહેલી છે, તેમાં દારૂનો વેપાર કરવો, અને તેની પ્રજા વચ્ચે દારૂવાળાઓના જુલ્મો અને જાતજાતની આંટીઘૂંટીઓના ભોગે રાનીપરજને થઈ પડવા દેવા તે ખરેખર રાનીપરજ ઉપર અત્યાચાર છે."[૧૧] આ બાબતે તેમણે આદિવાસીઓ જેવાં નબળા સમુદાયો રાજ્ય સાથે અથડામણમાં આવી નુકસાન ન ભોગવે તેની વિશેષ કાળજી લીધી હતી. તેમના પ્રયત્નોને પરિણામે અને ગાંધીવિચારની નિશ્રામાં આદિવાસીઓ મદ્યપાન નિષેધનું વાતાવરણ જ નહીં અસરકારક આંદોલન ઊભું થયું હતું. આ કાર્યમાં મઢી, સરભોણ, વેડછી, મીરાખેડી (દાહોદ), ઝાલોદ, જેસાવાડામાં સ્થપાયેલા આશ્રમો વેગ આપતા હતા.

આશ્રમોનું આદિવાસીઓ માટે શું મહત્ત્વ હતું તે દેખાડતા મઢીબજારના ભાષણમાં તેમણે જણાવ્યું કે તમારા તાલુકામાં જ બારડોલી તળમાં એક સ્વરાજ

આશ્રમ છે... એમ આ તાલુકામાં જ ઠેકઠેકાણે આશ્રમો કરવામાં આવ્યા છે. આ આશ્રમો તે કાંઈ માલપૂડા ખાઈને તાગડધિન્ના કરનારા બાવાઓના અખાડા ન સમજશો. જ્યારે પ્રજા ઉપર આફત આવી પડે ત્યારે તેની સેવા કરવા માટે આ આશ્રમો બનાવવામાં આવ્યા છે... તેમાં રહેતાં માણસો ભીડને પ્રસંગે તમારી સેવા માટે જ ત્યાં રહે છે.[૧૨] આમ તેઓ આશ્રમોને આદિવાસીઓ માટે સંકટ સમયની સાંકળ તરીકે જોતા હતા. પરંતુ આ આશ્રમ આદિવાસીઓ માટે સંકટ સમયની સાંકળ જ નહીં પરંતુ સુવાસ ઉત્પન્ન કરવાના સાધનો પણ પુરવાર થયા હતા. સુવાસ અર્થાત જીવનસંગ્રામમાં બદલાવ લાવવાનું નિમિત્ત. મદ્યપાન નિષેધ જેટલું મહત્ત્વનું કાર્ય તેમણે ખાદી પ્રસાર, સમાજ સુધારા, ગણોતધારો, કર્જનિયમન ધારો, હાળીપ્રથા નાબૂદી વગેરે ક્ષેત્રે પણ કર્યું હતું. જ્યાં આદિવાસીઓને વધતા-ઓછા પરિણામો પ્રાપ્ત થયાં હતાં.

આદિવાસી પ્રવૃત્તિઓના ક્ષેત્રે સરદાર પટેલના જીવનનો એક મહત્ત્વપૂર્ણ મુકામ આદિવાસી પ્રવૃત્તિઓનું સંસ્થીકરણ અને તેના વિકાસમાં યોગદાન આપવામાં હતો. સ્વરાજ્યયુગમાં જ્ઞાતિ જેવી પરંપરાગત સામાજિક સંસ્થાનું રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓમાં લાભ લેવો એ સરદાર પટેલના નેતૃત્વનો મહત્ત્વપૂર્ણ વિશેષ હતો. ગુજરાત કક્ષાએ પ્રસ્તુત સિદ્ધિનું શ્રેય કોઈને આપવું હોય તો સરદાર પટેલનો કોઈ હરીફ ન હતો. સરદારના આ મહત્ત્વપૂર્ણ જીવનકાર્ય પર સંશોધન કરવાનું ઇતિહાસકારો અને સમાજશાસ્ત્રીઓથી અછૂતું રહી ગયું છે.

જ્ઞાતિ સંસ્થાઓનું સંગઠન અને તેનો રાષ્ટ્રીય આંદોલન અને રચનાત્મક કાર્યોમાં સુયોગ આ વ્યૂહરચના ૧૯૨૩ સુધી આદિવાસી જાતિઓમાં પણ જણાવા લાગી હતી. પંચમહાલના ભીલ અને નાયકાઓ, દક્ષિણ ગુજરાતના ચૌધરી, હળપતિ, ગામીત વગેરેના ગાંધીવાદીઓના માર્ગદર્શનમાં અસરકારક જાતિગત સંગઠનો રચાયા હતા.[૧૩] જેમાં સૌથી મહત્ત્વપૂર્ણ સંગઠન દક્ષિણ ગુજરાતની રાનીપરજ પરિષદો હતી. તેની શરૂઆત ૧૯૨૩માં શેખપુરથી થઈ હતી. આવી ૧૧ જેટલી રાનીપરજ પરિષદો ૧૯૨૧ સુધી યોજાઈ હતી. જેમાં ચાર રાનીપરજ પરિષદો (૧૯૨૩-શેખપુર, ૧૯૨૮-પૂના, ૧૯૨૯-ઊનાઈ અને ૧૯૩૫-મગરકુઈ) ના તેઓ પ્રમુખ હતા.[૧૪] આ પરિષદોમાં તેની કેટલી મહત્તા હતી તેને દર્શાવતાં ૧૯૨૫માં ગાંધીજીએ કહ્યું હતું કે જ્યાં સરદાર પ્રમુખ હોય ત્યાં મારે સંદેશો શાને આપવાનો હોય?[૧૫] આમ ખુદ ગાંધીજીની નજરે સરદાર આદિવાસી પ્રવૃત્તિઓના પર્યાય હતા.

રાનીપરજ પરિષદો આદિવાસીઓને કેળવનારું મહત્ત્વનું માધ્યમ બન્યું હતું. સરદારે આવી પરંપરાગત સંસ્થાના આશ્રયે આદિવાસીઓને તેમનું મનુષ્યત્વ અને જાતિગત વીરતાની લાગણીને ઝકઝોરી હતી. તેમના ભાષણો આદિવાસીઓની ખુમારી જગાડનારાં હતાં. નમૂનારૂપે ૨૩ એપ્રિલ ૧૯૨૮ના રોજ ૧૦મી રાનીપરજ પરિષદમાં તેમણે આપેલાં ભાષણના કેટલાક અંશો જોઈએ: "રાનમાં રહેનાર સિંહ-વાઘ તો ગામમાં રહેનાર મનુષ્યને ડરાવે છે. તો તમે રાનમાં રહેનારા થઈને શહેરીઓ જે તમારાથી ડરી જાય તેમનાથી જ કેમ ડરો છો?" બીજું એક ભાષણ તો રોમેરોમને ઝંકૃત કરે તેવું છે, "તાડ જેવું એક ઊંચું ઝાડ કે જેને પકડાય એવું ડાળખું પણ નથી હોતું, તેના ઉપર જીવને જોખમે ચડી તાડી ઉતારવાની જેનામાં હિંમત છે એવા તમે લોકો, જે લોકોમાં તેના પર ચડવાની હિંમત નથી તેવા લોકોથી કેમ ડરો?"[૧૬] આ બાબત તેમણે આદિવાસીઓના પછાતપણાના સંદર્ભમાં તો ખરી જ સાથે ભદ્રવર્ગીય સ્થાનિક હિન્દુ-પારસી શોષકોથી ભય, ખોફ અનુભવતા આદિવાસીઓને તેનાથી બહાર આણવા કરી હતી. કારણ કે તેઓ તેમના દક્ષિણ ગુજરાતના ક્ષેત્રકાર્ય દરમિયાન અંગ્રેજ ગુલામી અને સાંસ્થાનિક શોષણની સાથે બ્રિટિશ શાસનના પીઠ્ઠુઓ દ્વારા તીવ્રતાથી થતા આદિવાસીઓના શોષણને પ્રત્યક્ષ જોઈ ચૂક્યા હતા. પરિણામે તેઓ આમ કહેવા માટે પ્રેરાયા હતા.

સરદાર પટેલની નિશ્રામાં આદિવાસીઓના જાતિગત સંગઠન નામે 'રાનીપરજ પરિષદો'નું વ્યવસ્થિત માળખું ગોઠવાયું હતું. રાનીપરજ પરિષદોના પ્રકાશમાં આદિવાસીઓમાં સમાજસુધારા, નેતૃત્વઉદય, સ્વતંત્રતાની લડતો, રચનાત્મક કાર્યો માટેનું ઉમદા વાતાવરણ તૈયાર થયું હતું. સૌથી વિશેષ તો તેઓ પોતાના શોષકો સામે આક્રમક રીતે લડવા તૈયાર થયા

તે હતું. 'રાનીપરજમાં જાગૃતિ' (૧૯૭૧) ગ્રંથમાં સરદારશ્રી જોશીલી વાણીથી શોષણ સામે જાગૃત થયેલા આદિવાસીઓએ પારસીઓની શી વલે કરી તેના દાખલાઓ નોંધાયા છે. ટૂંકમાં રાનીપરજોમાં સરદારની સંસ્થાકીય સરદારી પણ ઇતિહાસ પ્રસિદ્ધ રહી.

વલ્લભભાઈ પટેલ વ્યવસ્થાપન, સંગઠનના માણસ હતા. સમાજના દબાયેલાં-કચડાયેલાંઓ રાષ્ટ્રની મુખ્યધારામાં આવી. રાષ્ટ્રનિર્માણ માટે તેમું કર્તૃત્વ અદા કરે એ તેમની નેમ હતી. પંચમહાલ જિલ્લામાં કાર્યરત ભીલ સેવા મંડળ અને તેના પૂરક આશ્રમોને તો સમયે સમયે ગુજરાત પ્રાંતિક સમિતિ દ્વારા તેમણે આર્થિક મદદ સંપડાવી જ હતી, સાથે વેડછી આશ્રમ તો સરદાર પટેલના જીવનની અનુપમ કૃતિ હતી. આ આશ્રમનાં બાંધકામો ૧૯૨૮ના બાડોલી સત્યાગ્રહ પછી થયાં હતાં. બારડોલી સત્યાગ્રહની સફળતા પછી સત્યાગ્રહ ફંડની બચેલી રકમમાંથી ૩૦ હજાર રૂપિયા વેડછી આશ્રમને આપ્યા હતા. આ ઉત્સાહજનક વાતાવણમાં સ્થાનિક આદિવાસી આગેવાન રૂપલા અઘરાભાઈએ તેમની ૩૦ એકર જમીન આશ્રમ માટે દાન કરી હતી.[૧૭] આમ સ્વરાજ્યયુગના પ્રારંભે જરૂરી માળખાકીય સુવિધાઓ એ સરદારની દેન હતી.

સ્વરાજયુગમાં રાષ્ટ્રનેતા સરદાર પટેલ અને આદિવાસીઓ વચ્ચેના પારસ્પારિક સંપર્કો, સતત સહવાસ, પ્રભાવના શાં પરિણામો આવ્યા તેના વિશે જોઈએ.

(૧) સરદારના સહવાસનું પહેલું પરિણામ તે આદિવાસીઓમાં નિષ્પન્ન થયેલી નીડરતા, નિર્ભયતા હતી. જે હિંસક નહીં પરંતુ અહિંસક હતી. હવેનું આદિવાસીપણું બીકણ, ડરપોક નહીં બલ્કે નીડર હતું. બારડોલી સત્યાગ્રહના ગાળામાં લોકમત કેળવવા નીકળતા સત્યાગ્રહીઓ અને સત્યાગ્રહ દરમિયાન જમીન-મહેસૂલ ન ભરવાના સમયમાં તેને લગતા અનેક દાખલાઓ ઉપલબ્ધ છે. ઉદા. તરીકે ૨૬ ફેબ્રુ. ૧૯૨૮ના રોજ ના-કર માટે સરદારે આપેલા સંદેશના પ્રતિભાવમાં આદિવાસીઓએ આપેલા પ્રતિભાવોના દાખલા ઈશ્વરલાલ દેસાઈએ 'બારડોલી સત્યાગ્રહ' (૧૯૭૦) ગ્રંથમાં નોંધ્યા છે.

(૨) ગાંધીવાદી પ્રતિનિધિત્વ તરીકે સરદાર પટેલે આદિવાસીઓ સમક્ષ સુસંસ્કૃત જીવનનો ખ્યાલ રજૂ કર્યો હતો. સ્વાતંત્ર્યની લડતો અને રચનાત્મક કાર્યો દ્વારા રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં તેઓની ભાગીદારી મેળવી હતી. ભદ્રવર્ગીય ગાંધીવાદીઓના સહવાસ અને ગાંધીવાદી આશ્રમી સંસ્કારોની નિશ્રામાં આદિવાસીઓ સમાજની મુખ્યધારામાં પ્રવેશતા થયા હતા. બાળકોના નામ સંસ્કારી પાડવા, ભારે ઘરેણાનો ત્યાગ, દેવીના ધૂણાનો અંત વગેરે સરદાર પટેલના વૈચારિક પ્રભાવમાં થયેલી આદિવાસી પ્રવૃત્તિઓ હતી.[૧૮] અલબત્ત આમાંની કેટલીક પરંપરાગત આદિવાસી સંસ્કૃતિ સામે આઘાતજનક પરિસ્થિતિ નિર્માણ કરનારી હતી. ઉદા. તરીકે દેવીના ધૂણાઓ દેવી આંદોલન પછી સામાજિક-ધાર્મિક સુધારા પ્રવૃત્તિઓનું પ્રતીક બન્યા હતા. પરંતુ મુખ્ય ધારાના પ્રવેશ પછી દેવી આંદોલન ગાંધીવાદી-આંદોલનમાં વિલીન થઈ ગયું હતું.[૧૯] આમ આદિવાસીઓનો મુખ્યધારામાં પ્રવેશ અને આદિવાસીઓની પરંપરાગત પ્રવૃત્તિઓ પરસ્પર વિરોધાભાસી સાબિત થઈ હતી.

(૩) સરદાર પટેલ અને મહાત્મા ગાંધી બંને યુગપુરુષો આદિવાસીઓની બેવડી ગુલામી (પહેલી અંગ્રેજોની, બીજી સ્થાનિક ભદ્રવર્ગની)નો સ્વીકાર કરતા હતા, પરંતુ બહિષ્કારનો પ્રશ્ન આવતો ત્યારે તેઓ ભારતીય સમાજની અંદર જ બહિષ્કારની વાતને સ્વીકારતા ન હતા. તેમના મતે આંતરિક બહિષ્કાર આંદોલન વર્ગવિગ્રહને જન્મ આપશે. જેની કિસાનસભાવાદીઓ અને સામ્યવાદીઓ (સહજાનંદ સરસ્વતી, ઇન્દુલાલ યાજ્ઞિક, ડૉ. સુમન્ત મહેતા, ડી.એમ. યાંગારકર, ગોદાવરી પારૂલેકર, દિનકર મહેતા વગેરે)એ આકરી ટીકા કરી હતી.[૨૦] કિસાનસભા (૧૯૩૬)ના ઉદય માટે આ પરિબળ પાયારૂપ બન્યું હતું.

(૪) આદિવાસીઓ માટે સરદારના સધિયારા અને સમર્પણને કારણે નવી ઊર્જા પેદા થઈ હતી. સ્વતંત્રતા આંદોલન અને ગાંધીપ્રેરિત રચનાત્કમ કાર્યોમાં ભાગ લેવાની તેમની હોંશમાં ખાસ્સો વધારો થયો હતો. પરિણામે સેંકડોની સંખ્યામાં આદિવાસી સ્વાતંત્ર્ય સૈનિકો અને રચનાત્મક કાર્યકરો તૈયાર થયા હતા.

મારા ક્ષેત્રકાર્ય દરમિયાન મળેલી જાણકારી મુજબ માત્ર વેડછી ગામમાં ૪૦ જેટલા સ્વતંત્રતા સૈનિકો હતા. ગુજરાતનું કોઈ એક ગામ સ્વતંત્રતા સૈનિકોનો આટલો સમૃદ્ધ વારસો ધરાવતું હોય તેવું ધ્યાનમાં નથી. સમયાંતરે દાંતાથી લઈ ડાંગ સુધીના આદિવાસી પટ્ટામાં સેંકડોની સંખ્યામાં આદિવાસી સ્વાતંત્ર્ય સૈનિકો તૈયાર થયા હતા. જેનો શાસ્ત્રીય કહેતાં વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ થવાનો હજુ બાકી છે.

સમાપનઃ પ્રસ્તુત લેખમાં સરદાર પટેલના જીવન અને કાર્યનું એક નવતર પાસું ઉદ્‌ઘાટિત થતું આપણે જોયું. એક બિનઆદિવાસી નેતાએ આદિવાસી સમાજની કરેલી કાયાપલટ, માનસપલટનો આ ઇતિહાસ હતો. પાછળથી તો તેમણે આ નબળા સમુદાયના વાલી બનીને તેમના ઉત્કર્ષના રસ્તાઓ વિચાર્યા હતા. ૧૯૪૦ પછી વિભિન્ન વિચારસરણીઓના આક્રમણો વચ્ચે કયા રસ્તે જવું તેની વિમાસણમાં આદિવાસીઓ સપડાયા હતા, ત્યારે આદિવાસીઓમાં સરદાર (નેતા) જે રીતે નિર્ણય લેતો હોય છે તેવી રીતે આદિવાસી સમાજ વતી નિર્ણયો કરી આ નબળા સમુદાયોને બ્રિટિશ દેશી રજવાડા અને સ્થાનિક ભદ્ર વર્ગ સાથે અથડાતો બચાવ્યો હતો. આ સમગ્ર ઇતિહાસને આવા નાના લેખમાં ન મૂકી શકાય તેના માટે સ્વતંત્ર ગ્રંથ કે એમ.ફિલ. કે પીએચ.ડી. કક્ષાના સંશોધનો થવા જોઈએ. છેલ્લે આદિવાસી સાહિત્યમાં સરદાર કેમ પ્રતિબિંબિત થયા છે તેની વાત કરીને આ લેખને પૂરો કરીએ.

*'વલ્લભ વીરને ધીર જવાહર.*
*આઝાદ દેશ નેતા ધન્ય હો – બહાદુર બન જા.'*

અને

*'જવાહર સંભાળે દેશના સુકાન*
*વલ્લભ વીરલો ફેરવે આણ.'*

**સંદર્ભોઃ**


૧. અરુણ વાઘેલા, ઇતિહાસ અન્વેષણા, ગોધરા, પૃ. ૮૨-૯૨, 'વલ્લભભાઈ પટેલની નેતૃત્વવિકાસ પ્રક્રિયા.'

૨. જુઓઃ પહેલી ગુજરાત રાજકીય પરિષદનો અહેવાલ, ગોધરા, ૧૯૧૮, ઠરાવ નંબર-૨૫.

૩. અરુણ વાઘેલા, પૃ. ૮૩-૮૪.

૪. ઈશ્વરલાલ દેસાઈ, રાનીપરજમાં જાગૃતિ, સુરત, ૧૯૧૭, પૃ. પ્રસ્તુત પુસ્તક ગુજરાતના ગાંધીયુગીન આદિવાસી ઇતિહાસ માટે ઘણું મહત્ત્વનું છે અને તેના પુનઃ પ્રકાશનની તાતી આવશ્યકતા છે. અને નરહરિ પરીખ, બારડોલીના ખેડૂતો, સુરત, ૧૯૨૬, પૃ. ૨૭.

૫. ઈશ્વરલાલ દેસાઈ, બારડોલી સત્યાગ્રહ, સુરત, ૧૯૭૦, પૃ. ૯૯.

૬. એજન, પૃ. ૧૪૪-૪૮, સરદારનું ભાષણ.

૭. હરિજનબંધુ, ૧-૫-૧૯૩૮.

૮. જુઓઃ નયામાર્ગ (પાક્ષિક) અંકઃ ૧૫-૧૬, વર્ષઃ ૨૦૧૧માં 'સંસ્થા નિર્માણ અને સમાજ પરિવર્તન': ગાંધીયુગીન રાનીપરજ પરિષદો (૧૯૨૩-૪૧)ના સંદર્ભ'માં નામનો અરુણ વાઘેલાનો લેખ.

૯. નિદ્રાત્યાગ અથવા પહેલી ચાર કાળીપરજ પરિષદોના અહેવાલો, સુરત, ૧૯૨૭, પૃ. ૨.

૧૦. એજન.

૧૧. રાનીપરજમાં જાગૃતિ, પૃ. ૮૯.

૧૨. એજન. પૃ. ૨૭૭

૧૩. નયામાર્ગ, પૂર્વ ઉલ્લેખિત.

૧૪. જુઓઃ રાનીપરજમાં જાગૃતિ અને નિદ્રાત્યાગ ઉપર મુજબ.

૧૫. રાનીપરજમાં જાગૃતિ, પૃ. ૭૨.

૧૬. નવજીવન (પાક્ષિક), ૬-૫-૧૯૨૮.

૧૭. જુગતરામ દવે, ખાદીભક્ત ચુનીભાઈ, અમદાવાદ, ૧૯૬૬, પૃ. ૯૫.

૧૮. નયામાર્ગ, ઉપર મુજબ

૧૯. એજન.

૨૦. પ્રસ્તુત ચર્ચા માટે જુઓઃ સુમન્ત મહેતા, હાળી (જમીનના ગુલામો) સુરત, ૧૯૩૯, દિનકર મહેતા, પરિવર્તન (આત્મકથા), અમદાવાદ, ૧૯૬૬, ઈન્દુલાલ યાજ્ઞિક, આત્મકથા ભાગ-૫, (કિસાનકથા), અમદાવાદ, ૧૯૫૭. સહજાનંદ સરસ્વતી, મેરા જીવન સંઘર્ષ (આત્મકથા, હિન્દી) પટણા, ૧૯૫૨ અને કમળાશંકર પંડ્યા, વેરાન જીવન, વડોદરા, ૧૯૭૪.



(એસોસિએટ પ્રોફેસર, ઇતિહાસ, સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)



# કૃષિ ઉત્પાદકતા જાળવીએ

**એપીજે અબ્દુલ કલામ**

**(આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ યોજાયેલા નવમા પદવીદાન સમારંભમાં વિતરણ કરાયેલા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામના અંગ્રેજી વ્યાખ્યાનનો અનુવાદ)**

**"ખેડૂત સહાય ઈચ્છતો નથી, ખેડૂત માંગે છે, ખરા સમયે અને સારા સ્રોત મારફતે તૈયાર થતા ખાત્રીબદ્ધ બિયારણો, ખાતરો અને જંતુનાશક દવાઓ."**

કૃષિ તાંત્રિકતાઓના અભ્યાસ માટે આ કૃષિ યુનિવર્સિટીએ પોતાની આગવી વિશેષતા ઊભી કરી છે તે જાણી મને આનંદ થાય છે. આણંદ કૃષિ યુનિવર્સિટી પણ સંશોધન ક્ષેત્રે ઉત્પાદકતા, ટકાઉપણા તથા ખેડૂતઆલમની સામાજિક-આર્થિક પરિસ્થિતિ બાબતે ઉચ્ચ અગ્રિમતા આપે છે. આણંદ કૃષિ યુનિવર્સિટી પાસે 'અનુભવ સીડસ' નામે બીજ ઉત્પાદનની પોતાની બ્રાન્ડ છે. તે દ્વારા ખેડૂતોને ગુણવત્તાયુક્ત (વિશ્વસનીય) બિયારણો પૂરાં પાડે છે એટલે હું પ્રભાવિત થયો છું. હું સ્નાતક થનાર તમામ વિદ્યાર્થીઓ તથા તેઓના યુવામાનસને ઢાળનાર વિદ્યાશાખાઓના સભ્યોને મારાં અભિનંદન પાઠવું છું.

મિત્રો, ઉદ્યોગ સાહસિકતા સમાજની સુખાકારી અને વિકાસ માટે મહત્ત્વનો ફાળો આપે છે. તેના થકી રોજગારીની તકો વધે છે, નવીનીકરણ થાય છે અને હરીફાઈને વેગ મળતાં ઉત્પાદકતામાં સુધારો થાય છે. કૃષિ અને બિન-કૃષિ ક્ષેત્રને એક સામાજિક મિશન હેઠળ આવરી લઈ સંકલિત ગ્રામ્ય વિકાસ દ્વારા ખેડૂતોને સમૃદ્ધિ તરફ દોરી જઈ કૃષિ ઉત્પાદકતા વધારી શકાય તેમ છે. આ બાબતને ધ્યાને લઈ કૃષિ ઉત્પાદકતાની જાળવણી માટે મારા કેટલાક વિચારો રજૂ કરું છું.

## કૃષિક્ષેત્રમાં સહકારી ચળવળ

મિત્રો, આજે કૃષિ ક્ષેત્રમાં અનેકવિધ સમસ્યાઓ પૈકીની એક મુખ્ય સમસ્યા છે ખેડૂતોની ટૂંકી જમીનધારણશક્તિ અને તેમાં પણ આપણી કુટુંબપ્રથાને કારણે જમીનમાં ભાગ પડતાં ઘટાડો થતો રહે છે. આવા સંજોગોમાં ઉત્પાદકતા વધારવા માટેનો ફક્ત એક ઉપાય છે. ગ્રામીણ ક્ષેત્રે સકારાત્મક સહકારી ચળવળ ઊભી કરવી અને તે દ્વારા નાના ખેડૂતોને એક છત્ર હેઠળ લાવી કૃષિમાં યાંત્રિકીકરણ, મોટા કોઠારોમાં સંગ્રહ, મૂલ્યવર્ધન અને કૃષિપેદાશોનું માર્કેટિંગ કરાવવું. સદ્નસીબે ગુજરાત પાસે દૂધ ઉત્પાદન ક્ષેત્રે સહકારી ચળવળનો અદ્ભુત અનુભવ છે.

ખેડૂતો દ્વારા શાકભાજી અને ફળફળાદિના ઉત્પાદનમાં વધારો થયો છે અને દરેક પાકોમાં લઘુત્તમ ટેકાના ભાવ બજારની વિષમતાને કારણે મળતા નથી. તે પરિસ્થિતિથી હું વાકેફ છું. વ્હાલા કૃષિ નિષ્ણાતો, મને એ જણાવો કે ખેડૂતોને બજાર ભાવની તકલીફ અંગે આપે કયા પ્રયાસો કર્યા. તેનો માત્ર એક ઉકેલ છે ખેડૂતોની સહકારી ચળવળ જ્યારે ખેડૂતો દ્વારા ખેતીના ઉત્પાદનામાં વધારો થશે ત્યારે આ સહકારી માળખું

અને તેના દ્વારા ઊભું કરવામાં આવેલું બજારનું નેટવર્ક વ્યકિતગત રીતે પ્રત્યેક ખેડૂત સભ્યને માંગ - પુરવઠા મુજબ વેચાણ થકી ઓછા ખર્ચે વધુ નફો પૂરો પાડશે. વધુમાં ઉદ્યોગ સાહસિકો ખેતી પેદાશના વૈવિધ્યીકરણ અને મૂલ્યવર્ધન દ્વારા સમાજના વિવિધ વર્ગના લોકોની જરૂરિયાતો પૂરી પાડશે.

તાજેતરમાં જ મેં એક બહુરાષ્ટ્રીય કંપનીની હૈદ્રાબાદ મુકામે મુલાકાત લીધી હતી ત્યાં હાઈબ્રિડ મકાઈની એક જાત મેં જોઈ, જે હાલની જાતો કરતા અનેક ગણી વધારે ઉત્પાદકતા ધરાવે છે. આ પૃષ્ઠભૂમિને ધ્યાને લઈ આણંદ કૃષિ યુનિવર્સિટી કૃષિ શિક્ષણ અને સહકારી ખેતીની તાલીમસહ અભ્યાસ તથા ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રે અગ્રતા આપે.

મેં શોધ્યું છે કે ગ્રામીણ ક્ષેત્રના ટકાઉ વિકાસ માટે આપણને ''પુરા'' (PURA-Providing Urban Amenities in Rural Area)ની જરૂર પડશે. ''પુરા'' એટલે કે ગ્રામ્ય વિસ્તારમાં શહેરી સવલતો પૂરી પાડવી. આ માટે ભૌતિક વિજાણુ અને જ્ઞાનનું જોડાણ જરૂરી છે. તે આપણને આર્થિક લાભ તરફ દોરી જશે. આ જાતના ''પુરા'' ગ્રામ્ય ઉદ્યોગ સાહસિકતા દ્વારા ચલાવાશે અને તે સમગ્ર વિસ્તારના વિકાસનું કેદ્ર બનશે.

આજે ભારતના અંદાજે ૭૦ કરોડ લોકો ગામડાંમાં વસે છે અને તેથી જ સમૃદ્ધિના ધ્યેય તરફ પ્રયાણ કરવા માટે ગ્રામ્ય વિસ્તાર મહત્ત્વનો છે. તાર્કિક પગલાં રૂપે આપણે ગામડાઓનો ટકાઉ વિકાસ કરી શકીએ. તે માટે પૂરતું ધ્યાન આપવું જરૂરી છે. ભારતના વિકાસ માટે ૬ લાખ ગામડાંનો વિકાસ જરૂરી છે. ગ્રામ્ય વિસ્તારમાં ટકાઉ વિકાસનો પાયો નાખવા ''પુરા'' જરૂરી છે. તે ગ્રામ્ય વિસ્તારમાં શહેરી સવલતો પૂરી પાડી શકે છે. જો આપણે ''પુરા''ને એક મિશન તરીકે લઈએ તો આપણે ગામડાંને જ્ઞાનસંચય કેન્દ્રો દ્વારા સમૃદ્ધ અને ગ્રામ્ય લોકોને ઉદ્યોગસાહસી બનાવવા જોઈએ. આ પ્રકારના મિશનનો ફેલાવો ગામડાંના સમૂહ બનાવી અને સહકારી ચળવળ દ્વારા કરવો તે ગ્રામ્ય લોકોને સમૃદ્ધિ તરફ અચૂક દોરી જશે.

**ટકાઉ વિકાસના ઘટકો**

પ્રિય મિત્રો, હું ટકાઉ વિકાસ એટલે શું તે અંગે ચર્ચા કરવા માંગું છું. ટકાઉ વિકાસ એટલે સંકલિત વિચારણા અને કાર્યો કે જે ફક્ત મૂળભૂત નાણાકીય પદ્ધતિ તરફ ન દોરી જતા સામાજિક વિકાસ, પર્યાવરણ સંરક્ષણ, તાંત્રિક પ્રેરણા અને રોજગાર સર્જન તરફ ખાસ ભાર મૂકે છે. ગ્રામ્ય ભારતના સંદર્ભે જોઈએ તો, ૮૦ કરોડ ગ્રામ્ય નાગરિકો માટે સ્વીકાર્ય અને અનુકૂળ હોય તેવો કાર્યનકશો બનાવવો, જે સામાજિક-આર્થિક ઉત્ક્રાંતિ દ્વારા નાગરિકોને સશક્તિકરણ અને ક્ષમતાના વિકાસપથ તરફ લઈ જઈ સારું ગુણવત્તાયુકત જીવન જીવવા તરફ દોરી જાય. તે સમાજને વણાટ કરેલ કાપડની જેમ મજબૂતાઈથી હારબંધ પકડી રાખે, દરેકને માન આપે અને પર્યાવરણની જાળવણી કરે. ટકાઉ વિકાસ માટે સામૂહિક શિક્ષણ, પેદાશો તથા સેવાઓમાં સતત સુધારણા અને સ્થાનિક રીતે લભ્ય સાધનો પ્રમાણે આવક વૃદ્ધિ માટેની તકો ઊભી કરવી જોઈએ.

મિત્રો, આજે જયારે આપણે ટકાઉ વિકાસ માટેની તકો અને પડકારો વિશે ચર્ચા કરીએ છીએ ત્યારે આપણે ''પુરા'' જેવી બાબતો ધ્યાને રાખવી જોઈએ. કૃષિ ઉપર જ ધ્યાન કેન્દ્રિય કરવા ઉપરાંત ''પુરા''ના લક્ષ્ય દ્વારા ખેતપેદાશ પ્રક્રિયા, ગ્રામ્ય કલા કારીગરી, ડેરી, મત્સ્યપાલન અને મત્સ્યપેદાશના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવે તો જે તે વિસ્તારનો ખાસ વિકાસ થતાં તેની બિનખેતી આવકમાં વધારો કરી શકાશે. વધુમાં પુનઃપ્રાપ્ય ઊર્જાના સ્રોત, સૂર્ય, પવન, જૈવિક બળતણ, મ્યુનિસિપાલિટીનો કચરો અને વન્ય કચરાનું પુનઃપ્રાપ્ય ઊર્જામાં રૂપાંતર કરી ગ્રામ્ય અર્થકરણને વેગ આપી શકાય . આ માટે '' પુરા'' ના ઉદ્યોગ સાહસિક દ્વારા જે તે વિસ્તાર માટે નિયત વ્યાપારી મોડેલ તૈયાર કરવા જરૂરી છે. આમ ગ્રામ્ય ક્ષેત્રના ટકાઉ વિકાસ માટે આવો ખાસ અભિગમ અપનાવવો પડશે.

ભૂતકાળમાં સરકારી, ખાનગી અને જાહેર ક્ષેત્રો દ્વારા વિવિધ ક્ષેત્રે ગ્રામ્ય વિકાસના પ્રયાસો કરવામાં આવેલા. દાખલા તરીકે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા, આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા, રસ્તાઓ બનાવવા, ઘરો

બાંધવાં, બજાર માટે મકાનો બનાવવાં, ચોકકસ ગ્રામ્ય વિસ્તાર પૂરતું સંદેશાવ્યવહારનું જોડાણ આપવું વગેરે કાર્યો ભૂતકાળમાં વ્યકિતગત ધોરણે કરવામાં આવતાં હતાં. છેલ્લા કેટલાક દશકા દરમિયાન આપણે અનુભવ્યું છે કે, આવી પ્રવૃત્તિઓની શરૂઆત સારી થાય છે જેમ કે ભારે વરસાદ થતાં અનેક ઝરણાંમાં પાણી વહેવા માંડે, પરંતુ જેવો વરસાદ બંધ પડે કે થોડા જ દિવસો બાદ બધાં જ ઝરણાં સૂકાઈ જાય કારણ કે આવા વધારાના પાણીને એકત્રિત કરી ચોકકસ સ્થળે સંગ્રહવા માટેની કોઈ વ્યવસ્થા આપણી પાસે નથી. આવી જ રીતે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વ્યક્તિગત પ્રવૃત્તિઓ કરવામાં આવે, ત્યારે શાળા અથવા વધારાના રસ્તાઓ માટે સરકાર કે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલો ટેકો જેવો પરત ખેંચી લેવામાં આવે કે તરત જ તે શાળા કે રસ્તાઓનું અસ્તિત્વ મટી જાય છે. આથી પ્રથમવાર ''પુરા''માં રોજગારીસર્જન માટે સંકલિત વિકાસ યોજનાને પ્રાધાન્ય આપવામાં આવેલું છે. તે દ્વારા રહેઠાણ, આરોગ્ય, શિક્ષણ કુશળતાનો વિકાસ, ભૌતિક અને વિજાણુ જોડાણ અને વેપારલક્ષી માર્કેટીંગ દ્વારા વ્યવસ્થિત રીતે ટકાઉ વિકાસ શકય બનશે.

મને ''પુરા''ના લાક્ષણિક મોડલની ટૂંકી ચર્ચા કરવા દો. ''પુરા'' જોડાણો તરફ દોરી જાય છે.

''પુરા'' માટે ચાર પ્રકારના સ્તરે જોડાણની આવશ્યકતાની જરૂરિયાત છે, જે સ્થાનિક હરીફાઈ અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખી કાયમી કરવી જોઈએ.

(૧) ગામડાં મુખ્ય શહેરો અને મોટા શહેરો સાથે સારા રસ્તાઓ અને જરૂર પડે ત્યાં રેલવેથી જોડાયેલાં હોવાં જોઈએ. ગામોમાં શાળા, કોલેજે, હોસ્પિટલ અને સ્થાનિક વસ્તી તથા મુલાકાતીઓ માટે માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ હોવી જોઈએ, આને ભૌતિક જોડાણ કહે છે.

(૨) આજના ઊભરતા જ્ઞાનના યુગમાં આપણું પુરાતનજ્ઞાન જળવાવું જોઈએ અને તેનો તાંત્રિકતા, તાલીમ અને સંશોધનના આધુનિક સાધનો દ્વારા વિકાસ થવો જોઈએ. ગામડાઓનું મૂલ્યાંકન સારા શિક્ષકો દ્વારા સારું શિક્ષણ, આરોગ્ય સંભાળના સારા લાભો તથા કૃષિ મત્સ્ય, બાગાયત અને ખાદ્ય પ્રક્રિયા ક્ષેત્રની આધુનિક માહિતીની સમજણ થકી થવું જોઈએ, આને વીજાણુ જોડાણ કહે છે.

(૩) એક વાર ભૌતિક અને વીજાણુ જોડાણ શકય બને એટલે જ્ઞાનનું જોડાણ શકય બને આ પ્રકારની સવલત દ્વારા ઉત્પાદકતા વધારવાની ક્ષમતા ઊભી થાય, વધારાના સમયનો ઉપયોગ થાય, આરોગ્ય કલ્યાણ અંગે જાણકારી વધે, ઉત્પાદનો માટે બજારની ખાતરી મળે, ગુણવત્તા અંગેની સભાનતામાં વધારો થાય, ભાગીદારો સાથે આદાન-પ્રદાન થાય, ઉત્તમ પ્રકારનાં સાધનો મેળવી શકાય, પારદર્શિતામાં વધારો થાય તેને જ્ઞાન જોડાણ કહેવાય કે જે ગ્રામ્ય વિસ્તારના કેન્દ્રીય વિકાસ માટે તાંત્રિકતાની સવલત પૂરી પાડવામાં મદદરૂપ બને છે. આમ આ ત્રણ પ્રકારના જોડાણો સંકલિત રીતે આર્થિક જોડાણ તરફ દોરી જાય છે.

(૪) એક વાર ભૌતિક, વીજાણુ અને જ્ઞાન એમ ત્રણેયના જોડાણની સવલત ઊભી થાય તો તે આર્થિક જોડાણ તરફ દોરી જઈ આવક વધારવાની ક્ષમતા પેદા કરે છે. જયારે આપણે ''પુરા''ની સવલત પૂરી પાડીશું ત્યારે તે ગ્રામ્ય વિસ્તારને ઉત્થાન તરફ દોરી જશે. આપણે, આ માટે ગ્રામ્ય કક્ષાએ વેપાર આયોજન અધિકારીઓ તેમજ નાના અને લઘુ ઉદ્યોગો અંગેની અસરકારક અને ઉપયોગી પદ્ધતિઓના ઓળખ થકી રોકાણકારોને આકર્ષી શકીશું.

એક અંદાજ મુજબ ૬ લાખ ગામડાંમાં રહેતી દેશની સાઠ કરોડ વસ્તીને આવરી લેવા માટે સાત હજાર "પુરા"ની જરૂર રહેશે. દેશની ઘણી શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય સંસ્થાઓ, ઉદ્યોગો અને અન્ય સંસ્થાઓ દ્વારા ''પુરા''ની શરૂઆત કરવામાં આવી છે. ભારત સરકારે પણ રાષ્ટ્રીય કક્ષાએ કેટલાક જિલ્લાઓમાં ''પુરા''ની સવલતોનું અમલીકરણ શરૂ કરેલું છે. ''પુરા'' દ્વારા થયેલ ગ્રામ્ય વિકાસનાં ઉદાહરણો અને આંતરાષ્ટ્રીય અનુભવો થકી ''ટારગેટ થ્રી બિલિયન'' પુસ્તક આકાર પામેલું છે.

### ''પુરા''ની લાક્ષણિક કામગીરી

દેશના વિવિધ ભાગોમાં કાર્યરત કેટલાક ''પુરા''ની કાર્યશૈલીનો અભ્યાસ ''પુરા'' અંગેની વધુ માહિતી ઉપર પ્રકાશ પાડશે. જેમ કે ''પેરિયાર પુરા'', ''લોની પુરા'', ''ચિત્રકુટ પુરા'', ''મીનાક્ષી પુરા'' અને ''વારણા પુરા''. અહીં હું વારણા પુરાની કેટલીક બાબતો અંગે પ્રકાશ પાડીશ.

### વારણા પુરાઃ ખેડૂતો દ્વારા સહકારી કાર્યો

મિત્રો, મેં માર્ચ -૨૦૧૦માં કોલ્હાપુર જિલ્લાની વારણા ખીણમાં અનેક વિદ્યાર્થીઓ, ખેડૂતો, દૂધ ઉત્પાદકો, ગ્રામ્ય ઉદ્યોગસાહસિકો અને ગ્રામ્યલોકો સાથે આદાન પ્રદાન કરેલું અને તાત્યા સાહેબ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયરિંગ અને ટેકનોલોજીના ''પુરા'' કેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

આ વારણા પુરા મિશનની શરૂઆત સન ૧૯૫૦માં સહકાર મહર્ષિ તરીકે જાણીતા મહાન સામાજિક કાર્યકર શ્રી તાત્યા સાહેબ કોરે દ્વારા પછાત અને દૂષણોયુક્ત પ્રવૃત્તિઓથી ખદબદતા વારણા વિસ્તારને ઉગારવા માટે ખાંડની સહકારી ચળવળ દ્વારા થઈ હતી. આ વારણા પુરાના ઉદ્‌ભવ થકી ગ્રામ્ય વિસ્તારનાં ૬૯ ગામડાં અને અંદાજે ચાર લાખ લોકોને સહકારી માળખાના મોડેલના અમલીકરણ હેઠળ આવરી લેવામાં આવેલા છે. આજે પુરા મોડલના ૬૦ હજારથી વધુ ખેડૂતો, મહિલા ઉદ્યોગસાહસિકો અને ગ્રામ્યલોકો સભ્યો છે. આ દરેક સહકારી મંડળીના સભ્યો સતત દર વર્ષે ૨૫ ટકાથી વધુ ડિવિડન્ડ મેળવી રહ્યા છે.

વારણા પુરા કાર્યક્રમે ખાંડ અને દૂધની બનાવટોના મૂલ્યવર્ધન દ્વારા આવકનું સર્જન કરવામાં, નવીન કૃષિ પદ્ધતિઓ અને ઉદ્યોગસાહસિકતા અપનાવવામાં અને દરેક માટે અક્ષરજ્ઞાન તથા આરોગ્ય અંગે સફળતા પ્રાપ્ત કરી છે. ધી વારણા કો-ઓપરેટિવ સુગર ફેકટરીના ૨૦,૦૦૦ ખેડૂતો સભ્યો છે. તેઓએ એક લક્ષ્ય તરીકે સમગ્ર વિસ્તારના વિકાસ માટે કમર કસી શાળાઓ, આરોગ્ય સંસ્થાઓ અને પુસ્તકાલયોના બાંધકામ માટે મદદ કરી છે. તેઓએ ખાંડ ઉદ્યોગની સારી તાંત્રિકતા અને પદ્ધતિઓનો ઉપયોગ કરી ખાંડનો રિકવરી આંક ૧૨ ટકાથી પણ વધુ પ્રાપ્ત કરેલો છે, જે રાષ્ટ્રીય ખાંડ રિકવરી સરેરાશના ૨૦ ટકા જેટલી ઊંચો છે.

તાત્યા સાહેબ કોરેએ પોતાની આગવી દૃષ્ટિથી જમીન વિહોણા ગ્રામ્યલોકોની સુખાકારી માટે વારણા પોલ્ટ્રી અને ડેરીની સ્થાપના કરવામાં અગ્રભૂમિકા નિભાવી છે. વારણા ડેરી તેનાં ૬૦થી વધુ ગામડાંમાં રહેલા ૧૬,૦૦૦ જેટલા દૂધ ઉત્પાદકો દ્વારા તેનાં ૧,૭૫૩ દૂધ એકત્રીકરણ કેન્દ્રો વડે પાંચ લાખ લિટરથી પણ વધુ દૂધ એકઠું કરી પ્રક્રિયા કરે છે. મૂલ્યવર્ધન માટે આધુનિક તાંત્રિકતાનો ઉપયોગ અને ઉચ્ચ ગુણવત્તા અંગેનાં ધારાધોરણો જાળવી વારણા ડેરી અનેક બનાવટો બનાવે છે અને ઘણીબધી મૂલ્યવર્ધિત દુગ્ધપેદાશોની નિકાસ મધ્ય પૂર્વના દેશોમાં કરે છે.

વારણા વિસ્તારની વારણા પુરા સંકુલના નવીન મોડેલના વિકાસ થકી સેવા અને રિટેઈલ ક્ષેત્રે વારણા બજારના નામે ૫૮ સ્ટોર દ્વારા ગ્રામ્ય લોકોની આવકમાં વધારો થયો છે અને તેઓને સારું જીવનધોરણ પૂરું પાડેલું છે.

વારણા સંસ્થા એ યુવાનોને મોટા પાયા પર શિક્ષણ પૂરું પાડી તેઓને સક્ષમ બનાવી વારણાના વધુ વિકાસ માટેનું દૃષ્ટિબિંદુ પૂરું પાડ્યું છે. સાથે સાથે ગ્રામ્ય લોકોના આરોગ્ય માટે મહાત્મા ગાંધી હોસ્પિટલ અને ડેન્ટલ કોલેજ શરૂ કરવામાં આવી છે. લોકોમાં બચતની ભાવના કેળવાય તે હેતુથી સને ૧૯૬૬માં વારણા સહકારી બેંકની સ્થાપના કરવામાં આવી જે આજે ૧૮,૦૦૦થી વધુ સભાસદો સાથેની ૨૪ શાખાઓ દ્વારા વારણા ખીણ વિસ્તારમાં ફેલાયેલી છે.

જયારે હું વારણામાં હતો ત્યારે મેં વારણા સુગર બોર્ડની મુલાકાત લીધી હતી. જે લોકશાહી ઢબના માળખામાં રહીને વારણા પુરા સંકુલ દ્વારા ખેડૂતોને સશક્તિકરણ પૂરું પાડવા માટે એક સીમાચિહ્નરૂપ છે. હું તેનું મકાન જોઈને પ્રભાવિત થયો હતો. તે ભારતના સંસદ ભવન જેવું દેખાય છે. શ્રી તાત્યા સાહેબ કોરેએ

અહીં લોકશાહી રીતે પાયાની ગ્રામ્ય વસ્તીને આર્થિક, લોકશાહી, સામાજિક અને શૈક્ષણિક રીતે સશક્તિકરણ પૂરું પાડવાનો સંદેશ આપ્યો છે.

આજે વારણા વિસ્તારની વિશેષ નોંધ લેવામાં આવે છે. ત્યાં સામાજિક-આર્થિક હેતુઓનો વિચાર ફળીભૂત થતાં એકાદ વ્યક્તિ પણ ગરીબીની રેખા હેઠળ જોવા મળતી નથી. ભવિષ્યમાં વારણા પુરા વિસ્તાર અને ૨૦૧૫ સુધીમાં કાર્બન તટસ્થ પુરા તરીકે વિકસાવવાની વિચારણા થઈ રહી છે. વારણા પુરા સંકુલ એક નવીન લક્ષ્ય પૂરું પાડે છે. તે સારી તાંત્રિકતા અને વ્યવસ્થા ઉપર ભાર મૂકી સામાજિક-આર્થિક હેતુઓની પૂર્તિ દ્વારા સમૃદ્ધ અને સુખી સમાજનું નિર્માણ કરી પિરામીડમાં પાયાથી ટોચ તરફ દોરી જવાનો નિર્દેશ કરે છે.

હવે હું આ માધ્યમ થકી ટકાઉ કલ્યાણ માટે પુરાના વિચારો આધારિત એક અદ્‌ભુત ઉદ્યોગ મોડેલ રજૂ કરું છું. પુરા માટેની મારી માન્યતા છે કે તે આગામી પેઢીને તેની જરૂરિયાતો પૂરી પાડશે અને તેઓનું જીવનધોરણ સુધારશે. પુરા સંકુલના અમલ દ્વારા ગ્રામ્ય વસ્તીનો સંકલિત વિકાસ થશે. તેટલું જ નહીં, ટકાઉ સામાજિક-વ્યાપારી મોડલ માટે એક દૃષ્ટિકોણ પૂરો પાડશે જે વિવિધ ઉદ્યોગસાહસિકોને સંકલિત કરવાનું નેટવર્ક પૂરું પાડશે, તેઓ એકબીજાની સાથે ભેગા મળી મૂલ્યવર્ધન દ્વારા નવી શકિત પેદા કરશે. ગામની દરેક વ્યક્તિને તેના સમગ્ર ફાયદા મળે એ તરફ દોરી જશે.

## પુરા કાર્યરત કરવા માટે બે પ્રકારના ઉદ્યોગસાહસિકોની જરૂર રહે છે

**(૧) સંશોધન ઉદ્યોગસાહસિકો :** તેઓ કુટુંબના દરેક સભ્યની આવક વધારવા માટે મૂળ તાંત્રિકતા અને આધુનિક તાંત્રિકતાની મદદ લઈ કુદરતી પરંપરાગત અને માનવ સ્રોતોના ઉપયોગ તરફ નિર્દેશ કરે છે.

**(૨) સામાજિક ઉદ્યોગસાહસિકો :** આ બીજા પ્રકારના ઉદ્યોગસાહસિકો સંશોધન ઉદ્યોગસાહસિકો સાથે ઘનિષ્ઠતાથી કાર્ય કરશે. તેઓ શિક્ષણ, આરોગ્ય અને જીવનધોરણમાં સુધારણા જેવી પાયાની સવલતો પૂરી પાડી વિવિધતામાં એકતા સાથે માનવ વિકાસ આંકને ઊંચો લાવવા માટે કાર્ય કરશે.

સ્થાનિક પુરા વિજેતાઓ કે જે પ્રખ્યાત સંસ્થાઓમાં હોય તેઓએ કાર્યરત પુરા ઉદ્યોગસાહસિકો સાથે ઘનિષ્ઠ રીતે સંકલન કરી કામગીરી કરવી જોઈએ. તેઓને સરકારમાં, સ્થાનિક વહીવટમાં અને પંચાયતી રાજ હેઠળની ગ્રામ્ય સંસ્થાઓમાં ભાગીદાર બનાવવા જોઈએ. કાર્યરત પુરાનું તાંત્રિક અને વ્યવસ્થાપન સંસ્થાઓ સાથે વિવિધલક્ષી મજબૂત નેટવર્ક ઊભું કરવું જોઈએ. તેવી જ રીતે કાર્યરત પુરા સાથે વિશ્વના વિવિધલક્ષી એકમોને શેરબજારમાં ભાગીદાર બનાવવા બજાર વ્યવસ્થાપન અંગેની સવલત પૂરી પાડવી, સારી પદ્ધતિઓ અને નવીન ઉકેલો દ્વારા ઉત્પાદનલક્ષી પડકારોને પહોંચી વળવા માટેના પ્રયાસો કરવા જોઈએ કે જેથી ભારતના છ લાખ ગામડાંની સામાજિક-આર્થિક વ્યવસ્થાને મજબૂત બનાવી તેની કાયાપલટ કરી શકાય.

## આણંદ કૃષિ યુનિવર્સિટીના સંશોધન ધ્યેયો

કૃષિક્ષેત્રમાં સંશોધનકાર્ય માટે કેટલાક ક્ષેત્રો નક્કી કરવામાં આવ્યા છે. આણંદ કૃષિ યુનિવર્સિટીએ સંશોધન અને વિકાસ એજન્સીઓ, કૃષિ યુનિવર્સિટીઓ, ઉદ્યોગો, ખેડૂતો અને સરકારને સાંકળીને ચોકકસ ધ્યેય સાથે સંશોધન કાર્યક્રમો હાથ ધરવા જોઈએ.

(૧) દેશના ઘણા વિસ્તારોમાં ઝિંક, બોરોન અને ગંધક જેવાં સૂક્ષ્મતત્વોની ઉણપ જોવા મળી છે. વિવિધ વિસ્તારોમાં જોવા મળતી આ ઉણપની મોજણી કરી નકશા બનાવી જે તે વિસ્તારોમાં જોવા મળતી આ ઉણપને દૂર કરવા માટે સંતુલિત ખાતર અંગેનાં નિદર્શનો, મોટાં ખેતરો તથા બહુપાક પદ્ધતિ ઉપર વિશાળ પાયે ગોઠવવાં જોઈએ.

(૨) જમીનની સ્થિતિ અને હવામાનની વિવિધતા પ્રમાણે સારી જાતોના સુધારેલાં બિયારણો પૂરાં પાડવાં જોઈએ. ખેડૂતોને સારી ગુણવત્તા ધરાવતાં બિયારણો ખરીદીના સમયે ઉપલબ્ધ કરાવવાં જોઈએ.

(૩) ખેડૂતોને ચોમાસાના આગમન અને ચોમાસુ કેવું રહેશે તેની આગોતરી જાણકારી નિયત સમયે આપવી જોઈએ. તે જ પ્રમાણે ખેડૂતોને ખરા સમયે જરૂરી સામગ્રી પ્રાપ્ત થવી જોઈએ.

(૪) પાણીનો ભરાવો ન થાય તે માટે જમીન અને જળ વ્યવસ્થાપનની પદ્ધતિઓનો યોગ્ય અમલ અને તેની સાથોસાથ વરસાદના પાણી એકત્રીકરણ દ્વારા પાકને પૂરક પિયત આપવા માટેના પ્રયાસો હાથ ધરવા જોઈએ. આ માટે ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકોએ સાથે હળીમળીને કામગીરી કરવી જોઈએ.

(૫) ખેડૂત લાભાર્થીઓને તાલીમ દ્વારા સક્ષમ બનાવવા, કુશળતાનો વિકાસ કરવો તથા પ્રશ્નોનું ઓનલાઈન નિરાકરણ અને તાલુકા કક્ષાએ એગ્રી-ક્લિનિક દ્વારા જ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરવો જોઈએ.

(૬) ખેતપેદાશો ઉપર અસરકારક પ્રક્રિયા દ્વારા ૪ થી ૫ ગણું મૂલ્યવર્ધન થાય અને પેદાશોની આવરદામાં વધારો થાય તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ.

(૭) આપણે ખોરાકમાં પોષણ અંગે સંશોધન કરવું જોઈએ અને એવા ખાદ્યપેદાશોમાં પોષણક્ષમતા વધારે તેવા છોડ પેદા કરવા જોઈએ.


(૮) મારા ખેડૂતમિત્રો મને કહો કે વિકાસ પામતા વિસ્તારમાં ખેતપેદાશો માટે ખેત અર્થકરણ અને યોગ્ય બજારના વિકાસ માટે ચાવીરૂપ સંશોધન કરવાની તાતી જરૂરિયાત છે. હું ખેતપેદાશોના વાયદાના સોદા, ખરીદનારની એકહથ્થુ સત્તા, માલ આપતાં પહેલાં તેની કિંમતના સોદા અને ખેડૂતને પોતાનો માલ વેચવા માટે પસંદગીનો અવકાશ વગેરે બાબતો અંગે સંશોધન હાથ ધરવા જોઈએ.

**ઉપસંહાર :**

ભારત હવે બીજી હરિયાળી ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે. તેના દ્વારા કૃષિ ક્ષેત્રની ઉત્પાદકતામાં વધારો થવા પામશે. સને ૨૦૨૦માં ભારતે વસ્તીની વૃદ્ધિ અને તેની ખરીદશક્તિને ધ્યાને લઈ ૩૪ કરોડ ટનથી પણ વધુ ઉત્પાદન પેદા કરવું પડશે. ઉત્પાદનમાં થનાર વધારો ઉપલબ્ધ અનેક બાબતો ઉપર નિર્ભર રહે છે. હાલમાં ૧૭૦૦ લાખ હેક્ટર ઉપલબ્ધ જમીન પણ પૂરેપૂરી પ્રાપ્ય નથી તે સંજોગોમાં વસ્તી વધારાની સાથે જમીનની જરૂરિયાત તેમજ મોટા પાયે વનીકરણ અને પર્યાવરણ સંરક્ષણ માટેની સઘન પ્રવૃત્તિઓ હાથ ધરવી પડશે. સને ૨૦૨૦માં આ જમીન પણ ઘટીને ૧૦૦૦ લાખ હેક્ટર થશે. વધારામાં પાણી માટેની હરીફાઈ અને કૃષિ ક્ષેત્રની કામગીરીમાં થનાર ઘટાડો પાણીની ખેંચ ઊભી કરશે. આપણા કૃષિ વૈજ્ઞાનિકો અને ટેકનોલોજિસ્ટોએ ભેગા મળી અનેક સંસ્થાઓ સાથે સંકળાઈ ઉપલબ્ધ જમીનની સરેરાશ ઉત્પાદકતામાં ત્રણ ગણો વધારો કરવો પડશે. જમીન અને પાણીના કેટલાક પ્રશ્નોને ધ્યાને રાખી વધુ ઉત્પાદન આપે તેવી જાતોનાં બિયારણ પેદા કરવા માટેની તાંત્રિકતા વિકસાવવી પડશે.

બીજી હરિયાળી ક્રાંતિ માટે જમીનના લક્ષણો મુજબ બિયારણ અને તેને સાનુકૂળ ખાતરનો સમન્વય, જળ વ્યવસ્થાપન અને પરિસ્થિતિ મુજબ કાપણી પહેલાંની તાંત્રિકતાઓ વિકસાવવી જરૂરી છે. ખેડૂતની કામગીરી અન્ન ઉત્પાદનથી શરૂ થઈ ખાદ્યપ્રક્રિયા અને સહકારી બજાર વ્યવસ્થા સુધી વિસ્તારવાની જરૂરિયાત છે. આમ, ટકાઉ વિકાસની આ કામગીરી દરમિયાન વિવિધ પર્યાવરણ પરિબળો અને લોકોને સંબંધિત બાબતો તરફ પણ ખાસ કાળજી લેવાની જરૂર છે. આણંદ કૃષિ યુનિવર્સિટીમાંથી પદવી મેળવતા સર્વે વિદ્યાર્થીઓ કૃષિ ઉત્પાદકતા જાળવવા માટેના પ્રયાસોના ધ્યેયમાં સફળતા મેળવે તે માટેના અભિનંદન પાઠવું છું. ભગવાન સર્વેને આશીર્વાદ અર્પે.

(C/o. ડૉ. એ.એમ. શેખ, કુલપતિશ્રી,
આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી, આણંદ – ૩૮૮ ૦૦૧.
ફોન: ૦૨૬૯૨-૨૬૧૨૭૩)




## આંબલીથી લીમડા સુધીઃ આપણી વિદ્યા-યાત્રા

**સિતાંશુ યશશ્ચંદ્ર મહેતા**

**(સરદાર પટેલ યુનિવર્સિટીના ૨૪ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ યોજાયેલા દીક્ષાંત સમારોહમાં અપાયેલા વ્યાખ્યાનના અંશ અહીં પ્રસ્તુત છે.)**

મહામહિમ કુલાધિપતિ ડૉ. શ્રીમતી કમલાજી બેનીવાલ, આદરણીય કુલપતિજી પ્રો. ડૉ. હરીશ પાઢ. જેમને માટે કરીને તો આ આખી યુનિવર્સિટી-વ્યવસ્થા છે અને આજનો આ સમારંભ છે, એવા આ સામે બેઠેલા તેજસ્વી અને ખંતીલા વિદ્યાર્થી મિત્રો.

સહુ પહેલાં તો અભિનંદન અને શુભેચ્છા. ઊજળી સફળતા સાથે ભણતર પૂરું કર્યા બદલ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન અને હવે શરૂ થતી એક અલગ જિંદગીમાં સફળતા માટે શુભેચ્છા. કેવી હશે એ જિંદગી ? બિલ ગેઈટ્સ કહે છે તેમ, તમારી કિશોર વયે ટેલિવિઝનના પડદા પર તમને દેખાતી હતી, જિંદગી તેવી તો હવે તમારાં ભર જુવાનીનાં પુષ્પવરસોમાં નહીં જણાય. વાસ્તવ તમારાં હીરનાં પારખાં લેશે, તમારી શક્તિની પરીક્ષા કરશે. વિનોદવૃત્તિવાળા કોક વાસ્તવદર્શીએ ક્યાંક કહ્યું છે કે શાળા-જીવન દરમ્યાન તમને પહેલાં પાઠ ભણાવવામાં આવે છે ને પછી તમારી પરીક્ષા લેવામાં આવે છે; પણ તે પછીનાં વરસોમાં પહેલાં કોક તમારી પરીક્ષા લઈ લે ને પછી તમને આખી જિંદગી યાદ રહી જાય એવો પાઠ ભણાવે, એવું યે બને! સરદાર પટેલના નામ સાથે અને ભાઈકાકાના કામ સાથે જોડાયેલી આ અડીખમ અને સ્વભાવે પ્રામાણિક એવી યુનિવર્સિટીમાં તમારું ઘડતર થયું છે, તમારો કોઠો મજબૂત બન્યો છે.

મિત્રો, સવાલ એ છે કે માત્ર તમારી યુનિવર્સિટી નહીં, દરેક વિદ્યાપીઠ કેવી હોય, કેવી હોવી જોઈએ? ખરેખર તો દરેક સાચું વિદ્યાલય સ્વાયત્ત જ્ઞાનના નિર્માણ, જતન, વર્ધન અને વ્યાપન કરવા માટે જાગૃત સમાજે જાતે બનાવેલું એવું એક યુનીક લોકેશન, અજોડ સ્થાનક છે. એ સરનામું, એ કેમ્પસ, ભૂગોળના કોઈ ખૂણે નથી હોતું, એ તો કવિ ઉમાશંકર જોશી કહે છે તેમ, 'માનવોની મનો-મૃત્તિકા'માં હોય છે. તમારી એવી મનોમૃત્તિકાને, તમારા મનની, બુદ્ધિ અને ભાવનાઓની, એ માટીને તમારી યુનિવર્સિટીએ કેળવી આપી છે. હવે તમે આવતાં વર્ષોમાં શું કરશો ? તમારી અનુકંપાનો ઝરો, જે તમારા પોતાના અંતસ્તલમાંથી વહે છે, એને બારે માસ લીલો રાખો, ને સાચી ને મોટી સફળતાના બબ્બે-ત્રણત્રણ પાક દર વરસે લેતા રહો, એ અમારી સહુની શુભેચ્છા.

વિદ્યાલયો તો નવા નવા જ્ઞાનના નિર્માણ અને મળેલા જ્ઞાનની નિર્મમ ચકાસણી માટેની જગ્યા છે; એ કોઈ તાલીમશાળા નથી, જિમ્નેઝિયમ નથી, પારકે ઈશારે ગમે તે કામ પાર પાડી આપતા નવીન ગુલામોને ખરીદવા માટે, નવા માલિકો જ્યાં પેકેજો લઈને પહોંચી જાય એવું કોઈ મીના બજાર અમારાં કેમ્પસોમાં ન ભરાવું જોઈએ. યુનિવર્સિટીઓ તો સમાજ અને રાજ્યનાં ફેફસાં છે ને હૃદય છે, જ્યાં એમનું ભૂરું પડી ગયેલું લોહી પ્રાણવાયુ લઈ પાછું લાલમલાલ થવા નિરંતર આવ્યા કરે. જ્યાં સમાજ અને રાજ્યના મોભીઓ પોતાના વિચારો

અને મૂલ્યોને, કાર્યપદ્ધતિઓ અને સિદ્ધિ-મર્યાદાઓને, નિઃશંક થઈને, તટસ્થ તપાસણી માટે, પરીક્ષણ માટે, સલાહ-સૂચન માટે મોકલતા રહે.

પણ આખા દક્ષિણ એશિયામાં (બલ્કે બધે જ) એક રંગીલું પણ ચોંકાવનારું ચિત્ર નજરે ચડે છે. જીવનનું, જીવનબળની અભિવ્યક્તિઓનું, જીવન અંગેના વિચારો અને લાગણીઓની આપલેનું એક જંગી સામૂહિકરણ સર્વત્ર ચાલતું નજરે પડે છે. વિચારવંત વ્યક્તિ નહીં, કહ્યાગરા જનસમૂહોની રચના ચાલી રહી છે. પહેલાં લલચાવી જોઈને, ન થાય તો ડરાવીને એ કામ પાર પાડવામાં આવે છે. માસ મીડિયાની, માસ કલ્ચરની, દરેક જાતની માસિવનેસ કે સામૂહિકતાની બોલબાલા છે. ધ્યાનથી જુઓ તો શું દેખાય છે ? થોડાંક નિર્વૈયક્તિક પણ પ્રચંડ પરિબળો પોતે રચેલા કહ્યાગરા જનસમૂહોને જાણે માનસિક ગુટકાઓની ઘાતક મસ્તીમાં મૂકી રહ્યાં છે. એ ગુટકાઓ ખાઈને પ્રજાનાં જડબાં બંધ થઈ જાય છે. માણસ માણસની ભાષા બોલી શકતો નથી. એના જકડાઈ ગયેલાં જડબાંઓમાંથી પરાણે ચઢેલી મસ્તીનાં નાચગાન, જયઘોષ, સૂત્રોચ્ચાર, નર્યો ઘોંઘાટ નીકળ્યા કરે છે.

આપણું વાસ્તવ જ જાણે કે એક રીઆલિટી શો-માં, એક વર્ચ્યુઅલ રીઆલિટીમાં બદલાઈ ગયું છે. નિત નવી ઉત્તેજનાઓ, એક્સાઈટમેન્ટ્સ આવતી જતી હોય એવું લાગે છે. પણ દરેક બદલાવ અગાઉથી કોઈક માસ્ટર કમ્પ્યુટરમાં નક્કી થઈ ચૂકેલો હોય છે. અને એનું કી-બોર્ડ, એનો પાસ-વર્ડ કોણ ચલાવે છે, કોણ બદલતું રહે છે, એ જાણવાની ગુપ્ત વિદ્યા કોઈને અપાતી નથી. મૅચ-ફિક્સિંગ કઈ રીતે થાય છે, ને એ થતું કઈ રીતે અટકાવાય, એ વિદ્યા જ્યાં અપાતી નથી, પણ બોલિંગ-બેટીંગ-ફીલ્ડીંગમાં ભારે કુશળતા કઈ રીતે મેળવાય, એની તાલીમ જ્યાં અપાય છે, એ જગ્યાને વિદ્યાલયનું નામ આપતા શબ્દકોષો, ન જાણે ક્યાં છપાતા હશે? જ્યાં હાઈ ડિનોમિનેશનની ચલણી નોટો છપાય છે, એ જ છાપખાનામાં એ શબ્દકોષ છપાય છે, એ રહસ્ય જાણી ચૂકેલા માણસો એટલે સાચા કવિઓ અને સાચા શિક્ષકો. જ્યાં જમીન વિનાના, ભૂતળના વાસ્તવ વગરના નકશાઓના નગરોમાં કંડક્ટેડ ટૂર્સ ચાલ્યે જતી હોય, એમાં 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા' એમ કહેતી કવિતા માટે ક્યાં જગ્યા હોય ? એમ મને આછા સ્મિતભર્યો વિસ્મય વર્ષોથી થયા કરે છે.

પણ એ આનંદમાં યે જે સમજણ મને મળી એના બે મુદ્દા તમારી સામે, કુલાધિપતિ રાજ્યપાલ અને આ વિદ્યાર્થીઓ સુધીના સહુ સ્નેહીજનો સામે, સવિનય સ્પષ્ટતા સહિત હું મૂકું.

પહેલો મુદ્દો શિક્ષણના અર્થકારણનો છે. પ્રજાની મહેનતનું જે નાણું રાજ્યની તિજોરીમાં આવે છે, એમાંથી લોકોના સંતાનોની કેળવણી માટે પૂરતી વ્યવસ્થા કરવાનું રાજ્યને શું ન પોસાય ? બીજી રીતે કહું કે એ માટેની પૂરતી વ્યવસ્થા ન કરવાનું રાજ્યને પોસાય ખરું? જેમ મા-બાપ બહુ પૈસાવાળાં ન હોય તો પેટે પાટા બાંધીને પણ સંતાનોને ભણાવે, એવી ભારતની સંસ્કૃતિ છે, તેમ રાજ્ય પણ પેટે પાટા બાંધીને (જરા મોટા ને લાંબા પાટા જોઈએ તો એ મેળવીને) પોતાની ઊગતી પ્રજાને ભણાવી ન શકે ? મારો પ્રશ્ન 'સેલ્ફ ફાઇનાન્સ' વિદ્યાસંસ્થાઓ અને ખાનગી યુનિવર્સિટીઓ અંગેનો છે, એ સમજાયું હશે. એવી વિદ્યાકીય અર્થવ્યવસ્થા, એકેડેમિક ફાઇનાન્સિંગ શું અનિવાર્ય છે ? છડેચોક ચાલતો વિદ્યાસંસ્થાઓનો ખાનગી વેપાર રોકવા માટે રાજ્યની યુનિવર્સિટીઓમાં જરૂરી અને વાજબી ફી વધારો કેમ ન કરી શકાય ? એ અંગે માત્ર રાજકીય કારણોસર જો હોબાળા મચાવવામાં આવતા હોય, તો એ અંતે વિદ્યાવિઘાતક છે, એમ ખોંખારીને કહેવાનું વાલીઓને શીખવાડવું પડે ? શાળાઓમાં અને સેલ્ફ-ફાયનાન્સ ખાનગી યુનિવર્સિટીઓમાં જે ધોરણ છે, તેને એક તરફથી નિયંત્રિત કરી, બીજી તરફથી રાજ્યહસ્તકની યુનિવર્સિટીઓમાં વાજબી ફી વધારો થાય તો આપણું વિદ્યા-સ્વાસ્થ્ય સુધરે નહીં ?

બીજો મુદ્દો વિશ્વવિદ્યાલયોમાં હ્યુમેનિટીઝ અને સોશ્યલ સાયંસીઝના, સમગ્ર વિનયન શાખાના સ્થાન અંગે છે. આજે સાહિત્યના, ફિલસૂફીના અને ભાષાઓના વિભાગોને રાજ્ય અને સમાજ, બન્ને તરફથી જાણે દેશવટો દેવાઇ રહ્યો છે. 'જોબ-ઓરીએન્ટેડ કરીક્યુલા', 'એન્ડ-ઓરીએન્ટેડ એજ્યુકેશન' વગેરેને નામે, વિનયન શાખાને અળખામણી કે નકામી ગણવાનું વલણ, પ્રગટ કે પ્રચ્છન્ન, જોર પકડતું જાય છે. સવાલ 'ગુજરાતી

બચાવો' કે 'સાહિત્ય બચાવો'નો નથી. બન્ને બળકટ છે, ને પોતાનું સંભાળી લેશે. સવાલ એ છે કે આપણે કેવા વિદ્યાર્થીઓના, કેવા ભવિષ્યના નિર્માણમાં સહાયરૂપ બનવું છે ? માત્ર કાર્ય-કુશળ નિષ્ણાતો પેદા કરવા છે, કે વિચારવંત, અનુકંપાશીલ, કંઇક તો 'પીડ પરાઇ (જે) જાણે રે', એવા કાર્યકુશળ નિષ્ણાતોના આપ ઘડતરમાં જોડાવું છે ? 'નિષ્ણાત' શબ્દનો અર્થ નાહી કરીને સ્વચ્છ થયેલો, એવો છે; નહીં કે જેણે માણસાઇની વિદ્યાના નામનું, નરસિંહના વૈષ્ણવજનના નામનું નાહી નાખ્યું છે, એવો નિષ્ણાત. સાચા નિષ્ણાતો વિના સમાજને ચાલવાનું નથી. સાચા નિષ્ણાતોનું ઘડતર કરવું હશે તો, કાર્યકુશળતાને અનુકંપા સાથે જોડવી હશે તો, એના અભ્યાસક્રમમાં સાહિત્ય અને માતૃભાષા, ફિલસૂફી અને ઇતિહાસ, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રને સામેલ કર્યા વિના ચાલવાનું નથી. સૌંદર્ય સમો કોઇ શિક્ષક નથી, એ વાત સાચી ન લાગતી હોય, તો આ સામે બેઠેલા યુવા-વર્ગને પૂછો.

મારી આ જરા અટપટી લાગતી વાત, એક વાર્તા કહી ને પૂરી કરું? બે વૈદરાજોની એ વાર્તા છે. વૈદ્ય શબ્દ વિદ્યા પરથી આવ્યો છે. જે વિદ્યાવંત છે, તે વૈદ્ય. જૂના જમાનાની વાત છે. બે વિદ્યાર્થીઓ સાથેસાથે વૈદકનું ભણતા'તા. બન્ને પારંગત વૈદ્ય બન્યા, ને જુદા જુદા ગામોમાં વૈદું કરતાં વિખ્યાત બન્યા. એમાંના એકને થયું, લાવ, મારા ભાઇબંધ-હરીફની પરીક્ષા કરું. એમણે પોતાના ગામના એક તંદુરસ્ત પણ ગરીબ માણસને પકડ્યો, ને કહ્યું કે જો, આ ચીઠ્ઠી લે. પેલા ત્રણ-ચાર દાડાના અંતરે આવેલા ગામ સુધી ચાલતો જઇ ત્યાંના વૈદરાજને એ ચીઠ્ઠી આપી આવે, તો હું તને અમુક રોકડા રાણીછાપ રૂપૈયા આપું. પેલો તૈયાર. વૈદ કહે, એક વધારે વાતઃ રસ્તે રાતવાસો તું કોઇ મકાનમાં નહીં પણ ખુલ્લામાં ઝાડ નીચે કરે, તો તને રાત દીઠ એક એક કોરી વધારાની આપું. પેલો કહે, હા. પણ ગમે તે ઝાડ નહીં, વૈદ બોલ્યા, આમલીના ઝાડ હેઠે જ સૂવાનું. ને એ રીતે રાતવાસાના ત્રણ-ચાર દાડાના પંદર-સત્તર દાડા કરે, તો યે વાંધો નહીં, રાત દીઠ એક-એક કોરી. પેલો પઠ્ઠો તો નીકળ્યો, વીસમે દાડે, વીસ આંબલીઓ નીચે રાતવાસો કરી, સાવ કંતાયેલે ડીલે, માંદલા જેવો થઇને પહોંચ્યો બીજા વૈદરાજ પાસે. ચીઠ્ઠી આપી. બીજા વૈદ પૂછે, શું થાય છે, ક્યારથી થાય છે, વગેરે. પેલો કહે નીકળ્યો ત્યારે કૈં નોતું, મારગમાં માંદો પડ્યો – મારગમાં શું થયું ? કેમ આટલા દા'ડા લાગ્યા? – બીજું કાંઇ નંઇ, રાતવાસો આંબલી હેઠે, રાત દીઠ કોરી મળે; એમાં વાર થઇ. સારુ, વૈદ કહે, લો આ મારી ચીઠ્ઠી, આપજો તમારા વૈદરાજને; ને હા, હું યે રાતવાસા દીઠ કોરી આપીશ, પણ આ ફેરી તમારે સૂવાનું લીમડા નીચે; આમલી નીચે નહીં. પેલો ઊપડ્યો, વીસ દાડે મૂળ ગામ ભેગો; પણ લીમડા નીચે ગાળેલી એ વીસ રાતોમાં એ તો પહેલાં જેવો જ તગડો ને નીરોગી થઇ ગયો હતો. મૂળ વૈદે ભાઇબંધની ચીઠ્ઠી વાંચી, આંબલીના ઝેર સામે લીમડાનું મારણ મૂકાયાનું જાણ્યું, મલક્યા ને પેલા માણસને મૂળ મેનતાણું ને ઉપરથી જતાંની વીસ ને આવતાંની વીસ, એમ ચાલીસ કોરી ચૂકવી દીધી.

મિત્રો, આપણે ગુજરાતની, ભારતની, દક્ષિણ એશિયાની યુનિવર્સિટીઓના કેમ્પસોની એક ટૂર ગોઠવીએ. ને જોઇએ કે એમાં આંબલીના ઝાડ કેટલાં છે, ને કેટલાં લીમડા!

ઇ. ૧૮૫૭માં એક તરફ સ્વાતંત્રનો સંગ્રામ છેડાયો હતો, ને બીજી તરફ મુંબઇ-મદ્રાસ-કલકત્તાની યુનિવર્સિટીઓ સ્થપાતી હતી. આ દોઢસોએક વરસથી આપણે મોટે ભાગે તો અનુકંપાવિહિન વિદ્યાની, પરીક્ષણ વિનાનાં મૂલ્યોની આંબલીઓનાં ઝાડ નીચે સૂતાં સૂતાં ચાલ્યા છીએ. એથી આપણે મન અને શરીરથી કંતાઇ ગયાં છીએ. ચાલો હવે સરદાર અને ગાંધીએ ઊગાડેલા, ભાઈકાકા અને એચ.એમ. પટેલે ઉછેરેલા લીમડા તળે, અમારા સયાજીરાવના વડલા નીચે, રાજકોટના કુલપતિ નિવાસમાં અમારા ડો'કાકા કહેતાં ડોલરરાય માંકડે વાવેલી પીંપરડી હેઠે, થોડાક નિજવિદ્યાના ઉજાગરા કરી જોઇએ! અને આવતી કાલના સ્વસ્થ સમાજની, મર્યાદાશીલ રાજ્યની, મહાજન-દોર્યા બજારની, કવિતા-કલા-ભીના વહીવટકારો, ડોક્ટરો, ટેક્નોક્રેટો, નિષ્ણાતોની એક નવી દુનિયાના નિર્માણમાં જોડાઇ જઇએ.

(૩૦૨, ટાવર-બી, શ્રવણ રેસિડેન્સી, કોસ્મિક એન્કલેવ,
સમા, વડોદરા – ૩૯૦ ૦૨૪.
મો.: ૯૨૨૮૧૮૭૪૩૬)

# ઈસરો સરકારી સંસ્થા હોવા છતાં આટલી સફળ કેમ?



**રાજેન્દ્રપ્રસાદ દુબે**

**(નટુભાઈ વી. પટેલ કૉલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝના ૧૭મા વાર્ષિક દિન નિમિત્તે મુખ્ય મહેમાન તરીકે પધારેલ ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના અમદાવાદ ખાતેના એકમ સ્પેશ એપ્લીકેશન સેન્ટરના ભૂતપૂર્વ સંગઠન નિયામકશ્રી ડૉ. રાજેન્દ્રપ્રસાદ દુબેનું વ્યાખ્યાન અહીં પ્રસ્તુત છે.)**

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી ભીખાભાઈ અને ભાઈકાકાએ વિકસાવેલ ચારુતર વિદ્યામંડળ અને વલ્લભ વિદ્યાનગર જેવું સંકુલ સમગ્ર રાષ્ટ્રમાં એક અનેરું સ્થાન ધરાવે છે. આવું શૈક્ષણિક સંકુલ સમગ્ર ભારતમાં બીજે ક્યાંય હોય તેવું મને પ્રતિત થતું નથી.

મારો વલ્લભ વિદ્યાનગર સાથેનો નાતો લગભગ વીસેક વર્ષ જેટલો જૂનો છે. જ્યારે મારો પુત્ર બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં ઈજનેરીમાં અભ્યાસ કરતો ત્યારે હું અહીં આવતો અને અત્રે આવેલા પુરોહિત ડાઈનિંગ હૉલમાં મારા પુત્ર સાથે હું ભોજન લેતો. આજે જ્યારે મને ચારુતર વિદ્યામંડળનું સુચારરૂપ સંચાલન કરતા મહાનુભાવોની વચ્ચે મુખ્ય મહેમાન તરીકે સ્થાન આપવામાં આવ્યું છે ત્યારે હું ખૂબ જ હર્ષ અને સન્માનની લાગણી અનુભવી રહ્યો છું.

મારી નજર સમક્ષ હું યુવાન અને તેજસ્વી ચહેરાઓને જોઈ રહ્યો છું, અને આજે મારા તેમના પ્રત્યેના સંબોધનમાં મારા શિક્ષણકાળ દરમ્યાન તેમજ ‘ઇસરો’ ખાતેની મારી વ્યાવસાયિક કારકિર્દી દરમ્યાન મેં જે કંઈ અનુભવ્યું છે, જે કંઈ બોધપાઠ લીધો છે તેનો સાર હું અત્રે પ્રસ્તુત કરીશ.

‘ઈસરો’ એ એક સરકારી સંસ્થા છે, અને આમ હોવા છતાં તે આટલી સફળ કેમ છે? તેનું રહસ્ય મને મારી ‘ઇસરો’ ખાતેની ચાલીસ વર્ષની કારકિર્દી દરમ્યાન સમજાયું છે, જે આજે હું તમારી સમક્ષ છતું કરીશ.

કૉલેજના તમે અભ્યાસક્રમ ઉપરાંત પણ ઘણું શીખો છો, તમારી અભ્યાસ, અભ્યાસેત્તર તેમજ અન્ય પ્રવૃત્તિઓમાં તમે મેળવેલી સિદ્ધિઓનો આજે હું સાક્ષી બન્યો છું. પરંતુ મને અહીં એ પ્રશ્ન થાય છે કે કૉલેજકાળ દરમ્યાન મેળવલી સજ્જતા, કુશળતા શું કૉલેજકાળ પછીના જીવનમાં સફળ થવા પૂરતી છે? તો આ પ્રશ્નનો જવાબ એ છે કે શૈક્ષણિક કુશળતા ઉપરાંત સંવેદનશીલતા, સામાજિક તેમજ સહજીવનની કુશળતા વિકસાવવી ખૂબ જ જરૂરી છે.

ડૉ. ત્રિવેદીએ તેમના ભાષણમાં પર્યાવરણ સંબંધી અમુક પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો, પરંતુ શું ખરા અર્થમાં આપણે પર્યાવરણ સાથે અનુકૂલન સાધ્યું છે ખરું?

હું પૂર્વ ઉત્તરપ્રદેશના એક નાનકડા ગામડામાં ઉછર્યો છું. અમારું આ ગામ તે વખતે આર્થિક રીતે ઘણું ગરીબ હતું પણ પર્યાવરણની દૃષ્ટિએ ઘણું સમૃદ્ધ હતું. હું ગરીબ હોવા છતાં એક સમૃદ્ધ પર્યાવરણમાં ઉછર્યો છું. આજે જ્યારે મારા પૌત્રને કહું છું કે હું બાળપણમાં વીજળી નહિ હોવાથી દીવાબત્તીમાં અભ્યાસ કરતો ત્યારે તેને આ વાત પરીકથા સમાન લાગે છે. આજે ૫૦-૬૦ વર્ષ પછી લોકો અંગત રીતે ચોક્કસ સમૃદ્ધ બન્યા છે. તેઓ પાકા મકાનોમાં રહે છે, પરંતુ ગામની નદીઓ ખાલી છે. બગીચાઓની સંખ્યા ઘટી છે. જંગલો નાશ પામી રહ્યા છે, અમારા ગામમાં જ નહીં બધે જ આ બન્યું છે. આજે જ્યારે ઘરનો દરવાજો ખોલીએ ત્યારે

રમણીય કુદરતી દૃશ્ય સ્વપ્ન સમાન બની ગયું છે., દેખાય છે તો ફક્ત સિમેન્ટ અને ક્રોંક્રિટના જંગલો.

ઉપરોક્ત કહેવાતા વિકાસને કારણે વાતાવરણમાં આવી રહેલા ફેરફારોને આપણે 'ગ્લોબલ વૉર્મિંગ' જેવું ફેશનેબલ નામ આપી દીધુ છે. ગ્લોબલ વૉર્મિંગ કરતાં પણ વધારે ભયજક છે આપણા પર્યાવરણના સ્રોત જેવા કે જળાશયો, ખેતીલાયક જમીનોનું ધોવાણ થવું, તેમનું ખંડન થવું, તેમનું સંક્રમિત તથા પ્રદૂષિત થવું. આ વિષય પરત્વે દુર્લક્ષ સેવવું એ આપણી આદત બની ગઈ છે અને આથી જ આપણે પર્યાવરણ સાથેના સહજીવનની કુશળતા કેળવવી પડશે.

આ કુશળથાનો ઉપયોગ જીવનમાં ડગલને પગલે નાની-નાની વસ્તુઓમાં, રોજબરોજની જિંદગીમાં થઈ શકે. મોટાભાગના વિદ્યાર્થીઓ આજે અવર-જવર માટે પેટ્રોલથી ચાલતા દ્વિચક્રી વાહનોનો બેફામ ઉપયોગ કરે છે. જો તેઓ સાઈકલ જેવા સાધનોનો ઉપયોગ કરે તો પર્યાવરણને નુકસાન ન પહોંચે અને લાંબે ગાળે તેમને જ ફાયદો થાય. પરંતુ આપણે લોકોને 'બતાવી આપવામાં' આપણી સહજીવની કુશળતાનો ક્યાંક ને ક્યાંક ભોગ લઈએ છીએ. આ તો ફક્ત એક ઉદાહરણ છે, પરંતુ જીવનને સાચા અર્થમાં સાર્થક બનાવવા આ પ્રકારની સંવેદનશીલતા કેળવવી જ પડશે.

હવે આપણે વાત કરીએ કાર્યપદ્ધતિના સિદ્ધાંતોની. આપણે જાણીએ છીએ તેમ 'ઇસરો'નો ઉદ્‌ભવ એ ડૉ. વિક્રમ સારાભાઈનું સ્વપ્ન હતું. પરંતુ જે પાયાનો સિદ્ધાંત આ સંસ્થાના ઉદ્‌ભવ વખતે તેમણે આત્મસાત કર્યો તે એ હતો કે આ સંસ્થામાં હાથ ધરવામાં આવનાર દરેક સંશોધનના ફળ ગરીબમાં ગરીબ અને છેવાડાના માનવી સુધી પહોંચવા જોઈએ.

આજે 'ઇસરો' વિશ્વના ૬ મુખ્ય અવકાશ સંસ્થાનોમાંની એક છે, અને જો ભવિષ્યની તેની યોજનાઓ ઉપર નજર કરીએ તો 'ઇસરો'ની સ્થાપનામાં રહેલ મૂળભૂત સિદ્ધાંત ખરા અર્થમાં ચરિતાર્થ થતો હોય તેમ લાગે છે. 'ઇસરો'ની ભવિષ્યની યોજનાઓ ઉપર નજર કરીએ તો ઑક્ટોબર માસમાં મંગળયાન-૧ તેની સફર શરૂ કરશે, વિશ્વકક્ષાનું રીમોટ સેન્સીંગ ડીવાઈસ, કે જે કુદરતી આફતોની આગોતરી માહિતી આપે, હેવી સિક્સ નામનું ૧૦ ટનનું ટ્રાન્સ્પોન્ડર, નેવીગેશન સેટેલાઈટ વિગેરે અનેક યોજનાઓ સુપેરે પાર પાડવા જઈ રહી છે. આ બધું કઈ રીતે શક્ય છે? કયા પ્રકારની કાર્યપદ્ધતિના સિદ્ધાંતો અહીં અમલમાં મુકાય છે?

ઉપરોક્ત સંદર્ભે અહીં ત્રણ સિદ્ધાંતોને હું મહત્ત્વના ગણુ છું: (૧) સ્વયંશિસ્ત અને સ્વયંવ્યવસ્થાપન, (૨) નિત નવા પ્રયોગોને પ્રોત્સાહન, (૩) સંગઠનશક્તિ.

'ઇસરો' જ્યારે કોઈ મોટી યોજના હાથ પર લે ત્યારે તેનું નાના-નાના વિભાગોમાં વિઘટન કરી નાખે છે અને દરેક નાના વિભાગને લગતા પ્રયોગો એક સંગઠનને સોંપાય છે. જેમાં તેઓને નવા પ્રયોગો અને અખતરા કરવાની છૂટ એક ચોક્કસ સમયમર્યાદામાં હોય છે. આ સંગઠનના સભ્યો તેની સૂઝ, સ્વયંશિસ્ત અને સ્વયંવ્યવસ્થાપનની શક્તિથી આવા પ્રયોગો સફળ બનાવે છે, અને આવા અનેક નાના-નાના પ્રયોગોના પરિણામો સંકલિત કરી મોટી યોજનાઓ પાર પાડવા અર્થેની રૂપરેખા તૈયાર થાય છે. અહીં સંગઠન શક્તિને વ્યક્તિગત શક્તિઓ કરતાં વધુ પ્રાધાન્ય અપાય છે. સામાન્ય ભારતીય પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો આપણે ભારતીયો શિસ્તના સિદ્ધાંતોનું પાલન કરવામાં ઊણા ઊતરીએ છીએ, આપણે વાતો કરવામાં પાવરધા છીએ, કાર્યદક્ષતામાં નહિ.

ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો ગુજરાતમાં શિસ્તની ભાવના વિકસી છે, અને આથી જ સહકારી ક્ષેત્રોમાં ગુજરાતે હરણફાળ ભરી છે. બીજા રાજ્યોમાં સહકારી ક્ષેત્રે જોઈતી સફળતા મળી નથી અને તેનું કારણ છે વ્યક્તિગત અહમ્. તમે ગમે તેટલા તમારા ક્ષેત્રમાં કુશળ હો પણ જ્યારે સંગઠનમાં કામ કરવાનું આવે ત્યારે આપણે એકબીજા સાથે સંવાદિતા સાધી શકતા નથી અને સારું પરિણામ લાવી શકતા નથી, આવા કુશળ લોકોને સાથે રાખીને તેમની પાસેથી જોઈતા પરિણામો મેળવવા એ વ્યવસ્થાપન ક્ષેત્રનો મોટામાં મોટો પડકાર છે. જે 'ઇસરો' જેવી સંસ્થાએ ઝીલ્યો છે અને ફળીભૂત કર્યો છે.

ગુજરાતે સાદગી અને પ્રમાણિકતા જેવા પાયાના સિદ્ધાંતો પણ આત્મસાત કર્યા છે અને આથી હું અપીલ કરું છું કે એક ગુજરાતી તરીકે તમે જ્યારે ભવિષ્યમાં કોઈ સંગઠનમાં કાર્ય કરો ત્યારે આ કાર્યપદ્ધતિના સિદ્ધાંતોને ચૂસ્તપણે વળગી રહો. એનો અર્થ એવો નથી કે તમારે વ્યક્તિગત સ્વપ્નોને સાકાર કરવા પ્રયત્નો ન કરવા, પરંતુ જ્યારે તમે સંગઠનના સાચા સિદ્ધાંતોનો

ખરા અર્થમાં અમલ કરશો ત્યારે સંગઠનના વિકાસમાં જ તમને તમારો વિકાસ દેખાશે.

આજની શિક્ષણ વ્યવસ્થામાં તમે જ્યારે અભ્યાસ કરી રહ્યા છો ત્યારે તમે કંઈક ગુમાવો છો. તમને સહજ પ્રશ્ન થાય કે કઈ રીતે? આનો જવાબ એ છે કે આપણું મગજ બે ભાગમાં વહેંચાયેલું છે, ડાબી બાજુનું મગજ એ ઔપચારિક શૈક્ષણિક માળખાને આત્મસાત કરી વિકસે છે જ્યારે જમણું મગજ આપમેળે તેની સર્જનાત્મકતા ખીલવા દે છે. ઘણી વખત ઔપચારિક શૈક્ષણિક માળખું એટલું બધું હાવી થઈ જાય છે કે "આઉટ ઓફ બોક્સ" વિચારવાની ક્ષમતા જમણું મગજ ખોઈ બેસે છે. તમે ભવિષ્યમાં એમ.એસ. સી., પીએચ.ડી. કરજો પરંતુ તમારા જમણા મગજની સર્જનાત્મકતાનો ક્ષય થવા દેતા નહિ. જમણા મગજની સર્જનાત્મકતા ટકાવી રાખવાનો એક સીધો અને સરળ મંત્ર છે મૌન રહેવું. આપણા દ્વારા બોલાતા શબ્દો અને વિચાર એ ડાબા મગજની દેન છે. આથી જો આપણે તેને વિરામ આપીશું તો લાંબાગાળે આપણી સર્જનાત્મકતા વધુ ને વધુ ખીલતી જશે.

આવી સર્જનાત્મકતા વિદ્યાર્થીઓમાં કેળવાય તે માટે હું ડૉ. સી.એલ. પટેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોને વિનંતી કરીશ કે વલ્લભ વિદ્યાનગરમાં પણ સુરત અને અમદાવાદની જેમ એક વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના વિશે વિચારે, જેમાં વિદ્યાર્થીઓને એક અનૌપચારિક માહોલમાં તેમની સર્જનાત્મકતા કેળવવાનો કોઈ રોક-ટોક વગરનો અવકાશ મળી રહે.

આપ સૌ મારા આજના આ સંબોધનમાં કહેવાયેલ વિષયવસ્તુ પરત્વે ધ્યાન આપશો તેવી આશા સાથે આપના મંગલમય ભવિષ્યની આપ સર્વેને શુભકામનાઓ પાઠવું છું. આભાર.


**અનુવાદ અને લિપ્યંતરઃ ઉર્વીશ છાયા**

(C/o. ડૉ. બાસુદેવ બક્ષી, આચાર્ય, એનવીપાસ,
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮ ૧૨૦.
ફોનઃ ૦૨૬૯૨-૨૩૦૭૮૮)


## નારી પતિની ગુલામ નથીઃ ડૉ. બાબાસાહેબ આંબેડકર

**(૧૪ એપ્રિલ એટલે ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ દિવસ. આ દિવસે મહાન દેશનેતાને અંજલિ અર્પીએ. એમણે ૨૦ જુલાઈ ૧૯૪૨ના રોજ નાગપુરમાં અખિલ ભારતીય મહિલા પરિષદમાં કરેલા સંબોધનના અંશ અહીં પ્રસ્તુત છે.)**



**હું મહિલાઓના સંગઠન પર વિશ્વાસ કરનાર માણસ છું. એ હકીકતની જાણકારી છે કે જો તેમના પર ભરોસો કરવામાં આવે તો સમાજમાં પરિવર્તન લાવવા માટે તેઓ કાંઈપણ કરવા તૈયાર થઈ શકે છે. સામાજિક દૂષણોના નાશ માટે તેમણે બહુ જ મોટી જવાબદારીઓ નિભાવી છે. મારા અનુભવને આધારે હું આ વાત સાબિત કરી શકું છું. મેં જ્યારથી દલિત વર્ગમાં કામ શરૂ કર્યું છે, ત્યારથી મહિલાઓ પણ પુરુષોની જેમ જ કામ કરી રહી છે.**

**આપ લોકો સાફ-સફાઈ સાથે રહેવાનું શીખો. બધા પ્રકારની કુરીતિઓથી દૂર રહો. તમે તમારાં બાળકોને ભણાવો. એમના મનમાં ધીરે ધીરે મહત્ત્વાકાંક્ષાઓ જગાડો. તેઓ મહાન બને એવા સંસ્કાર એમને આપો. એમના મનમાંથી હીનતાનો ભાવ નષ્ટ કરો. છોકરા-છોકરીનાં લગ્ન કરવામાં ઉતાવળ કરશો નહીં. લગ્નનો અર્થ છે જવાબદારી. લગ્નને કારણે સર્જાતી આર્થિક જવાબદારી નિભાવવા આર્થિક દૃષ્ટિએ સમર્થ થયા વિના એમના પર લગ્નનો ભાર નાંખશો નહીં. લગ્ન કરનાર લોકો એ વાતનો ખ્યાલ રાખે કે વધારે બાળકો પેદા કરવાં એ ખરાબ કામ છે. આપણને બાળપણમાં જે સુવિધાઓ મળી એનાથી વધુ સુવિધાઓ આપણે આપણાં બાળકોને ઉપલબ્ધ કરાવીએ, એ પ્રત્યેક માબાપની જવાબદારી છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે લગ્ન કરનાર પ્રત્યેક કન્યા પોતાના પતિની મિત્ર તરીકે તેનાં તમામ કામોમાં સહભાગી થાય. એણે પોતાના પતિના ગુલામ તરીકે કામ કરવાનો હિંમતભેર નન્નો ભણવો જોઈએ. એણે સમાનતાનો આગ્રહ સેવવો ઘટે. જો તમે લોકો મારી આ વાતનો અમલ કરશો તો તમને માન-સમ્માન અને સફળતા પ્રાપ્ત થશે. એટલું જ નહીં દલિત વર્ગને પણ સમ્માન અને સફળતા મળશે એની મને ખાતરી છે.**



## Towards a World Class University

**R. A. Mashelkar**

**(Experts from the Second Convocation Address delivered at the CHRUSAT University on 16th February, 2013)**

Let me begin by extending my wholehearted congratulations and my very best wishes to the young graduates. You are going to enter a new exciting world, which is changing rapidly. You have the responsibility of building the future India, which will be a leader in the comity of nations.

President Obama had famously said "Education and innovation are the currencies for the $21^{st}$ century." This is true.

What is the most powerful equation in the world? Some will say F = ma, resulting from Newton's second law of motion. Some will say $E = mc^2$ , Einstein's famous equation. I will say, it E = F. E is education. F is future. Education is equal to future. No education, no future. For the individual, for the society, for the nation.

In the same way innovation will drive both competitiveness and growth. Therefore European Union calls itself `Innovation Union'. That is why our Prime Minister has declared 2010-20 as the Indian Decade of Innovation.

I will go even further and say 'education in innovation' and 'innovation in education' are the dire needs of the hour. World class Universities of the future will be those, who excel in achieving these twin goals. Indian universities should have the dreams of reaching the top ranking. But where are we today ?

**Indian University Ranking**

The rankings of the top 500 universities in the world is done regularly. Indian universities with one or two exceptions do not figure in this ranking and that too somewhere in the 200 plus positions. Forget about global ranking. Where are we even within Asia? If one looks at the QS Asian University rankings for 2012, no Indian university has made it into the top 30 amongst the 300 Asian institutions. And only 4 make it in the top 50! This is worrisome.

Can we create world class universities in India? The answer is "Yes". But to understand how these could be created, one must get a sense of the way such great world class universities are created and remain world class for ever and ever.

### Three Pillars for a World Class University

No matter what indicators are used – and by whom - Harvard University always occupies the first place ! Why?

Since 2007, I have been having a brief stint at Harvard University as a Distinguished Visiting Professor every year. I found out the reasons as to why Harvard University is always ranked number one.

The first is the single minded pursuit of excellence, both in teaching and research. The second is the unflinching commitment to the true institutional autonomy without even a trace of a political interference what so ever. The third is world class governance, which provides an unshakable and robust foundation leading to a long term stability and sustainability. Let me elaborate on these three pillars now : excellence, autonomy and governance.

### Excellence

Let us come to excellence first. There is a growing realization that mere teaching without research is sterile. So there has to be an absolutely uncompromising pursuit of excellence, both in teaching and research. This means getting the very best of faculty, not the second best. This also means getting the very best of students, not the second best.

Excellence in teaching is vitally important. Although knowledge is known to double up every five years, our curricula remain the same. Our methods of delivery, the chalk and talk, have not altered despite the infinite possibilities that have opened up due to the advent of technology. One often complains about the 'tyrany of large numbers' in India. But taking recourse to new technology can make a difference to the challenge of both numbers and distances. Our methods of assessment are based on rewarding selective and uncritical rote learning rather than analytical abilities and creative thinking. All these and more can be tackled only through innovation.

Excellence in research means there has to be a continuous thrust on not only `working' at the frontiers of research but `creating' new frontiers. This means an aggressive and relentless thrust on saying the `first word in science' or the `last word in science'. Or doing science that will "lead" and not "follow". In these universities, Education disseminates known knowledge. Research creates new knowledge. Innovation converts knowledge into wealth. There is a seamless connection between education, research and innovation in world class universities.

Cambridge, Oxford, Harvard, MIT, Stanford, California, Princeton, etc. are universities that are brilliant examples of this seamless connection. There is this full understanding of the route to `Laxmi' through `Saraswati' – thus not only understanding the wealth creation potential of knowledge but also creating an 'ecosystem' in which this can happen most effectively. Let me give you an example. George Whitesides in Harvard University is a close friend of mine. He is the highest cited living scientist in the world today. This means he has scaled the highest peaks of excellence in fundamental scientific research. But at the same time he has founded companies based on his research. The market capitalization of the companies that he has floated is more than 30 billion dollars! Where are our George Whitesides in India ?

**Autonomy**

The autonomy must flow across the university from teachers to students. The teacher should have a complete autonomy to design and deliver his course and also the assessment. Similarly, the students should be allowed to take courses of their choice in different disciplines and different universities. They can be awarded a degree on the basis of the credits they have earned. For this a flexible credit based modular curriculum should be created. It should be harmonized across colleges and later perhaps even across universities. Students should have choices on the subjects, teachers, colleges, etc.

Autonomy of the University system is so important that it continues to be discussed and debated even today in Europe, which has had a rich history of academic excellence for centuries. For example, the national strategic priorities for higher education were the object of the law passed in France in as recently as August 2007. They were referred to as `University Autonomy Law'. They provided the Universities with a new system of governance and real autonomy in terms of their budgets and human resource management. Universities were allowed to create University Foundations or even partnership with companies. And this is being done elsewhere in Europe too. For example, in Finland, since 2007, each University can have a legal status of a Foundation, thereby increasing their financial autonomy.

**Governance**

Let us look at governance now. The governance structure of our Universities has not changed with changing times. Rules of yester years, that were framed in a different context, continue as such. Context decides the content. When the context changes, the content has to change.

We must design, develop and deliver new solutions which will not only lead to the adoption of 'best practices' in governance but also hopefully create the 'next practices'. Here is a five point agenda for the way forward.

The role of external stakeholders in institutional governance bodies cannot be underestimated. External stakeholders bring to the table an outside-in view, new insights, new expertise and much needed transparency. External guidance balanced with a traditional but nuanced collegiate management style, brings the benefits of managerial self-governance, is critical for setting up the best governance practices.

There is a dire need for innovation in every aspect of education, innovation in financing of higher education. Land is the biggest physical asset that the Universities have. Can it not be used to generate the much needed resources for the university through innovative public-private partnerships? Can we not set up some innovative asset management plans in full consonance with the aims and objectives of an academic institution? Such strategies have worked wonders in some of the advanced nations. The rules of the game must be determined by the government and systems put in place so that they are scrupulously adhered to.

Let us just keep aside all the differences for the sake of the future of our children, for the future of our nation. I feel we need a national resolve. This means `India first'. This means `my India'. This means `one India'. This means each one of the Indians says `India matters to me, I want to matter to India, more'.

(National Research Professor,
National Chemical Laboratory, Pune)

*// Analysis //*

# A prudent budget in times of Global Economic Slowdown

**Sunny Thomas**[1]
**Waheeda Thomas**[2]

Finance Minister P. Chidambaram presented Union Budget 2013-14 in Parliament on Thursday, 28th February 2013, amid economic slowdown, with India's economic growth rate falling to 5 percent in the current fiscal year. The hard times are visible across the global economies. The American economy is under the throws of budgetary pressure. It has forced President Barak Obama to go for a spending cut of US Dollars 85 billion. A number of European governments are contemplating a reduction in the budgetary spending. Our immediate East Asian neighbours like China, Japan and South Korea experience the contractive forces prevalent in their economies. In nutshell all the major economies are facing the problem of economic slowdown.

The immediate casualty of slowdown in economic activity is tax revenue. Most of the major economies in the world are experiencing lack of growth of tax revenue as a percentage of Gross Domestic Product (GDP) and India is no exception. Faced with the problem of escalating public expenditure caused by bourgeoning subsidies and administrative expenses, the government is forced to look for new avenues of revenue. Consequently public borrowing has increased, leading to huge fiscal deficit. Fiscal deficit if managed below 5 per cent of the GDP would not bring about the negative aspect of inflation. However, as per the admission of the finance minister the fiscal deficit has already crossed the rubicon of 5 per cent. We assess the annual financial statement 2013-14 of Government of India under these circumstances.

With general election 2014 staring on the face of UPA-II, there was a compulsion to present a populist budget. In order to receive the applause of the urban middle class the finance minister could have gone for realignment in the income tax rate and exemption limits. This would have severely affected the income of the government of India.

The economic survey points to various aspects of economy that need immediate attention. Fiscal consolidation, controlling of inflation and at the same time revival of growth and to harness the demographic dividend. It should be understood that fiscal consolidation alone can control or lower inflation and current account deficit. There are areas beyond the control of the finance minister such as reduction in interest rate and easing of monetary controls. These two aspects fall under the ambit of Reserve Banks of India. Considering the above facts the finance minister could not have gone for any drastic reduction either in the indirect taxes or in the direct taxes.

Keeping in view the tight fiscal conditions the finance minister resorted to increase in indirect tax rates. Tax on SUVs and luxury cars and motorbikes is set to increase. Needles to say tax on excise duty of tobacco and tobacco products . To increase the tax revenues mobile phone costing above Rs 2000/- will attract additional excise duty. Air conditioned restaurants have been brought under the service tax. Along with these revisions in indirect taxes the budget imposes 10 per cent cess on super rich having an income of Rs 1 Crore or more. Now tax deduction at source is applicable on sale of property worth Rs 50 lakh or more. Keeping in view of the AamAadmi image of the government intact people earning upto Rs 5 Lakhs a year would get Rs 2000/- in tax credit. First time home buyers taking loans upto Rs 25 Lakhs is expected to get tax rebate on interest payment of additional Rs 1 Lakh. Along with the above tax reforms gold has become more expensive due to additional customs duty imposed on import of gold.

On expenditure side the budget is expected to revive the economic growth. Huge allocation of fund is made for the rural and semi-urban sectors. The allocation for the weaker sections and minorities has increased. As usual a lion share of the budget is set apart for defence. For MNREGA there is a substantial increase

to Rs 33,000 Crores. The finance minister has judiciously allocated Rs 10,000 Crores for Food security program. The SarvSikshaAbhiyan also received a further fillip with enhanced allocation of funds.

Shri Chidambaram made promises to the three faces that represent the majority of the people of India - the women, the youth and the poor. For empowering the women and to keep them safe and secure- Nirbhaya Fund - with the Government contributing Rs. 1000 Crore will be started.The allocation shows the concern of the government to provide better social security to the women of this country. India's first women's bank is proposed to be set up with Rs. 1,000 Crores initial capital. The setting up of a new bank exclusively for women by women is expected to provide a much needed financial support to budding women entrepreneurs in the country. However, taking the braches to nook and corner of the nation will be the real challenge. This step is surely going to empower women of India.

Budget proposes Rs. 1,000 Crore scheme for training youth to boost their employability and productivity. India has a huge youth population on the one hand and there is a gap between the supply and demand for the skilled manpower. Construction industry, service industry, trade and commerce require manpower which is suited to them. The 1000 Crore scheme is useful in providing training to the youth of this country.

For the benefit of the poor, the Minister assured that Direct Benefit Transfer (DBT) schemes will be rolled out throughout the country during the term of the UPA Government. DBT is universally acclaimed as the most effective and corrupt free vehicle of transferring government subsidies to the beneficiaries. It is expected that DBT will be a revolutionary step in eradicating poverty in India. Moreover DBT is cost effective and provides maximum benefit to the poor. The economists believe that subsidy in cash is any day is betterthan subsidy in kind. A number of countries in the world have successfully implemented DBT and the incidence of poverty has been reduced considerably.

A boost to the infrastructure and industrial sector may trigger growth in production.A number of steps to mobilize investment have been announced in the Budget keeping in view that as per 12th Plan the private sector will share 47 per cent of Rs 55,00,000 Crore investment in infrastructure. Infrastructure Debt Funds (IDF) will be encouraged. India Infrastructure Finance Corporation (IIFCL) will offer credit enhancement to infrastructure companies that wish to access the bond market to tap long term funds. Some institutions will be allowed to issue tax - free bonds up a total sum of Rs 50,000 Crore (as against Rs 25,000 Crore in 2012-13).

The agricultural credit for farmers is pegged at 7 lakhs Crores.The outlays for MHRD, agriculture and social welfare have seen substantial increase. It can be said that allocation of funds for social overheads have increased inspite of the fiscal constraints. Given the fiscal constraints and economic slowdown the report card on the budget is positive. With regards to fiscal discipline the budget is above average. However, whether the government will be able to bring down the deficit below 5 per cent is a question mark. The target growth rate of 6.7 per cent in the current fiscal looks rather steep. Due to increase in the government spending and with the generous incentives for capital formation the growth rate is achievable. One area of great concern could be the rate of inflation which is hovering around 7 per cent. The country is faced with the predicament of inflation vs. economic growth. If we try to control inflation the growth rate suffers and if we take steps to increase the growth rate by cutting interest rate and increase expenditure it fuels inflation. The budget tries to fight the symptoms plaguing the Indian economy. However, the budget falls short of common man's expectations. The budget tries to maintain status quo. Given the constraints, economic environment, global scenario the general budget gets 8 out of 10 in all parameters.

(1 Principal,CVM's ILSASS,Vallabh Vidyanagar
2.Faculty,CVM's SEMCOM,Vallabh Vidyanagar)

## જેલ સુધારણા અભિયાન

**કે. એમ. મકવાણા**

**(ચારુતર વિદ્યામંડળ સંચાલિત બી. એન્ડ બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી દ્વારા લાજપોર મધ્યસ્થ જેલ, સુરતમાં જેલ સુધારણા અભિયાન હેઠલ વ્યવસાયલક્ષી તાલીમ વર્ગોનો થયેલો પ્રારંભ)**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બી.બી.આઈ.ટી.ની સ્થાપના ૧લી ઓગસ્ટ ૧૯૫૮ના રોજ થઈ હતી. બી.બી.આઈ.ટી ડિપ્લોમા એન્જિનિયરિંગના વિવિધ અભ્યાસક્રમો ચલાવે છે. સંસ્થા દ્વારા ૧૯૭૮થી સી.ડી.ટી.પી. સ્કીમ હેઠળ ટૂંકા ગાળાના વિવિધ વ્યવસાયલક્ષી તાલીમ કાર્યક્રમો પણ ચલાવવામાં આવે છે. સી.ડી.ટી.પી. સ્કીમનો મુખ્ય હેતુ ઉચ્ચ અભ્યાસથી વંચિત યુવક-યુવતીઓને વ્યવસાયલક્ષી તાલીમ આપી રોજગારી આપવાનો છે. સામાન્ય રીતે આ વ્યવસાયલક્ષી તાલીમનો સમયગાળો ૩ માસથી ૧ વર્ષ સુધીનો હોય છે. આ તાલીમ માટે તાલીમાર્થીઓ પાસેથી કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. આ તાલીમ અલ્પશિક્ષિત ગ્રામ્યજનોને કેન્દ્રમાં રાખીને યોજવામાં આવતી હોય કોઈ વયમર્યાદા રાખવામાં આવતી નથી.

આ તાલીમનો અભ્યાસક્રમ પણ તાલીમાર્થીઓની જરૂરિયાત મુજબ બનાવવામાં આવે છે અને તેમની જરૂરિયાત મુજબ તેમની જગ્યાએ જઈ, તેમની અનુકૂળતા પ્રમાણે સમય ગોઠવીને તાલીમ આપવામાં આવે છે.

બી.બી.આઈ.ટી. દ્વારા આ સ્કીમ થકી ગ્રામીણ ક્ષેત્રમાં આશરે ૧૭,૦૦૦થી પણ વધુ તાલીમાર્થીઓને તાલીમ આપેલી છે અને તેના થકી તેઓ રોજગારી પણ મેળવે છે.

ભારતની અંદર ૬૩% લોકો દસમાં ધોરણ પહેલાં ભણવાનું છોડી દે છે અને તેમને ભવિષ્યમાં આગળ ભણવા માટે કોઈ વ્યવસ્થા આપણા દેશમાં ઉપલબ્ધ નથી. આ લોકો અલ્પશિક્ષિત હોવાથી તેઓને રોજગારી માટે જરૂરી તકો ઓછી હોવાને કારણે તેઓ ગુનાખોરી તરફ વળે છે, સજા પણ પામે છે. સજા પૂરી કર્યા પછી ફરીથી તેઓ એ જ પરિસ્થિતિમાં મૂકાતાં ફરીથી ગુનાખોરી તરફ પાછા વળે છે અને જેલની ચાર દીવાલોની વચ્ચે તેમને સમાજમાં પુનઃસ્થાપિત થવાની ચિંતા પણ કોરી ખાય છે. આ સમસ્યાને હલ કરવાના નમ્ર પ્રયાસના ભાગરૂપે બી.બી.આઈ.ટી. દ્વારા જેલ સુધારણા અભિયાન સી.ડી.ટી.પી. સ્કીમ મારફતે ચાલુ કરવામાં આવેલી છે.

જેના મુખ્ય હેતુ નીચે મુજબ છેઃ

- જેલમાં રહેલા બંદીવાનને જેલની અંદર કૌશલ્યવર્ધક વ્યવસાયલક્ષી તાલીમ આપવી.
- જેલમાંથી મુક્ત થયા પછી તાલીમ પામેલા બંદીવાનને વ્યવસાય માટે જરૂરી સહાય વિવિધ યોજનાઓ થકી મળી રહે તેના માટે માર્ગદર્શન આપવું.
- તાલીમાર્થી બંદીવાનો મુક્ત થયા પછી વ્યવસાયમાં જોડાય તેની કાળવી રાખવી.

આમ, આ સ્કીમ થકી બી.બી.આઈ.ટી.એ 'જેલ સુધારણા અભિયાન', ૨જી ઓક્ટોબર, ૨૦૧૧ને ગાંધી જયંતી નિમિત્તે, બીલોદરા જેલ, નડીઆદ મુકામે ૧૦મી એપ્રિલ ૨૦૧૨ના રોજ વડોદરા મધ્યસ્થ જેલ, વડોદરામાં અને ૨૭મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ લાજપોર મધ્યસ્થ જેલ, સુરતમાં બંદીવાન ભાઈઓ-બહેનો માટે વિવિધ વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવી. જેલમાંથી મુક્ત થયા પછી રોજગાર મેળવી શકે તેવા ઉદ્દેશ સાથે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ડૉ. સી.એલ. પટેલની પ્રેરણાથી ત્રણેય જેલોમાં અદ્યતન કૉમ્પ્યુટર સેન્ટરની સ્થાપના કરેલી છે.

સુરત જિલ્લા મુકામેની લાજપોર મધ્યસ્થ જેલમાં તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ 'જેલ સુધારણા અભિયાન' કાર્યક્રમનો ઉદ્‌ઘાટન સમારોહ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શિક્ષણ મહર્ષિ ડૉ. સી. એલ. પટેલના પ્રમુખ સ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે જેલના કેદીઓની ખાસ માંગણી હતી કે આ કાર્યક્રમ અમારા કલ્યાણ

માટેનો છે, જેના કારણે આ કાર્યક્રમોનું સમગ્ર સંચાલન અમે જ કરીશું.




આ પ્રસંગે સ્વાગત પ્રવચનમાં જેલમાં રહેલા બંદીવાન ભાઈઓએ જણાવ્યું હતું કે જેલની અંદર કોઈનું સ્વાગત કરવું તે એક દુઃખદ ઘટના છે કારણ કે જેલમાં કોઈ આવે અને આપણે તેને 'વેલકમ' કહેવું તેનાથી ખરાબ કોઈ જ વાત નથી. જેલની અંદર ગમે તેટલી આઝાદી હોય પરંતુ દરેક લોકોને ચાર દીવાલની બહાર પોતાની જિંદગી જીવવાની ઈચ્છા હોય છે. તેમણે જણાવ્યું હતું કે જેલમાં હું સ્વાગત નહીં પણ ડૉ. સી.એલ. પટેલ સાહેબે જેલના બંદીવાન ભાઈઓ અને બહેનો માટે જે અભિગમ અપનાવ્યો છે તે અભિગમનું સ્વાગત કરું છું. પટેલ સાહેબના આ અભિગમના કારણે જ જેલના બંદીવાન ભાઈઓ-બહેનોને કૉમ્પ્યુટરનું જ્ઞાન મળશે. જેના કારણે તેઓ ચાર દીવાલની બહાર નીકળી પોતાની રોજગારી સારી રીતે મેળવી શકશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે ડૉ. સી.એલ. પટેલ સાહેબનો આ અભિગમ સમાજના શ્રેષ્ઠીઓ માટે ઉદાહરણરૂપ બને તેમ છે. જો તેઓ પણ સમાજ માટે કંઈ કરી છૂટવાની પ્રેરણા મેળવે તો આ સમાજ ગુનાહિત પ્રવૃત્તિથી દૂર થઈ શકે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે હું સારું લગાડવા નથી કહેતો પરંતુ મને ડૉ. સી.એલ. પટેલના ચહેરામાં વિનોબાજીના દર્શન થાય છે. જેઓએ સમાજમાં વંચિત લોકોને ભૂદાન ચળવળ હેઠળ રોજગારી માટે કાર્ય કર્યું હતું.

ઉદ્ઘાટન પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી, શિક્ષણ મહર્ષિ ડૉ. સી.એલ. પટેલે સમારંભના પ્રમુખ સ્થાનેથી રજૂ કરેલા મુખ્ય પ્રવચનાંશો.

- તમારી કોઈ એક એવી અંધકારમય પળ હશે કે જ્યારે તમે તમારા જીવનના સારા દિવસો છોડીને અહીંયાં બંદીવાન બનવાનું થયું હશે. ખાસ કરીને એ પળ એવી હશે કે જે પળના અનુસંધાનમાં તમારું સારું જીવન ચૂંથી નાખ્યું હશે. પરંતુ જે બંધારણે આપણને સૌને રક્ષણ આપ્યું છે એ રીતે ભલે દેશનો નાગરિક ગમે તે હોય, બંદીવાન હોય, કાર્યકર હોય કે કોઈ સેવામાં જોડાયેલો હોય બધાને સરખો હક્ક છે. અને એ રીતે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું કે આજે આપ સૌ સામે બેઠા છો તે બધા જ વહેલી તકે આ બંદીવાન દુનિયા છોડીને તમારા પોતાના કુટુંબ સાથે આનંદથી જીવી શકો તેવું વહેલી તકે બને.
- આપ સૌ ગમે તે ધર્મના કે જાતિના હોવ પણ સવારમાં દરરોજ પ્રાર્થના કરજો કે "ભલા ભગવાન! જે એક પળ અમારા માટે ખરાબ હતી તે પળના અનુસંધાનમાં અમારું જીવન ચૂંથાઈ ગયું હોય ત્યારે અમારા કુટુંબ સાથે ફરીને આનંદમય જીવન જીવી શકીએ અને આ દેશના સારા નાગરિક તરીકે પોતાનું જીવન જીવી શકીએ."
- સરદાર સાહેબે ૧૯૪૨માં વિચાર કર્યો કે આઝાદી આપણે લગભગ મેળવવાની તૈયારીમાં છીએ ત્યારે દેશનું સુકાન સંભાળવાને માટે જે નાગરિકો આપણે તૈયાર કરવાના હોઈ એ નાગરિકો માટે ઉચ્ચ શિક્ષણની સુવિધા આપણે ઊભી કરવી જોઈએ. અને એ રીતે વલ્લભ વિદ્યાનગરમાં ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબ જુદી જુદી સંસ્થાઓના સ્થાપન અને વિદ્યાધામના વિકાસ માટે આવ્યા. ત્યાર પછી ડૉ. એચ.એમ. પટેલ આવ્યા. અને આજે અમે આવ્યા છીએ. અમારી સંસ્થા એક સેવાભાવી સંસ્થા છે. મુશ્કેલ પરિસ્થિતિમાં આપ સૌ જ્યારે બંદીવાન બન્યા છો ત્યારે બંદીવાનમાંથી સારા નાગરિક થઈ શકો એના માટે શું કરીએ કે જેથી આ દેશને એવા

સારા નાગરિકો ફરી પ્રાપ્ત થાય, એટલે આપ સૌને માટે અમે આવ્યા છીએ તે કોઈ ઉપકાર લઈને નથી આવ્યા.

– આશા રીખીએ કે આપણા સૌને સહિયારા પ્રયાસથી આપ સૌ સારા નાગરિક બની શકો એવી બળ-બુદ્ધિ અને શક્તિ ભગવાન આપ સૌને આપે અને વહેલી તકે અહીંયાંથી મુક્ત થઈ સારું જીવન તમે તમારા કુટુંબ સાથે આનંદમય જીવી શકો. આશા રાખીએ કે અમારો આ પ્રયાસ આપ સૌને ઉપયોગી સાબિત થાય.

– અમે જેલમાં બંદીવાનો માટે ઉપકાર કરવા નથી આવ્યા પરંતુ અમે અમારી ફરજના ભાગરૂપે અહીં તમને તાલીમ આપી સમાજમાં પુનઃસ્થાપન મળે તે માટે પ્રયાસ કરવા આવ્યા છીએ.

– દરેક ક્ષેત્રે કૉમ્પ્યુટરનો ઉપયોગ શહેરોમાં અને ગામડાંમાં વધેલો છે. કોમ્પ્યુટરમાં રોજગારીની તકો વધેલી હોય કૉમ્પ્યુટરની તાલીમ શરૂ કરેલી છે, જેનું જ્ઞાન તમને અને ગામને ઉપયોગી સાબિત થશે.

– બી.બી.આઈ.ટી. ગામડે ગામડે ફરીને ગ્રામીણ ક્ષેત્રોના વિકાસના કાર્યો કરે છે તે પ્રશંસનીય છે.

– આજે વીસ કૉમ્પ્યુટર તાલીમ માટે આપેલાં છે. ભવિષ્યમાં વધારે કૉમ્પ્યુટર જોઈએ તો પણ ચારુતર વિદ્યામંડળ તરફથી મળશે. અને જેલમાં અન્ય સહાય જોઈએ તો પણ અમે પૂરી પાડીશું.

– આ તાલીમ શરૂ કરવા જેલ અધિક્ષકશ્રીએ જે પ્રયત્નો કરેલા છે તે પ્રસંશયનીય છે.

– વિવિધ વ્યવસાયલક્ષી તાલીમ માટે રાજ્ય સરકારની મંજૂરી હોય, જેલ ઓથોરિટી અને સરકાર દ્વારા વખતો-વખત સહકાર મળી રહે તેવી આશા રાખીએ છીએ.

– ભવિષ્યમાં પ્લમ્બીંગ, ઈલેક્ટ્રિશ્યન જેવા વ્યવસાયલક્ષી તાલીમ કોર્સ શરૂ કરવાનું સૂચન કર્યું હતું.

(સી.ડી.ટી.પી., બી.બી.આઈ.ટી, વલ્લભ વિદ્યાનગર)

*// આસ્વાદ //*

## અહીંથી અલવિદા...

**રાજેન્દ્ર ઉપાધ્યાય**

*લ્યો આવજો ત્યારે,*
*અહીંથી અલ્વિદા....*
*તમારા સાથની સીમા અહીં પૂરી થતી.*
*જુઓ, આ શ્વાસ પણ અટકી ગયા છે ફૂલના–*
*તમારી હૂંફને ડગલુંય આગળ માંડવાની છે મના!*
*જરા પાછું વળી જોયું–*
*તમારી વ્હેલને છેડે લટકતો ડોલતો દીવો*
*'ના, ના,' કહેતો'તો*
*છેલ્લી પળોને દાબતી ભીની હથેલીના સમો!*
*નિસ્પંદ આ સીમાન્ત વૃક્ષે*
*કાળ પાંખો બીડીને થીજી ગયો,*
*એકાંતને અંગે લપેટી સર્પ-શો અંધાર પણ*
*અહીં ગૂંછળું થઈને કશો થીજી ગયો!*
*શિશુની આંખના ડૂમા સમો આ પથ...*
*વિસામાની હવે કોઈ રહી ના ખેવના*
*તમારી હૂંફને ડગલુંય આગળ માંડવાની છે મના*
*– જુઓ, આ શ્વાસ પણ અટકી ગયા છે ફૂલના!*

('પૂર્વા'માંથી) **– રમેશ જાની**
(જીવનકાળ ઈ.સ. ૧૯૨૫થી ઈ.સ. ૧૯૮૭)

– સિસોદ્રા (જિલ્લા ભરૂચ)ના અધ્યાપનક્ષેત્રે પ્રવૃત્ત કવિ રમેશ જાની એમ.એ., પીએચ.ડી. હતા. 'ઝંખના' (૧૯૫૧) અને 'પૂર્વા' (૧૯૮૩) એ બે કાવ્યસંગ્રહોમાં તેમણે કેટલાંક હૃદયંગમ અને સ્મરણીય ગીત-કાવ્યો આપ્યાં છે. 'પૂર્વા' સંગ્રહમાંનું ઉપરનું કાવ્ય મિલન પછીના વિરહ-વિયોગના પ્રસંગને અને ભાવને આલેખે છે. જીવનમાં મિલન-મેળાપનો એક સમયાવધિ હોય છે, તેને એક સીમા-મર્યાદા-હદ હોય છે. તે સીમા-અવધિ પૂર્ણ થતાં પ્રસંગ ગમે તે હોય – છૂટા પડવાનો,

કન્યા વિદાયનો કે જીવન અને જગતને આખરી સલામ કરી ચિર વિદાય લેવાનો – આખરી અલ્વિદાનો – પણ તે તબક્કો અટલ અને અવશ્યંભાવિ છે. જન્મેલા દરેકે કોઈ એક કાળે તો સમગ્ર સંસારને, દુન્યવી સૃષ્ટિને 'લ્યો આવજો ત્યારે, અહીંથી અલ્વિદા' કહેવું જ પડે છે. જીવનભરનો સાથ હોય તો પણ તે એક ચોક્કસ સમય-સીમા અને નિશ્ચિત કાળ-મર્યાદા સુધીનો જ હોય છે. બધા ય દુન્યવી સંબંધો અને સાંસારિક સંબંધો એક નિશ્ચિત હદ સુધીના હોય છે. સાથની સીમા ક્યાંક અને ક્યારેક પૂરી થતી જ હોય છે. સ્વજનો કે આપ્તજનો - આત્મીયજનોની હૂંફ-ઉષ્મા પણ અમુક તબક્કા કે ડગલાં સુધીની જ હોય છે. માણસ જીવનમાં, વિધાતાએ તેના નસીબમાં – કે ભાગ્યમાં લખ્યા હોય તેટલા જ શ્વાસ લઈ શકે છે. જીવનની સમય-મર્યાદા નિયત કરવાનું માણસના હાથમાં નથી.

'અલવિદા' એટલે છેલ્લી વિદાય. રમજાન મહિનાના છેલ્લા શુક્રવારને અલવિદા નામે ઓળખવામાં આવે છે. અંગ્રેજીમાં આપણે googbye for ever છેલ્લા પ્રણામ કહીએ છીએ. સ્વજનોને - સંબંધીઓને અને જગતને આખરી રામ રામ કહેવાનો પ્રસંગ દરેક જીવના જીવનમાં આવે છે અને આવવાનો છે. જે ઊગે છે તે આથમે છે, જે ખીલે છે તે કરમાય છે તેમ જે જન્મ્યું છે તે જાય છે અને જવાનું જ છે. નામ તેનો નાશ અને આરંભ તેનો અંત – એ અમસ્તું કહેવાયું નથી.

મિલન અને વિરહ, મેળાપ અને વિદાય સૃષ્ટિનો ક્રમ છે. જે ભાગ્યયોગે કે વિધિસંજોગે ભેગું આવી મળે છે તે ક્યારેક તો વિખૂટું પડે છે અને પડવાનું જ છે. કોઈ કોઈને જતું રોકી કે અકકાવી શકતું નથી. આ કાવ્યનો વિષય જ મિલન અને વિરહનો છે.

મિલન પછી વિખૂટા પડતી વખતે સ્વજનો – આપ્તજનો વગેરે 'જા મા જા મા' કહી રોકવા લાખ પોકાર – બાપોકાર કરે પણ એક કવિએ કહ્યું છે તેમ 'જાવાનું તેથી કંઈ નવ હર્ષ શોક'ની સ્થિતિ સર્જાવી જોઈએ પણ વાસ્તવમાં એમ થતું નથી. સંગાથ કે સંગ-સોબત અમુક સમય પુરતો જ હોય પછી તો દરેકે પોતપોતાને માર્ગે પળવું પડે છે. સંસ્કૃતમાં એક સુભાષિત છેઃ

यथा काष्टं च काष्टं च समेयातां महोद्द्धौ ।
समेयत्य व्यपेयातां तद्भूत समागमः ॥

સમુદ્રમાં, બે ભિન્ન ભિન્ન દિશામાંથી કર્મસંજોગે આવી મળતાં અને વિખૂટા પડી જતાં બે લાકડાં જેવો જ સંસાર છે અને સંસારનો વ્યવહાર છે.

છૂટા પડતી વખતે ક્યારેક બાળકમન જીદે ભરાતું હોય છે અને 'તમને નહિ જવા દઉં' કહીને ગતિ અને દિશાને અવરોધવા પ્રયત્ન કરતું હોય છે પણ તે પ્રયાસ બાલિશ પુરવાર થાય છે. જનારને કોઈ રોકી કે અટકાવી શકતું નથી અરે, એવો પ્રયાસ કરનારે પણ એક દિવસ તો બધું છોડીને કાયમ માટે જવાનું છે. 'તમારી હૂંફને ડગલુંય આગળ માંડવાની છે મના' – એવી મનાઈ ફરમાવવાનું માણસના હાથમાં ક્યાં છે? પછી ભલે, 'જુઓ, આ શ્વાસ પણ અટકી ગયા છે ફૂલના'ની સ્થિતિ કેમ ન હોય?! છૂટા પડતાં પહેલાં જ્યાં લાંબો સમય રહ્યાં તે સ્થળને વળી વળી પાછા ફરીને જોવાનું મનુષ્યના સ્વભાવમાં છે અને તે વૃત્તિ સહજ પણ છે. અહીં, 'જરા પાછું વળી જોયું' – તો શું જોયું? રાતના અંધકારમાં વહેલ (ડમણિયા)ને છેડે લટકતો ડોલતો દીવો પણ 'ના' 'ના' કહેતો કળાય છે. વિખૂટા પડતી વખતે હાથમાં હાથ લઈ સ્નેહભીની હથેળી દબાવી ઉષ્મા પામવાની વૃત્તિ સહજ છે. આ વિખૂટા પડતી વખતની છેલ્લી પળોનો આધાર કે મનોવ્યાપાર છે. માનવ-મન સર્વત્ર એકસરખું જ છે.

છેલ્લી પળો માત્ર મરણ પહેલાંની અંતિમ પળો જ હોય એવું નથી. એ ક્ષણો કે પળો મિલનની અંતિમ પળો હોઈ શકે અથવા વિરહના પ્રારંભ પહેલાંની પળો પણ હોઈ શકે. અહીં, સીમા-અવધિને અંતે ઊભેલું વૃક્ષ પણ નિસ્પંદ છે તે જાણે કે સ્પંદન કે સંવેદન ગુમાવી બેસે છે. 'કાળ પાંખો ભીડીને થીજી ગયો' એવી સ્થિતિ જાણે સર્જાય છે. વિદાયની સ્તબ્ધતા ને ખામોશી સર્વત્ર વ્યાપ્ત છે. અંધકારણ પણ ગૂંચળું વળી જાય તે. કવિના શબ્દોમાં કદીએ તો – 'એકાન્તને અંગે લપેટી સ્પર્શનો અંધાર પણ અહીં ગૂંચળું થઈને થીજી ગયો' એકાન્તનેય ભીની હથેળીનો સ્પર્શ થયો હશે?

પંથ-રસ્તો પણ સૂમસામ છે – શિશુની આંખના ડુમા સમો! ક્યાંય વિસામો કે આરામ નથી. એટલું જ

નહિ પણ હવે તો – 'વિસામાની હવે કોઈ રહી ના ખેવના! અહીં' કવિએ પ્રયોજેલું 'શિશુની આંખના ડુમા સમો આ પંથ'નું કલ્પન ઉલ્લેખનીય છે.

'શ્વાસ પણ અટકી ગયા છે ફૂલના', 'વહેલને છેડે લટકતો ડોલતો દીવો' – 'છેલ્લી પળોને દાબતી ભીની હથેળીના સમો', 'એકાન્તને લપેટી ગૂંચળું થઈને થીજી ગયેલો સ્પર્શનો અંધાર', 'શિશુની આંખના ડૂમા સમો પંથ', 'કાળ પાંખો બીડીને થીજી ગયો' વગેરે કલ્પનો રમ્ય અને ગમ્ય છે.

'તમારી હૂંફને ડગલુંય આગળ માંડવાની છે મના!' જાણે કાળની વાણી છે, કાળની ચેતવણી છે ફૂલના પણ શ્વાસ અટકી જાય એવી ચિરવિદાયની સ્થિતિ હરેક વ્યક્તિના જીવનમાં નિશ્ચિત આવવાની જ છે, તે પળ અવશ્યંભાવિ છે जातस्य हि ध्रुवो मृत्युः । સૃષ્ટિનો સનાતમ ક્રમ છે. એ જ નિયતિનું વિધાન છે અને વિધિનું નિર્માણ પણ છે.

'લ્યો આવજો ત્યારે, અહીંથી અલવિદા' કહેવા કે સાંભળવામાંથી કોણ બાકાત છે?

આ કાવ્ય વાંચતાં કવિ 'સ્નેહરશ્મિ'ના એક કાવ્યની કેટલીક પંક્તિઓ સ્મરણે ચડે છેઃ

*'મુઝ વિદાય સમયે કો'આ મને પાછળથી બોલાવે*
*કો' ફરી ફરી બોલાવે, મને કોણ ફરી બોલાવે*
*'રે જા મા, જા મા' એવાં ઘર ઘરનાં સૌ નેવાં*
*છલ છલ થાતાં હીબકાં લેતાં વચનો કેમ સુણાવે*
*મને કોણ કહો બોલાવે, કો' ફરી ફરી બોલાવે.'*

વિદાય લેનારની મનોસ્થિતિનું આ વિશદ અને વેધક ચિત્ર છે. મિલન અને વિરહ માત્ર શાશ્વતીનો ખેલ જ નથી, તેથી વિશેષ ઘણું બધું છે અને તેની ભીતરમાં કેટકેટલું ભંડારાઈને પડેલું છે! કવિ રમેશ જાનીના આ કાવ્યમાં લાગણીની સચ્ચાઈ છે. સુંદર ભાવકલ્પનો – ભાવપ્રતીકો કાવ્યને હૃદયંગમ ને હૃદ્ય બનાવે છે.

(૧, શિવકમલ એપાર્ટમેન્ટ્સ, સેન્ટ્રલ એક્સાઈઝ ભવન સામે, પાંજરાપોળ પાસે, આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫)

*// નવપ્રકાશન //*

## મારો ઊભરાતો આત્મવિશ્વાસ

**જુવાનસિંહ જાડેજા**




એક મોટી રાતે ખબર મળ્યા કે છોટાઉદેપુર પોલીસસ્ટેશનમાં ગાર્ડ તરીકે ફરજ બજાવતા પોલીસ કૉન્સ્ટેબલ કરીમખાન બલોચને પોલીસસ્ટેશન ઑફિસર શ્રી મણિભાઈ સાથે બોલાચાલી થતાં શ્રી બલોચે પોતાની થ્રી નોટ થ્રી (૩૦૩) બંદૂકમાંથી ફાયરિંગ કરીને મણિભાઈને મારી નાંખેલ છે અને તે કારતૂસ તેમજ રાઈફલ લઈને નાસી છૂટેલ છે. હું પોલીસસ્ટેશન ગયો ત્યાં ડીવાય.એસ.પી. સાહેબ પણ હતા. પંજાબી અને પૂરા હટ્ટાકટ્ટા મરનારની લાશ પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધેલ. એવું પણ જાણ્યું કે પી.એસ.આઈ. સાહેબ પણ આરોપીને શોધવા નીકળી પડ્યા છે. આ પો.કો. બલોચને હું સારી રીતે ઓળખું. ઊંચો, પાતળો, વાંકડી મૂછો અને ઉપરથી ઠરેલ એવો જુવાનિયો. પોલીસલાઈનમાં કુટુંબ સાથે રહેતો. અમે પહેલાં પોલીસલાઈનમાં ગયા. તપાસ કરતાં આરોપી ત્યાં આવેલો હોવાનું જણાયું નહીં. અમે પોલીસસ્ટેશન પર પાછા આવ્યા. આરોપી નાસીને કઈ બાજુ જઈ શકે તે અંગે ચર્ચા થઈ. અમારા ડીવાય.એસ.પી. સાહેબને થયું કે આ બલોચ વહેલી સવારે નીકળતી કોઈ ટ્રેનમાં ભાગી છૂટે તો એમ કરીને એમણે અમને રેલ્વે સ્ટેશન તરફ જવાનું સૂચન કર્યું. મેં સાહેબને કહ્યું કે એ સ્ટેશને નહીં જાય. ત્યાં ઘણા માણસો હોય. તે યુનિફોર્મમાં છે, તેની પાસે બંદૂક છે. તેથી એ રોડ પરથી પસાર થતી કોક ટ્રકમાં ચડી બેસે એવી શક્યતા છે. તેથી આપણે રોડ પર જ તપાસ કરીએ.

બધાએ મારી વાત એકીઅવાજે માની. અમારી પાસે ડીવાય.એસ.પી. સાહેબની જીપ હતી. સામાન્ય રીતે સાહેબ બહારની બાજુએ બેસે અને મારે એમની અને ડ્રાઈવરની વચ્ચે બેસવાનું હોય. પણ આ વખતે સાહેબ મારા પહેલાં જ જીપમાં ચઢી બેઠા, ડ્રાઈવરની

બાજુમાં. હું બહારની બાજુએ બેઠો. અમે વડોદરા તરફ જતા હાઈ-વે તરફ જઈ રહ્યા હતા. બહારના ભાગે જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી હું બધે નજર દોડાવતો હતો. વડોદરા જતાં વચ્ચે મુખ્ય રસ્તાને છોટાઉદેપુરના રાજમહેલ સાથે જોડતો એક રસ્તો પડે છે. તે રસ્તાની બન્ને બાજુએ ઘટાદાર ઝાડની હાર છે. અચાનક મને લાગ્યું કે કોક રાજમહેલ રોડ ક્રોસ કરીને ઝડપથી સામેના ખેતર તરફ ગયું. મેં જીપ એ બાજુ લેવડાવી. થોડે આગળ જતાં જ અમે આરોપીને હાથમાં બંદૂક સાથે જતો જોયો. અમે જીપમાંથી ઊતર્યા. મેં મારી સાથેના બધાને ત્યાં જ રોકાઈ જવા કહ્યું. હું એકલો જ હાથમાં ખુલ્લી રિવોલ્વર સાથે આગળ વધ્યો અને એને એના નામ કરીમખાનથી બૂમ પાડીને ઊભા રહી જવા કહ્યું. તે વખતે મને મારામાં જ એટલો બધો આત્મવિશ્વાસ ઊભરાતો જણાયો કે આ માણસ મારા પર ફાયરિંગ ચોક્કસ નહીં કરે. મેં તેની નજીક જઈને તેના હાથમાંથી બંદૂક લેવા હાથ લંબાવ્યો અને એણે મારા હાથમાં બંદૂક સોંપતાં કહ્યું, 'साब, संभालना सेफ्टी केप ओन है' (બંદૂકની ચાંપ ખુલ્લી છે) પછી મેં એને સમજાવ્યો. 'જે થયું તે થઈ ગયું. આમ ભાગી ના જવાય.' મારી સાથે આવેલા બધા ખુશ થઈ ગયા. અમે એને પોલીસસ્ટેશન લઈ ગયા. મેં કહ્યું, 'ભલે એ આરોપી છે પણ એ પોલીસખાતાનો છે, એનું સ્વમાન સાચવો. એને હાથકડી ના પહેરાવશો.' પછી કાયદેસરની વિધિ પૂરી કરીને ચાર્જશીટ મોકલાવી દીધું.

બીજી બાજુ આરોપીને પકડ્યો તે પહેલાં થોડા કલાકોમાં તે પોલીસ્ટેશનના પી.એસ.આઈ. સાહેબ – જે આરોપીને પકડવા નીકળી પડેલા – તેમનો નદીકિનારે ભેટો થઈ ગયો. પાછળથી જાણ્યું કે આ સાહેબ તપાસમાં નહોતા નીકળ્યા પણ ગભરાઈને નીકળી ગયેલા. કારણ કે પેલો બલોચ એના પી.એસ. આઈ. સાહેબને થ્રી નોટ થ્રી બતાવીને નીકળી ગયેલો. એટલે સાહેબને બીક પેઠેલી કે પેલો એમને ભડાકે દઈ દેશે તો!

બીજા દિવસે અમારા ડી.એસ.પી. સાહેબ, છોટાઉદેપુર આવ્યા. બધી જ તપાસ કરીને ગયા. મને ખૂબ શાબાશી આપી, ફક્ત શબ્દોમાં જ. ત્યાર બાદ અમારા ડીવાય.એસ.પી. સાહેબે – જે તપાસમાં અમારી સાથે જ હતા – થોડા દિવસ પછી મને કહ્યું કે તેમણે ગુનાનો ક્રાઈમમેમો લખીને મોકલાવ્યો છે. તેમાં બનાવની બધી જ વિગત લખેલી છે. જે વાંચીને અમારા ત્યારના ડી.આઈ.જી. સાહેબે અમારા ડીવાય. એસ.પી. સાહેબને ખુલાસામાં પૂછેલું કે, 'આ સી.પી. આઈ. એકલાએ જ લોડ કરેલી બંદૂક સાથે આગળ વધીને આરોપીને પકડી લીધો તો શું કોઈને (મને) મૅડલ અપાવવા માટે તમે ક્રાઈમમેમોમાં આવું બતાવો છો?' મારા આ ડીવાય.એસ.પી. સાહેબે મને આ વાત કરેલી ત્યારે મને બહુ દુઃખ થયેલું. એવી જીવસટોસટની બાજી ખેલાતી હોય ત્યાં મૅડલની થોડી પડી હોય? પણ મેં તે મારા ક્ષત્રિયપણાનો પુરાવો આપ્યો હતો. મારી પ્રકૃતિએ મારી પાસે આ જોખમ ખેડાવ્યું હતું.

હા, પણ આ ડીવાય.એસ.પી. સાહેબ અને મોટા ડી.આઈ.જી. સાહેબની વચ્ચેની પોસ્ટવાળા મારા પેલા ડી.એસ.પી. સાહેબે તે વખતે મારો સાચો અને સારો રિપોર્ટ આપ્યો હોત તો કદાચ આગળ જતાં મને કોઈ ઍવોર્ડ મળ્યો હોત. આ ડી.એસ.પી. સાહેબ કે જેમની સાથે મારે સારા સંબંધો હતા. જ્યારે ડી.આઈ.જી. સાહેબે મારા સિનિયર ડીવાય.એસ.પી. સાહેબને મારા માટે આવો ટોણો મારતો શેરો માર્યો ત્યારે જ વચ્ચેવાળા પેલા ડી.એસ.પી. સાહેબે કેમ મારા સાચા કારનામાની એમનાયે સિનિયર સાહેબને જાણ ના કરી? એના કરતાં જીપમાં મારા કરતાં પહેલાં ચઢીને અંદરની બાજુએ બેસી ગયેલા મારા ડીવાય.એસ.પી. સાહેબ સારા કે જેમણે ત્યાં જે બન્યું હતું, તેની મને બિરદાવતી સાચી વિગત પોતાના ક્રાઈમમેમોમાં જણાવી તો ખરી! મેં રિવૉર્ડ માટે ક્યારેય કોઈ ફોર્મ ભરેલાં નહીં પણ તે દિવસથી નક્કી કર્યું કે મારે ભવિષ્યમાં રિવૉર્ડ માટે કોઈ જાતનાં ફોર્મ ભરવાં નહીં. રિવૉર્ડ મળવા હોય તો એની મેળે મળશે પણ મારા જુનિયર અધિકારીઓનાં આવાં સફળ કારનામાંની વિગતો મેં મારા ઉપરી અધિકારીઓ સુધી ઉત્સાહથી પહોંચાડી છે, કારણ કે યોગ્ય વ્યક્તિને શાબાશી તો મળવી જોઈએ જ. પણ એ માટેય માણસમાં વેતા (ક્ષમતા) હોવા જરૂરી છે.

મારા માટે આ આખાય કેસનું ભલે ખૂની તોયે ઉમદા પાત્ર એટલે આરોપી કે જેની સાથે એક સી. પી.આઈ. તરીકે મારે ક્યારેય કોઈ સંબંધ હતો નહીં. છતાંય જેને મારી પડી છે, જેને મારા માટે માન છે, જેને મારા માટે ભાવ છે. પોતાની બંદૂક સોંપતાં એ મને કહે છે, 'साब, संभालना सेफ्टी केप ओन है'.

(હૈયું, કટારી ને હાથ, જુવાનસિંહ જાડેજા,
સંકલનઃ અરુણા જાડેજા, સ્વાતિ પ્રકાશન,
૧૦, બિરવા રો-હાઉસ, બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮)

## બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ ગ્રંથો

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાઓ શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

વેદોત્તર કાળમાં રચાયેલા વૈદિક સાહિત્યમાં બ્રાહ્મણ ગ્રંથોનું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. મંત્ર અને યજ્ઞ માટે વપરાતા બ્રહ્મ શબ્દમાંથી બ્રાહ્મણ નામકરણ થયું છે, પરંતુ વેદોની જેમ બ્રાહ્મણ ગ્રંથો ઈશ્વરકૃત કે અપૌરુષેય ગણાતા નથી. જે ગ્રંથ વૈદિક મંત્રોની વ્યાખ્યા કરે, તેના અર્થ સ્પષ્ટ કરે અને યજ્ઞની વિધિ તથા અનુષ્ઠાનને પ્રસ્તુત કરે તે બ્રાહ્મણ[૧] કહેવાયા. જોકે એકલિંગ નામના વિદ્વાનના મતે યજ્ઞીય કર્મોના મુખ્ય સંચાલક બ્રાહ્મણ હતા તેથી આ ગ્રંથો બ્રાહ્મણ તરીકે ઓળખાયા[૨]. જેમાં વેદમંત્રો પ્રયુક્ત કરાયા હોય તેવા કર્મકાંડોનું વિશદ વર્ણન બ્રાહ્મણ ગ્રંથોમાં કરાયું છે. એક વાક્યમાં એમ કહી શકાય કે યજ્ઞના વિષયોનું પ્રતિપાદન કરતા ગ્રંથ એટલે બ્રાહ્મણ![૩]

બ્રાહ્મણ સાહિત્યમાં ૧૪ જેટલા ગ્રંથોનો સમાવેશ થાય છે. વૈદિક શાખા અનુસાર તેની યાદી[૪] આ પ્રમાણે છેઃ ઋગ્વેદીય શાખામાં ઐતરેય બ્રાહ્મણ અને શાંખાયન કે કૌષીતકિ બ્રાહ્મણનો સમાવેશ થાય છે. શુક્લ યજુર્વેદીય શાખામાં માધ્યન્દિન શતપથ બ્રાહ્મણ અને કૃષ્ણ યજુર્વેદીય શાખામાં તૈતિરીય બ્રાહ્મણની ગણના થાય છે. સામવેદીય શાખામાં તાણ્ડ્ય કે પંચવિંશ, ષડવિંશ, સામવિધાન, આર્ષેય, દૈવત કે દેવતાધ્યાય, સંહિતોપનિષદ, વંશ, જૈમિનીય, ઉપનિષદ અને ગોપથ બ્રાહ્મણ મુખ્ય છે.

આ ગ્રંથોના રચનાકાળ વિશે વિદ્વાનોમાં મતમતાંતર છે. ડૉ. મેકડોનેલ જેવા પાશ્ચાત્ય વિદ્વાન બ્રાહ્મણ ગ્રંથોનો રચનાકાળ ઈ.પૂ. ૮૦૦થી ઈ.પૂ. ૫૦૦ની[૫] વચ્ચે માને છે. મેક્સમૂલરના મતે ઈ.પૂ. ૮૦૦, બી. વી. કામેશ્વર ઐયરના મતે ઈ.પૂ. ૨૩૦૦થી ઈ.પૂ. ૨૦૦૦ અને પ્રબોધચન્દ્ર સેનગુપ્તે ઈ.પૂ. ૩૧૦૨થી ઈ.પૂ. ૨૦૦૦ના સમયને બ્રાહ્મણ ગ્રંથોના રચનાકાળ તરીકે સ્વીકાર્યો છે.[૬]

બ્રાહ્મણ ગ્રંથોની રચના થયા બાદ આરણ્યકો ઉદ્ભવ્યા. ડૉ. કપિલદેવ દ્વિવેદીએ 'વૈદિક સાહિત્ય એવં સંસ્કૃતિ'માં નોંધ્યું છે કે, 'આરણ્યક ગ્રંથોનો ઉદભવ નૈસર્ગિક પ્રક્રિયાને અનુરૂપ બ્રાહ્મણ ગ્રંથો પછી થયો છે. આરણ્યક શબ્દનો અર્થ છે અરણ્યમાં થતું અધ્યયન. આરણ્યકમાં અધ્યાપન, મનન, ચિંતન, શાસ્ત્રીય ચર્ચા અને અધ્યાત્મક વિવેચનનો સમાવેશ થાય છે. આ વિષયોના સંકલનાત્મક ગ્રંથને આરણ્યક કહે છે. આચાર્ય સાયણે તૈતિરીય આરણ્યકના ભાષ્યમાં કહ્યું છે કે અરણ્યમાં તેનું પઠન-પાઠન થવાથી તેને આરણ્યક કહે છે. તેમાં આત્મવિદ્યા, તત્ત્વચિંતન અને રહસ્યાત્મક વિષયોનું વર્ણન છે તેથી આરણ્યકોને રહસ્ય પણ કહે છે.'[૭]

આરણ્યકો આ પ્રકારના સંદેશનો પ્રચાર કરતા હતાઃ વ્યક્તિએ પોતાનું સંપૂર્ણ જીવન ગૃહસ્થાશ્રમમાં ન વીતાવવું જોઈએ. તેના પૌત્ર થઈ જાય અને વાળ સફેદ થવા માંડે ત્યારે સંસાર ત્યાગીને અરણ્યમાં જતાં રહેવું જોઈએ. અરણ્યમાં નિવાસ કરતી વેળાએ અધ્યાત્મ ચિંતનમાં પોતાનો સમય વીતાવવો જોઈએ.[૮]

ઉપલબ્ધ મુખ્ય આરણ્યક ગ્રંથો[૯] આ મુજબ છેઃ ઋગ્વેદીય શાખામાં ઐતરેય આરણ્યક અને શાંખાયન આરણ્યક, કૃષ્ણ યજુર્વેદીય શાખામાં તૈતિરીય આરણ્યક, શુક્લ યજુર્વેદીય શાખામાં બૃહદારણ્યક અને માધ્યન્દિન

આરણ્યક તથા સામવેદીય શાખામાં તલવકાર આરણ્યક કે જૈમિનીયોપનિષદ આરણ્યક... મોટા ભાગના આરણ્યક ગ્રંથ સંબંધિત બ્રાહ્મણ ગ્રંથોના અંતિમ ભાગ છે. તેથી બ્રાહ્મણ ગ્રંથોના રચયિતા[૧૦] પણ માનવામાં આવે છે.

આરણ્યક ગ્રંથો પછી ઉપનિષદો રચાયા. ઉપનિષદનો અર્થ છેઃ તત્ત્વજ્ઞાન માટે ગુરુ પાસે સવિનય બેસવું. વેદોના અંતિમ ભાગ હોવાના કારણે તથા સારભૂત સિદ્ધાંતોના પ્રતિપાદક હોવાના કારણે ઉપનિષદ જ વેદાંતના નામથી વિખ્યાત છે. ઉપનિષદોને એ આધ્યાત્મિક સરોવર માનવામાં આવે છે જ્યાંથી જ્ઞાનની વિભિન્ન સરિતાઓ નીકળીને માનવમાત્રના કલ્યાણ માટે પ્રવાહિત થાય છે. ઉપનિષદ જ્ઞાનયજ્ઞનું પ્રતિપાદન કરે છે. બ્રહ્મની પ્રતિષ્ઠા કરે છે. બ્રહ્મવિષયક હોવાના કારણે ઉપનિષદોને બ્રહ્મવિદ્યા પણ કહે છે. બ્રાહ્મણ બ્રાહ્મ કર્મકાંડનું શિક્ષણ આપે છે, જ્યારે ઉપનિષદ આંતરિક જ્ઞાન પર ભાર મૂકે છે. કઈ ફળપ્રાપ્તિ માટે કયું વેદોક્ત કર્મ કરવું જોઈએ એ બાબતનો ઉપદેશ આપે છે. ઉપનિષદમાં મોક્ષપ્રાપ્તિનો ઉપાય પણ દર્શાવવામાં આવ્યો છે.[૧૧]

મુખ્ય ઉપનિષદો[૧૨] આ પ્રકારે છેઃ ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુણ્ડકોપનિષદ, માણ્ડૂક્ય, તૈતિરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક, શ્વેતાશ્વતર, કૌષિતકી, મૈત્રાયણી, મહાનારાયણ, વાષ્કલમંત્રોપનિષદ, છાગલેયોપનિષદ, આર્ષેયોપનિષદ અને શૌનકોપનિષદ.

ઉપનિષદોના રચનાકાળ અંગે સંશોધકોમાં મતભેદ પ્રવર્તે છે. આ સંદર્ભમાં જિતેન્દ્ર દેસાઈએ 'વૈદિક સાહિત્યનો ઇતિહાસ'માં નોંધ્યું છે કે, 'બૌદ્ધ ધર્મના ઉદય પહેલા ઉપનિષદોની રચનાનું કાર્ય પૂર્ણ થયું હોવાની સંભાવના છે. એટલે કહી શકાય કે ઉપનિષદો ઈ.પૂ. ૬૦૦ પહેલા રચાયા. પ્રા. એ.બી. કીથ પ્રાચીન ઉપનિષદોનો રચનાકાળ ઈ.પૂ. ૫૦૦ પહેલાનો ગણે છે. ડૉ. રાધાકૃષ્ણન ઈ.પૂ. ૮૦૦થી ઈ.પૂ. ૩૦૦ વચ્ચે ઉપનિષદો રચાયાનું માને છે.'[૧૩] લોકમાન્ય ટિળકે મૈત્રાયણીય ઉપનિષદનો રચનાકાળ ઈ.પૂ. ૧૯૫૦ માન્યો. એ મુજબ ઉપનિષદ કાળનો પ્રારંભ ઈ.પૂ. ૨૫૦૦ માનવો જોઈએ એવું ડૉ. દ્વિવેદીએ નોંધ્યું છે. પ્રા. રાનડેએ ઉપનિષદોના રચનાકાળ માટે ઈ.પૂ. બારમી સદી અને છઠ્ઠી શતાબ્દી એમ બે સીમા[૧૪] નિર્ધારિત કરી છે.

સંશોધકોની મતભિન્નતા છતાં એક બાબતમાં તો સહુ સંમત થશે જ કે, વૈદિક સાહિત્યમાં આ ગ્રંથો અનોખું અને ઐતિહાસિક સ્થાન ધરાવે છે!

**સંદર્ભઃ**


૧. પ્રાચીન ભારતમેં ધાર્મિક સહિષ્ણુતા, રાકેશ શર્મા, પૃ. ૪૯

૨. શતપથ બ્રાહ્મણ - એક સાંસ્કૃતિક અધ્યયન, શ્રીમતી ઉર્મિલાદેવી શર્મા, પૃ. ૨

૩. પ્રાચીન ભારતમેં ધાર્મિક સહિષ્ણુતા, પૃ. ૪૯

૪. ઋગ્વેદીય બ્રાહ્મણોં કા સાંસ્કૃતિક અધ્યયન, ડૉ. બલવીર આચાર્ય, પૃ. ૭

૫. વૈદિક સાહિત્ય એવં સંસ્કૃતિ, ડૉ. કપિલદેવ દ્વિવેદી, પૃ. ૧૩૩

૬. ઋગ્વેદીય બ્રાહ્મણોંકા સાંસ્કૃતિક અધ્યયન, પૃ. ૭

૭. વૈદિક સાહિત્ય એવં સંસ્કૃતિ, પૃ. ૧૫૬

૮. પ્રાચીન ભારતમેં ધાર્મિક સહિષ્ણુતા, પૃ. ૫૧

૯. એજન, પૃ. ૫૨

૧૦. વૈદિક સાહિત્ય એવં સંસ્કૃતિ, પૃ. ૧૬૦

૧૧. પ્રાચીન ભારતમેં ધાર્મિક સહિષ્ણુતા, પૃ. ૫૩

૧૨. એજન, પૃ. ૫૪

૧૩. વૈદિક સાહિત્યનો ઇતિહાસ, જિતેન્દ્ર દેસાઈ, પૃ. ૭૦

૧૪. વૈદિક સાહિત્ય એવં સંસ્કૃતિ, પૃ. ૧૬૯


(ક્રમશઃ)


(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,
જિ. આણંદ. મો.: ૯૮૯૮૦૭૦૨૦૫)

## વલ્લભ વિદ્યાનગર દિવસ

ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપકો પૂજ્ય ભાઈકાકા અને પૂજ્ય ભીખાભાઈ સાહેબે ૩ માર્ચ ૧૯૪૬ના રોજ જે વેરાન ભૂમિ પર વસવાટ શરૂ કરીને વલ્લભ વિદ્યાનગર જેવી બેનમૂન શિક્ષણનગરીને વિકસાવી એની સ્થાપનાના ૬૮મા દિવસે રવિવારે વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં ચારુતર વિદ્યામંડળના મુખ્યાલય સંકુલમાં આનંદોલ્લાસ વચ્ચે સ્થાપનાદિનની ઉજવણી કરવામાં આવી હતી. અધ્યક્ષસ્થાનેથી ચારુતર વિદ્યામંડળના વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે પૂર્વસૂરિઓ ભાઈકાકા, ભીખાભાઈ સાહેબ અને ડૉ. એચ. એમ. પટેલ સાહેબના ભવ્ય યોગદાનને અંજલિ અર્પતાં તેમણે આરંભેલા શિક્ષણયજ્ઞની જ્યોતને સૌ સાથીઓ, સભાસદો, દાતાશ્રીઓ અને શિક્ષકો-અધ્યાપકોના સાથસહકારથી પ્રજ્વલિત રાખી હોવાનું જણાવ્યું હતું. આવતાં વર્ષોમાં પણ સૌના સહકારથી આદ્યસ્થાપકોનાં સ્વપ્નોને સાકાર કરવાની દિશામાં આગળ વધવાનો સંકલ્પ એમણે જાહેર કર્યો હતો.

ચારુતર વિદ્યામંડળના પ્રમુખ અને એલિકોન એન્જિનિયરિંગ કંપની લિ.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રયાસ્વિનભાઈ બી. પટેલના મુખ્ય અતિથિપદે અને સીવીએમના ટ્રસ્ટી શ્રી હેમન્તભાઈ પટેલ તથા વલ્લભ વિદ્યાનગરના નવનિર્વાચિત પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ (બાબાભાઈ) પટેલ, સીવીએમના માનદમંત્રી પ્રિ. આર.પી. પટેલ અને માનદ કાર્યકારી મંત્રી પ્રિ. શનુભાઈ પટેલ તેમજ ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના મંત્રીશ્રી જિજ્ઞેશ પટેલના મંચસ્થપદે સમારંભ યોજાયો હતો. પ્રારંભમાં માનદ મંત્રી પ્રિ. રાવજીભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં સીવીએમના પ્રમુખ શ્રી પ્રયાસ્વિનભાઈ અને ટ્રસ્ટી શ્રી હેમન્તભાઈની હાજરી અંગે હરખ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સૂત્રસંચાલન માનદ કાર્યકારી મંત્રી પ્રિ. શનુભાઈએ કર્યું હતું અને અંતમાં તેમણે આભાર માન્યો હતો.

સમારંભમાં સીવીએમના માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ. પટેલ, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ડૉ. એસ.જી. પટેલ, શ્રી મયૂરભાઈ પટેલ તથા ચાર્લ્સ પટેલ, દાતાશ્રીઓ શ્રીમતી વાસંતીબેન ચંદુભાઈ પટેલ અને શ્રી શાંતિભાઈ એસ. પટેલ, વિઠ્ઠલ ઉદ્યોગનગરના પ્રમુખ શ્રી જગદીશભાઈ પટેલ, સીવીએમની કાઉન્સિલના સભ્યો, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વડાઓ, અધ્યાપકો, શિક્ષકો અને નગરજનો ઉપસ્થિત હતાં. સમારંભમાં વિવિધ શિક્ષણસંસ્થાઓમાંથી નિવૃત્ત થયેલા અધિકારી-કર્મચારીઓનું સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલને હસ્તે શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું. રાષ્ટ્રીય અને રાજ્યસ્તરે વિવિધ ઉપલબ્ધિઓ મેળવનાર અધ્યાપકો અને વિદ્યાર્થીઓને સીવીએમના પ્રમુખ શ્રી પ્રયાસ્વિનભાઈને હસ્તે સન્માન થયું હતું.

એ પછી અતિથિ વિશેષપદેથી સીવીએમના પ્રમુખ શ્રી પ્રયાસ્વિનભાઈ પટેલે કહ્યું કે શિક્ષણક્ષેત્રે દેશ-વિદેશમાં નવી નવી પદ્ધતિઓ વિકસી રહી હોય ત્યારે બદલાતી જતી દુનિયાની સાથે આપણે પણ બદલાતા જવું અને નવા પડકારોને પહોંચી વળવા સજ્જ રહેવું પડશે.

એલિકોનના સીએમડી અને સીવીએમના દાતા પરિવારના મોભી શ્રી પ્રયાસ્વિનભાઈએ વિમાનોની મરામત માટેના નિષ્ણાતો તૈયાર કરવા માટેના અભ્યાસક્રમો શરૂ કરવાનું સૂચન કર્યું હતું. વિદેશમાંથી આવા નિષ્ણાતોને તેડાવવાને બદલે ઘરઆંગણે આવી જરૂરિયાતોને પહોંચી વળવા પર ભાર મૂક્યો હતો.

તેમણે કહ્યું હતું કે નવી નવી ટેકનોલોજી વિકસતી જતી હોવાથી જે નવી નવી તકો ઊભી થાય છે એમને ઝડપી લેવા સજ્જ એવું શિક્ષણ આપીએ અને ચીલાચાલુ શિક્ષણને બદલે શિક્ષણ આપવાની નવી નવી અને વિકસતી જતી પદ્ધતિઓ આત્મસાત કરીએ.

ઉપરોક્ત સંદર્ભમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતું કે આપણા આદ્યસ્થાપકોએ આરંભેલા શિક્ષણયજ્ઞની સુવાસ વૈશ્વિકસ્તરે પ્રસરી છે. સમયાંતરે એકવીસમી સદીની માંગને પહોંચી વળવા માટે આપણે નવા નવા અભ્યાસક્રમો અને શિક્ષણસંસ્થાઓ શરૂ કરી રહ્યા છીએ. પ્રમુખશ્રીએ કરેલાં સૂચનને પણ તેમણે આવકાર આપ્યો હતો. જોકે જમીન મેળવવા માટે હવે મુશ્કેલીઓ પડતી હોવાનો વિશેષ ઉલ્લેખ કરીને ડૉ. પટેલે ઉમેર્યું હતું કે ડિફેન્સ ટેકનોલોજીની કૉલેજ શરૂ કરવા માટે ૧૫૦ કરોડ રૂપિયાની તો જમીન જોઈએ. રાજ્ય સરકારે રૂપિયા ૫૦૦ કરોડનાં એમઓયુ કર્યાનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું હતું કે જંત્રીના ભાવે ૨૨૫ એકર જમીન આપવાની શરત રાજ્ય સરકારે સ્વીકાર્યા પછી પણ આ દિશામાં યોગ્ય સહકાર નહીં મળતાં પ્રગતિ થઈ શકી નથી. લૉ એન્ડ જસ્ટિસની કૉલેજના દાતાના દાનને લઈને એ માટે

રૂપિયા ૭ કરોડમાં તેની જમીન મેળવવામાં આવી હોવાની માહિતી તેમણે આપી હતી. છેલ્લાં ૧૦ વર્ષમાં સીવીએમની નવી શિક્ષણસંસ્થાઓ પાછળ ૨૫૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે.

સમારંભ પૂર્વે સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલના નેતૃત્વમાં વલ્લભ વિદ્યાનગરસ્થિત સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પીને આદ્યસ્થાપકો પૂજ્ય ભાઈ કાકા અને પૂજ્ય ભીખાભાઈ સાહેબ તથા ડૉ. એચ.એમ. પટેલ સાહેબની પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી. સમારંભસ્થળે મહાનુભાવોએ દીપપ્રાગટ્ય કર્યું અને મુખ્ય અતિથિ પ્રયાસ્વિનભાઈને હસ્તે સીવીએમનો ધ્વજ ફરકાવાયો હતો.

## ફાઈન આર્ટ્સ સંકુલનો વાર્ષિકોત્સવ



ફાઈન આર્ટ્સ સંકુલમાં આવેલી ઈપ્કોવાલા – સંતરામ કૉલેજ ઓફ ફાઈન આર્ટ્સ નો ૪૯મો અને સીવીએમ કૉલેજ ઓફ ફાઈન આર્ટ્સનો પહેલો વાર્ષિકોત્સવ આજે ચારુતર વિદ્યામંડળના ચેરમેન શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલની અધ્યક્ષતામાં અને સુપ્રસિદ્ધ ચિત્રકાર અને માસ્ટર ઓફ ઈલેસ્ટ્રેશન શ્રી પ્રતાપ માંડેના અતિથિવિશેષ હેઠળ સંયુક્તપણે યોજાયો. કાર્યક્રમની મંગલમય શરૂઆત વિદ્યાર્થિનીઓના સુમધુર સ્વરે પ્રાર્થનાથી થઈ હતી. મહેમાનોનું સ્વાગત બાદ સીવીએમ કૉલેજ ઓફ ફાઈન આર્ટ્સના આચાર્ય શ્રી કનુ પટેલે પોતાની કૉલેજનો વાર્ષિક અહેવાલ આપ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે – "તેઓની સંસ્થામાં કેવળ શૈક્ષણિક રીતે જ નહિ પરંતુ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સધાય તેનો ખ્યાલ રાખીને કલા માધ્યમને જોડતી ઈતર પ્રવૃત્તિઓ જેવી કે, આંતર વિદ્યાકીય વ્યાખ્યાનમાળા, દસ્તાવેજી ફિલ્મો, પ્રકૃતિ અને ગ્રામ્ય જીવન સાથે જોડાવા આઉટડોર સ્કેચીંગ, શૈક્ષણિક પ્રવાસ, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ખ્યાત કલાકારોના વ્યાખ્યાનો, વર્કશોપ, પ્રદર્શનોનું આયોજન પરિસંવાદ જેવી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓની કલાસમજને વિક્સાવવાનો પ્રયત્ન કરીએ છીએ અને આ માટે અમારા અધ્યાપકો પણ દરેક પ્રવૃત્તિમાં સ્વયં સામેલ થઈ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારે છે." ઈપ્કોવાલા – સંતરામ કૉલેજ ઓફ ફાઈન આર્ટ્સનો વાર્ષિક અહેવાલ વાર્ષિકોત્સવના કન્વીનર શ્રી એચ.એન. ઉપાધ્યાયે વાંચી સંભળાવ્યો હતો. શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ના વર્ષ દરમ્યાન વિદ્યાર્થી અને અધ્યાપક દ્વારા કરેલા કાર્યોની વિગતે વાત કરી હતી અને અતિથિવિશેષ, અધ્યક્ષ તેમજ અન્ય મહાનુભાવોના હસ્તે સિદ્ધિ સર કરેલા વિદ્યાર્થીઓને ટ્રોફી-સર્ટિફિકેટથી સન્માન કર્યું હતું.

કાર્યક્રમના અતિથિવિશેષ શ્રી પ્રતાપ માંડેએ પોતાની કાવ્યાત્મક બાનીથી આ કલાસંકુલને 'ગુણવંત સ્કૂલ'નું બિરુદ આપતાં આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પામે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. વધુમાં તેઓએ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે – "ધ્યેય પ્રાપ્ત કરવા પાયાથી લઈને ટોચ સુધી પહોંચવા ધીરજ રાખવી જરૂરી છે. સાથે સાથે તે માટેનું મિશન તૈયાર કરવું જોઈએ." વધુમાં તેઓએ ખૂબ જ ગંભીર વાતની પણ નોંધ લીધી હતી કે – 'અસંતોષ એ કલાસર્જનનો શ્વાસ છે.' કલાસર્જનના સંતોષ પછી કલા અને કલાકાર બંને મરી જતા હોય છે. તેથી કલાની સર્જનયાત્રામાં અસંતોષ રહેવો જ જોઈએ કે જેથી કરીને સર્જનયાત્રા હંમેશાં ચાલુ જ રહે." અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે બંને કલાસંસ્થાના અહેવાલથી સંતોષ વ્યક્ત કર્યો હતો અને આશીર્વાદ આપ્યા હતા કે આટલી જ પ્રવૃત્તિઓ સાથે પ્રગતિ થતી રહે અને ચોતરફ કીર્તિ ફેલાય. દેશ-વિદેશના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે એવી આશા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સીવીએમના માનદ મંત્રીઓ પ્રિ. એસ.એમ. પટેલ, શ્રી વી.એમ. પટેલ, શ્રી એસ.જી. પટેલ તેમજ સેરલિપના નિયામક પ્રા. હરિ દેસાઈ ઉપરાંત ઈપ્કોવાલા – સંતરામ કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સના પૂર્વ આચાર્યો અને અધ્યાપકો, ડૉ. મણિલાલ હ. પટેલ, ડૉ. જયેન્દ્ર શેખડીવાળા, કવિ અશોકપુરી ગોસ્વામી, ચિત્રકાર વી.એલ. મેવાડા અને ગ્રાફિક્સ તેમજ ચિત્રકલાના ચાલતા વર્કશોપના ખ્યાતનામ કલાકારો ઉપસ્થિત રહી વાર્ષિકોત્સવને સજાવ્યો હતો. વાર્ષિકોત્સવના કાર્યક્રમનું સંચાલન ચિત્રકલા વિભાગના અધ્યાપકશ્રી પીયૂષ ઠક્કરે કર્યું હતું. જ્યારે કાર્યક્રમને વધુ સુંદર બનાવતું સમાપન શિલ્પ વિભાગના અધ્યાપક શ્રી કૃષ્ણ પડિયાની આભારવિધિથી થયું હતું.

## બી.જે. વાણિજ્ય મહાવિદ્યાલનો વાર્ષિકોત્સવ

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત શ્રી ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલયનો વાર્ષિકોત્સવ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શ્રી ડૉ. સી.એલ. પટેલની અધ્યક્ષતામાં અને કોર્પોરેટ મેનેજમેન્ટ કન્સલટન્ટ શ્રી હીરેન વકીલની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો.

કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. મહેમાનોનો પરિચય સંસ્થાના આચાર્યશ્રી ડૉ. રતીશ કક્કડે આપ્યો હતો અને સંસ્થાની એકેડેમિક પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો.

સંસ્થાની કલ્ચરલ એક્ટિવિટીનો રિપોર્ટ ડૉ. સંજય અજમેરીએ રજૂ કર્યો હતો. તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન ડૉ. સી.એલ. પટેલ, હીરેનભાઈ વકીલ (મુખ્ય અતિથિ), પ્રિ. આર.પી. પટેલ (માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ) અને પ્રિ. શનુભાઈ પટેલ (માનદ કાર્યકારી મંત્રી, ચારુતર વિદ્યામંડળ)ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. સંસ્થાના ભૂતપૂર્વ ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટર શ્રી સોમાભાઈ પ્રજાપતિના પુત્ર રણજી ટ્રોફીમાં પસંદગી પામતાં તેમનું વિશિષ્ટ સન્માન ચેરમેનશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

'બિઝનેસ બેટલ' સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર ટીમોનું ચેરમેનશ્રીના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના વર્તમાન વર્ષે નિવૃત્તિ વિદાય પામતા એકાઉન્ટન્સી વિભાગના એસોસિએટ પ્રોફેસર શ્રી નરપતલાલ સંઘવી અને સંસ્થાના સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા શ્રી દિલીપભાઈ પટેલનું ચેરમેનશ્રીના વરદ હસ્તે શાલ અને મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું અને તેમના નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

આ સમારંભના મુખ્ય અતિથિ શ્રી હીરેનભાઈ વકીલે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી હોવાના નાતે તેમને સંસ્થા સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા અને તેમને ભણાવનાર ભૂતપૂર્વ શિક્ષકોને યાદ કર્યા હતા. શ્રી વકીલે તેમના પ્રભાવક વક્તવ્યમાં વિદ્યાર્થીઓને જીવનમાં ધ્યેય, સંકલ્પ અને લગનીનું મહત્ત્વ દાખલા-દલીલો સાથે રસપ્રદ રીતે સમજાવ્યું હતું. ત્યાર બાદ સંસ્થાના સોવિનિયર 'સમૃદ્ધિ'નું વિમોચન કરવામાં આવ્યું હતું.

ચેરમેનશ્રીએ તેમના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં શિક્ષકોને ભણાવવાની અને વિદ્યાર્થીઓને ખંતથી ભણવાની શીખ આપી હતી. ચેરમેનશ્રીએ સંસ્થાની એકેડેમિક પ્રવૃત્તિઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો અને વધુ સારી રીતે કાર્ય કરવાની અને સમાજને ઉપયોગી થવાની શીખ આપી હતી. અંતમાં સમૂહમાં રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. રૂપલબેન પટેલ અને શ્રી આર.એમ. પટેલે કર્યું હતું.

## નલિની કૉલેજનો ૫૪મો વાર્ષિકોત્સવ



ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજનો ૫૪મો વાર્ષિકોત્સવ ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડૉ. સી.એલ. પટેલના અધ્યક્ષસ્થાને અને શિક્ષણ તથા અધ્યાત્મક્ષેત્રના મર્મી આચાર્ય ભાણદેવજીના અતિથિવિશેષ પદે તેમજ ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. આર.પી. પટેલ અને માનદ કાર્યકારી મંત્રી પ્રિ. એસ. એમ. પટેલની ઉપસ્થિતિમાં ઉજવાયો.

આરંભે સંસ્થાના કાર્યકારી આચાર્ય ડૉ. ઘનશ્યામસિંહ ગઢવીએ મહેમાનોનો પરિચય આપી સૌને ભાવપૂર્વક આવકાર્યા હતા તેમજ કૉલેજની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. એમ.ડી. મિશ્રાએ વર્ષ દરમિયાન મધ્યસ્થ સમિતિના ઉપક્રમે થયેલી પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો.

અતિથિ વક્તા આચાર્ય ભાણદેવજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ તો અખૂટ શક્તિઓના ભંડારસમા છે; તેમનામાં શક્તિ જગાડવાની જવાબદારી અધ્યાપકોની છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે દરેક માનવી નિત નિરાળો છે જેથી આપણે કોઈના જેવા ન બની શકીએ પણ આપણે આપણા જેવા બનવાની જરૂર છે. દરેક વ્યક્તિમાં પડેલું વિશિષ્ટ તત્ત્વ આવિષ્કાર પામે એવું કરવું જોઈએ. માનવીની મહત્ત્વાકાંક્ષા વિકાસ તરફની રહી છે તે અંગે વાત કરતાં કહ્યું હતું કે જેઓ વિકસે છે તેઓ જીવે છે. આપણે પણ ઉત્ક્રાંતિની પ્રક્રિયાનો ભાગ છીએ માટે આપણા જીવનમાં વિકાસનો ધર્મ અને મંત્ર ચરિતાર્થ કરવો જોઈએ.

વિદ્યાર્થીઓના જીવનઘડર અંગે વાત કરતાં કહ્યું હતું કે 'સુખ માનવીને સૂવાડી દે છે અને દુઃખ જગાડી દે છે.' દુઃખને તેમણે જીવન વિકાસનું સોપાન ગણાવ્યું હતું. જીવનમાં કોઈપણ પરિસ્થિતિમાં ભાંગી ન પડવું એ માનવીની મોટામાં મોટી વીરતા છે. સાંપ્રત સમયમાં વિરોધ-સંઘર્ષ જીવનનાં અભિન્ન અંગ બની ગયાં છે ત્યારે જીવનમાં સુખ-શાંતિ માટે અવિરોધનું તત્ત્વ અપનાવવું જોઈએ અને માનવસંબંધોની કળા અંકે કરી માનવ્યનો મહિમા પ્રસરાવવો જોઈએ એમ કહ્યું હતું. જીવનમાં યોગ અને અધ્યાત્મના સ્થાન વિશે વાત કરતાં જણાવ્યું હતું કે 'અધ્યાત્મ એટલે જીવનનો નકાર નથી પણ જીવનની સાર્થકતા છે. જીવનમાં યોગ અને અધ્યાત્મને સ્થાન આપવામાં આવશે તો જીવન મઘમઘી ઊઠશે.' એમ જણાવી વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી અને આદર્શ જીવન માટે શુભકામનાઓ અને આશીર્વાદ પાઠવ્યા હતા.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ડૉ. સી.એલ. પટેલે જણાવ્યું હતું કે અભ્યાસની સાથોસાથ વિદ્યાર્થીઓમાં નીતિમત્તાના ગુણો કેળવાય એ જરૂરી છે. એ માટે શિક્ષકોની ભૂમિકા મહત્ત્વની છે અને એ ભૂમિકા પ્રમાણે વિદ્યાર્થીઓને ઘડે તો રાષ્ટ્રનું ઘડતર થઈ શકે એવો સૂર વ્યક્ત કર્યો હતા અને આચાર્ય ભાણદેવજીની વિદ્યાર્થી ઘડતરની વાતને સમર્થન આપ્યું હતું. તેમણે કૉલેજના અધ્યાપકોની સિદ્ધિઓ અને તેજસ્વી વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિઓને બિરદાવીને શુભેચ્છાઓ પાઠવી હતી.

ડૉ. સી.એલ. પટેલ, આચાર્ય ભાણદેવજી, પ્રિ. આર.પી. પટેલ, પ્રિ. એસ.એમ. પટેલ અને ડૉ. જી.એન. ગઢવીએ તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષિક અને ટ્રોફી-મૅડલ એનાયત કરી આશીર્વાદ આપ્યા હતા.

આ સમારંભમાં ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી શ્રી. બી.પી. પટેલ, શ્રી વી.એમ. પટેલ, શ્રી મયૂરભાઈ પટેલ તેમજ શ્રીમતી વાસંતીબેન પટેલ, શ્રીમતી વિનોદિનીબેન પટેલ, સેરલિપના નિયામક પ્રો. હરિ દેસાઈ તથા વિવિધ સંસ્થાઓના આચાર્યશ્રીઓ તથા આમંત્રિત મહેમાનોમાં ડૉ. ફૂલસિંહજી ચૌહાણ, ડૉ. રમેશ ત્રિવેદી, પ્રિ. મનોજ પટેલ જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન ડૉ. સિલાસ પટેલિયા અને ડૉ. ગિરીશ ચૌધરીએ કર્યું હતું અને આભારદર્શન કૉલેજના મહામંત્રી શ્રી નિરંજન ચૌધરીએ કર્યું હતું.

## સેરલિપમાં દ્વિદિવસીય સંશોધન કાર્યશાળા

ચારુતર વિદ્યામંડળસંચાલિત સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વર્ક્સ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ(સેરલિપ)ખાતે ૧૬ અને ૧૭ ફેબ્રુઆરીના રોજ પીએચ.ડી. અને એમ.ફિલ. (ઈતિહાસ)ના વિદ્યાર્થીઓની સંશોધન કાર્યશાળા યોજાઈ હતી. કાર્યશાળામાં માર્ગદર્શક તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના આર્ટ્સ ફેકલ્ટીના ડીન અને સેરલિપના એમ.ફિલ. અને પીએચ.ડી.(ઈતિહાસ) ના માર્ગદર્શક ડૉ.લલિત એસ.પટેલ, ગોધરા આર્ટ્સ કોલેજના નિવૃત્ત આચાર્ય પ્રિ.બી.એન.ગાંધી, ભો.જે.વિદ્યાભવનના નિયામક અને સેરલિપના એમ.ફિલ. અને પીએચ.ડી. (ઈતિહાસ) ના માર્ગદર્શક ડૉ.રામજીભાઈ ટી.સાવલિયા તથા ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ.અરુણ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

સેરલિપઆયોજિત સંશોધન કાર્યશાળાની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન(યુજીસી)ના જોઈન્ટ સેક્રેટરી ડૉ.જી.શ્રીનિવાસે પણ શુભેચ્છા મુલાકાત લીધી હતી. કાર્યશાળા સેરલિપના નિયામક પ્રા.હરિ દેસાઈના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. સમગ્ર કાર્યશાળાનું સૂત્રસંચાલન સેરલિપના ઈતિહાસના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.વસંત પટેલ અને સમાજશાસ્ત્રનાં આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.પારુલટીના દોશીએ કર્યું હતું.

સંશોધન કાર્યશાળામાં એમ.ફિલ.(ઈતિહાસ)નાં વિદ્યાર્થીઓનાં ત્રણ જૂથ અને પીએચ.ડી.(ઈતિહાસ)નાં વિદ્યાર્થીઓનું એક જૂથ પાડવામાં આવ્યું હતું. દરેક જૂથમાં એક માર્ગદર્શક મૂકવામાં આવ્યા હતા. કાર્યશાળામાં વિદ્યાર્થીઓએ સંશોધનને લગતા વિવિધ પ્રશ્નો પૂછીને માર્ગદર્શકો પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યશાળામાં ત્રણ સામૂહિક સત્ર ગોઠવવામાં આવ્યાં હતાં. સત્રોમાં સંશોધન પદ્ધતિ તથા રિસર્ચ પ્રપોઝલ કેવી રીતે બનાવવી વગેરેની વિસ્તૃત છણાવટ માર્ગદર્શકોએ કરી હતી.

## Annual Day Celebrations at Waymade

Waymade College of Education, an institution managed by the Charutar Vidya Mandal, organized its ninth annual day on 27th March, 2013. Dr. C.L Patel, Chairman, Charutar Vidya Mandal, presided over the function. During his Presidential remarks, he stressed on the need to train the teachers. Teaching is a holy job. Thus, teachers need to earn the faith of students. Teachers should realize the important responsibility placed on their shoulders. He blessed the gathering of prospective teachers and conveyed good wishes.

The program began with an invocation. Dr. Sulabha Natraj, Principal, Waymade College of Education, delivered the welcome address. In her speech, she highlighted the healthy practices at the college, brought to notice a few achievements of the academic year and congratulated the teachers for the successful completion of various tasks and responsibilities.

Dr. Piyushbhai Joshi, a Veteran Professor of Department of English, was the Chief Guest of the function. He was overwhelmed with the ambience of the college. In his address he said, "As teachers we need to create role models for the students. I am worried about education today as there are too many experiments." He expressed his dissatisfaction over the use of the word 'facilitator' for teachers because it is the product of the west wherein there is a absence of respect for the state of affairs in the field of teachers. He quoted Duryodhana with a shlok -janami dharmam na cha me pravrutthih| which means, I know what is dharma (=righteousness), yet I cannot get myself to follow it!

While addressing the teachers-to-be, he said, "We need to focus on the need to bring about revolution in the society, which is the responsibility of a teacher. Teachers should take up the roles of leaders and not just be managers. Managers are good at supervising things and seeing to it that the routine is not disturbed but leaders who do the right things, face setbacks, accept challenges and translate visions of the institutions into a reality." Asserting that human beings are like icebergs, he suggested that we should get involved in discovering and knowing our own selves. Human beings are wonderful creatures only when they learn how to control passions and jealousies.

"I would like to give an example of the legacy of Tibetian Lahmas, who energize their chakras. The Lahmas are trained to activate their chakras and the Kundalini, which enables their bodies to tolerate the cold with bare bodies in -15 degree Celsius. We, as Indians have lost this legacy. We need to revive our culture and learning." He cited the example of Jews and stated how through all odds they have been successful in retaining their culture by reviving their ancient Hebrew language. Stating that we Indians fail to appreciate and retain our own culture, he quoted the renowned author Pavan Verma's opinion in one of his best sellers: Becoming Indian wherein he criticized Jawaharlal Nehru's address to the nation as the first Prime Minister of the country, in English. He emphasized the importance of our mother tongue. We, Indians, should know good English but it should not be at the cost of our mother tongue. English language is something that we have borrowed and anything which is borrowed cannot stay with us for long.

He said that it is generally seen nowadays that the old people today are more energetic and focused while the young minds are seen lost. Children are inquisitive and energetic. Teachers should provide such an environment to the learner which helps them in absorption of knowledge.

He also talked about his experience while teaching a story titled 'Thingadu' by Suresh joshi, which literally means 'a patch' in Gujarati. It relates to economic crisis. In this era of value crisis, he couldn't explain the concept of 'Thingadu' to his learners because today's generation wears patches on jeans is prone to stealing, scams just for limelight. What is needed today is the rejuvenation of conscience among the young people.

At last, he advised the teachers not to bluff and not feel ashamed of not knowing the answer. They need to be ready to find out the answer and quench the thirst of the students for knowledge. They might as well become co-learners.




ચારુતર વિદ્યામંડળસંચાલિત એનવીપાસ કોલેજના ૧૭મા વાર્ષિકોત્સવનો દીપપ્રાગટ્ય કરીને શુભારંભ કરાવતા સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલ અને મુખ્ય અતિથિ ઈસરોના વૈજ્ઞાનિક ડૉ.રાજેન્દ્રપ્રસાદ દુબે. મંચસ્થોમાં કોલેજના દાતા પરિવારના શ્રી મયૂરભાઈ પટેલ, સીવીએમના માનદ મંત્રી પ્રિ.આર.પી.પટેલ અને સહમંત્રી ડૉ.જે.ડી.પટેલ, આચાર્ય ડૉ.બાસુદેવ બક્ષી તથા મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ.હિમાંશુ ત્રિવેદી.




સીવીએમસંચાલિત વેમેડ કોલેજ ઓફ એજ્યુકેશનના વાર્ષિકોત્સવમાં અધ્યક્ષીય ઉદ્‌બોધન કરી રહેલા સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ડૉ.પીયૂષ જોષી, આચાર્ય ડૉ.સુલભા નટરાજ, મધ્યસ્થ સમિતિનાં ઉપપ્રમુખ ડૉ.શમસા ઈમેન્યુઅલ અને મહામંત્રી ફેમી ફ્રાન્સિસ દશ્યમાન છે.

V-Vidyanagar
P.O.Reg. No. AND/318/2012-14
Valid upto 31-12-2014
Date of Posting 25th of Every Month
Posted at Vallabh Vidyanagar

ISSN 0976 - 9809 V-Vidyanagar
RNI No.Guj/2009-11/5433
April 2013



Oil on Canvas

Kishor Narkhadiwala

Editors: Dr. Rajendrasinh Jadeja, Prof. Hari Desai
Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. R.P. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat